gujaratilexicon

સન્ડે ઈ-મહેફીલ

ઈ-બુક

ભાગ-૮



રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

VISIT…

LANZAROTE
Caliente.com

'સન્ડે ઈ–મહેફીલ'

ઈ–બુક

ભાગ–008

'સ.મ.' ક્રમાંક 176 થી 200

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરૂ થયેલી 'સુ–વાચનયાત્રા'–'સન્ડે ઈ–મહેફીલ'માં રજુ થયેલી સઘળી રચનાઓને, અગીયાર ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

Arnion Technologies Pvt Ltd
303-A, Aditya Arcade,
Opp. Choice Restaurant,
Near Swastik Cross Road
Navrangpura, Ahmedabad - 380 009
Phone No – 079 40049325

પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ 'સન્ડે ઈ–મહેફીલ' નામે 'વાચનયાત્રા' શરુ કરેલી. ત્યારે તો આ ગુજરાતી યુનીકોડ ફોન્ટ નહોતા. તેથી અમે 'કલાપી' અને પછીથી 'વીજયા' નનયુનીકોડ ફોન્ટ વાપરતા. પછીથી યુનીકોડ ફોન્ટ 'શ્રુતી' આવતાં જ અમે તે વાપરવા શરુ કર્યા. શરુઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ 'સ.મ.', આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : "તમારી આ 'સ.મ.', એ મારા ઘરનું 'અખંડ આનંદ' છે." આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

'સ.મ.'ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની '૧૫૫–એ'ની 'વીદાય–સલામ' નામક 'સ.મ'માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની 'કાવ્ય–ગઝલ'ની અત્યાર સુધીની બધી 'સ.મ.'ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને

તેવી બધી 'સ.મ.'નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ નવ વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. 'સ.મ.' પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી. છતાં પણ એક જ વાર, આવો દોષ ગણો તો દોષ, અમે કર્યો છે.

થયું એવું કે ૧૫૫ સપ્તાહ પછી અમે 'સ.મ.'ને બંધ કરવાનું નહીં; માત્ર વીરામ આપવાનું જાહેર કર્યું. (જુઓ, 'સ.મ.' ઈ–બુક ક્રમાંક – ૭માં, 'સ.મ.' 'વીદાય–સલામ' 155-1 : 18-05-2008). આ 'સ.મ.' વાચકોને પહોંચતાં જ અમારા પર પ્રતીભાવોની મુશળધાર વર્ષા થઈ.. ફરી શરુ કરવાના આગ્રહની ઝડી વરસી. તેમાંના એક સો જેટલા વાચકોના ઉદગાર યથાતથ અમે એક 'સ.મ.'માં પ્રકાશીત કર્યા હતા. (જુઓ, 'સ.મ.' ઈ–બુક ક્રમાંક – ૭માં, 'સ.મ.' 'We salute your 'FEELINGS' for 'SeM'' 155-2 : 13-07-2008). એણે અમને એવા ભાવવીભોર કર્યા કે અમારે માત્ર બે જ માસના વીરામ પછી 'સ.મ.' ફરી શરુ કરવી પડી જે હજી ચાલુ છે. અલબત્ત, હવે તે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું

શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી 'સ.મ.'માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટૅક્નૉલૉજીસમાંથી બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) નો ભક્તીભાવભર્યો સહકાર 'સ.મ.'ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો'કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી 'સ.મ.' મોકલવાનું શરુ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય! સૌનો સાથ લઈ બહેન શ્રુતી નીષ્ઠાપુર્વક આ બધું કરે. આ ઈ–બુક બનાવવાનુંય પછી તો શ્રુતીએ માથે લીધું. આપના સ્ક્રીન પર 'સ.મ.'ની જે બુક છે તેમાં અનેકોની સાથે બહેન શ્રુતીના હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ નીઃસ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને 'લેક્સીકોન' નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે..

આજનો સમય ઝડપથી 'ઈ–બુક' વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને

પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો 'ઈ–શબ્દસાગર' સમો 'ગુજરાતીલેક્સીકોન' (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે 'ઈ–બુક'ને આઈ–પૅડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટૅક્નૉલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) અને બહેન મૈત્રી

શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨૦૦૦ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધકો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં!

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

275 વાચનસામગ્રીના આવા અગીયાર ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

15th August 2013





અનુક્રમણીકા

‘સન્ડે ઈ–મહેફીલ’ – 08

ક્રમ	કૃતી	કર્તા	તારીખ	પાન
176	પ્રતીબીમ્બ (લઘુ કથાઓ)	તલકશી પરમાર	11-10- 2009	11
177	‘ખુશખબર’	મીરાં ભટ્ટ	25-10-2009	19
178	‘રતીદાદાનો લોકકોશ’	મધુ રાય	08-11-2009	27
179	નયનનાં મોતી (ગઝલ)	નયન દેસાઈ	22-11- 2009	32
180	પઝલનો માણસ (લઘુ કથાઓ)	પ્રતીભા ઠક્કર	06-12-2009	43
181	‘મારી ખીર શરુ કરાવી દે’	મહાવીર ત્યાગી	20-12-2009	53
182	કવીતાનો ‘ક’ (ગઝલ)	સુનીલ શાહ	03-01-2010	63
183	સાઈકલનો અવાજ (વાર્તા)	‘હરીશ્ચન્દ્ર’	17-01-2010	71
184	જીભ (હાસ્યનીબંધ)	જ્યોતીન્દ્ર દવે	31-01-2010	76
185	નગર તારા વગર (ગઝલ)	ડૉ. દીલીપ મોદી	14-02-2010	90
186	માઈકલ સાથે મૈત્રી	રસીક ઝવેરી	28-02-2010	99
187	અહો વૈચીત્ર્યમ્!	દીનેશ પાંચાલ	14-03-2010	107
188	ગઝલ–સંધ્યા (ગઝલ)	પ્રા. સંધ્યા ભટ્ટ	28-03-2010	118
189	શ્રુતી અને સ્મૃતી (વાર્તા)	ચન્દ્રકાન્ત બક્ષી	11-04-2010	126
190	‘વાચા’	જ્યોતી ઉનડકટ	25-04-2010	139

191	ચરર ચરર મારું ચકડોળ ચાલે! (વાર્તા)	'હરીશ્ચન્દ્ર'	09-05-2010	148
192	આભાસનાં રેખાચીત્રો (ગીતો)	રમણીક અગ્રાવત	23-05-2010	153
193	માની ઈચ્છા	ખલીલ ધનતેજવી	06-06-2010	163
194	નાસ્તીકની તપસ્યા (અંગત કેફીયત)	અનીલ શાહ	20-06-2010	173
195	સાઠે બુદ્ધી નાઠી	ડૉ. ગુણવંત શાહ	04-07-2010	185
196	વહાલ વાવી જોઈએ (ગઝલ)	ગૌરાંગ ઠાકર	18-07-2010	191
197	વર્ગખંડની બહારનું શીક્ષણ	જીતેન્દ્ર દેસાઈ	01-08-2010	203
198	જીવન્ત માનવી	ડૉ. મહેબુબ દેસાઈ	15-08-2010	210
199	સંડાસ (હાસ્યનીબંધ)	ડૉ. યોગેન્દ્ર વ્યાસ	29-08-2010	216
200	ગઝલનો ગુલદસ્તો (ગઝલ)	હેમાંગ જોશી	12-09-2010	225

વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના 'ક્રમાંક' પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે 'અનુક્રમણીકા' પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

176 : 11-10-2009

પ્રતીબીમ્બ

(લઘુકથાઓ)

–તલકશી પરમાર

અનુક્રમણીકા

૧. ભુકંપ

મરણપથારીએ સુતેલાં બાની સેવાચાકરીમાં અમરનાથ અને તેમનાં પત્ની રુપાંબહેન સતત હાજર રહેતાં.

અમરનાથે છાપામાં નજર ફેરવવી શરુ કરી. કોઈક જ્યોતીષીએ આજની તારીખમાં ભુકંપ થવાની આગાહી કરી હતી.

અમરનાથ આ સમાચાર રુપાંબહેનને વાંચી સંભળાવે તે પહેલાં તો મરણપથારીએ સુતેલાં બાએ પોતાનો દેહ છોડી દીધો. બન્નેએ બાના મોંમાં તુલસીપત્ર અને ગંગાજળ મુક્યાં.

બાના મરણના સમાચાર સગાં–સમ્બન્ધીઓને આપવા માટે રુપાંબહેને ફોનનું રીસીવર ઉપાડ્યું. અમરનાથે રુપાંબહેનને અટકાવ્યાં અને કહ્યું, ‘આજે ભુકંપની આગાહી છે.’

‘તો તો બાની અંતીમક્રીયા બને તેટલી વહેલી પતાવી દઈએ.’

'તને યાદ નથી? ગયા ભુકંપ વખતે બાપુજી આઠ વાગ્યે અવસાન પામ્યા હતા. નવ વાગ્યે ભુકંપ આવતાં આપણે લખપતી બની ગયાં હતાં!'

૨. ભાગ

બાપુજીના મરણ બાદ મોટા ભાઈએ પોતાના ત્રણ દીકરા અને નાના ભાઈને મોટા કર્યા. બા–બાપુજીની યાદ ક્યારેય મોટા ભાઈએ નાના ભાઈને આવવા દીધી નહોતી.

નાના ભાઈનાં લગ્ન થઈ જતાં મોટા ભાઈએ ગામના પાંચ આગેવાનોને ભેગા કર્યા અને કહ્યું, 'અમારી મીલકતના બે સરખા ભાગ કરી આપો.'

આગેવાનોએ બન્ને ભાઈઓને સરખે ભાગે સીમ–જમીન વહેંચી આપી. બે મકાન હતાં. એક મોટું હતું અને બીજું નાનું હતું. આગેવાનોને મુંઝવણ અનુભવતાં જોઈ મોટાએ કહ્યું, 'મેં આ બે ચીઠ્ઠીઓ બનાવી છે તે નાખો.'

નાનાએ કહ્યું, 'મેં પણ આ બે ચીઠ્ઠીઓ બનાવી છે તે નાખો.'

આગેવાનો હોશીયાર હતા. તેઓને આ વાત શંકાસ્પદ લાગતાં બન્નેની ચીઠ્ઠીઓ લઈ લીધી.

ખોલી, તો મોટા ભાઈની બન્ને ચીઠ્ઠીઓમાં નાના ભાઈનું નામ લખેલું હતું અને નાના ભાઈની બન્ને ચીઠ્ઠીઓમાં મોટા ભાઈનું નામ લખેલું હતું.

૩. કર્ણ

અમદાવાદથી સુરેન્દ્રનગર જતી બસ આવી ને સ્ટૅન્ડ પર ઉભી રહી. પૅસેન્જરો દોડ્યા. બસનું બારણું ખુલ્યું. બસમાં ચડનારા પૅસેન્જરોના ધક્કાથી એક માજી પડી ગયાં. એક યુવાને માજીને બેઠાં કર્યાં. તેમનો હાથ પકડીને માંડ માંડ ચડાવ્યાં. એક ભાઈને વીનન્તી કરીને માજીને બેસાડ્યાં. માજીએ રાહત અનુભવી. બસ ઉપડી. પેલા ઉભેલા યુવાન તરફ માજી તાકી રહ્યાં.

માજી વીચારે ચડ્યાં– ક્યાં આજકાલના છોકરા ને ક્યાં આ છોકરો! ધન્ય છે એનાં માબાપને કે જેમને આવા માનવતાના અવતાર સમો દીકરો સાંપડ્યો.

વીચારોની ઘટમાળમાં સુરેન્દ્રનગર આવી ગયું. યુવાને માજીનો હાથ પકડી બસમાંથી ઉતાર્યાં. રીક્શામાં સાથે બેસાડ્યાં. પણ માજીનું મન તો વીચારમાં જ હતું.

થોડી વારે રીક્શા અટકતાં પેલો યુવાન ઉતર્યો. માજીને નમન કરી ચાલતો થાય ત્યાં માજીએ પુછ્યું, 'બેટા તારું નામ શું?'

'કર્ણ.'

૪. કુતરો

જમવાનું પતાવીને મનીષભાઈ, એમનાં પત્ની નયનાબહેન અને બાળકો ટીવી જોવા ગોઠવાયાં.

રોજ બપોરે અને રાત્રે જમ્યા પછીનું વધ્યુંઘટ્યું કુતરાને નાખતાં હોવાથી તે સમય થતાં કુતરો દરવાજે આવી ઉભો રહ્યો. કુતરાને આવેલો જોતાં જ નયનાબહેન રસોડા તરફ ચાલતાં થયાં. એવામાં ફોનની ઘંટડી રણકતાં મનીષભાઈએ ફોન ઉપાડ્યો. રસોડાને દરવાજે થોભી નયનાબહેને પુછ્યું, 'કોનો ફોન હતો?'

'બાપુજી ઈન્ટરસીટીમાંથી ઉતર્યા છે. મારે તેમને લેવા સ્ટેશને જવાનું છે.'

નયનાબહેનના પગ રસોડાના ઉંબરમાંથી પાછા વળ્યા ને કુતરો પુંછડી પટપટાવતો ઉભો હતો.

૫. વળતર

સવારે મેલોઘેલો એક છોકરો ચાની કેબીને આવ્યો. પાણી પીવા કોઠીમાંથી પાણીનો લોટો ભરતાં બે–ત્રણ કપરકાબી તુટી ગયાં. શેઠ ગુસ્સે થઈને છોકરાને જેમતેમ બોલવા લાગ્યા.

આથી છોકરાએ કહ્યું, 'શેઠજી, તમારે ત્યાં સાંજ સુધી કપરકાબી ધોઈને, મારાથી ફુટેલાં કપરકાબીનું વળતર વાળી દઈશ.'

છોકરો કપરકાબી સાફ કરવા બેસી ગયો. બપોર ચડ્યા પણ છોકરો થાક્યો નહોતો.

લૉજમાંથી ટીફીન મંગાવીને શેઠ જમવા બેઠા. તેમની નજર કૅબીનમાં, પોતાના પુત્ર

રહીમના લટકાવેલા ફોટા પર પડી. ઘડીભર જોતા જ રહ્યા.

શેઠે પહેલો કોળીયો લીધો. અચાનક જ તેમનું ધ્યાન તાપમાં કપરકાબી સાફ કરતા છોકરા તરફ ગયું. તેઓ ઉઠ્યા. છોકરાની નજીક ગયા. હાથમાંનો કોળીયો છોકરાના મોંમાં મુકતાં પુછ્યું, 'બેટા, તારું નામ શું?'

'રહીમ.'

પોતાનું નામ બોલતાં છોકરાનો ચહેરો જરા મલક્યો. તે મલકતા ચહેરામાં શેઠને પોતાના મૃત પુત્ર રહીમનો ચહેરો દેખાયો.

૬. ભીની આંખ

સૌરભભાઈએ દુકાનની સંભાળ પોતાના પુત્ર અજયને સોંપી અને પોતે નીવૃત્ત જીવન ગાળવા લાગ્યા. ક્યારેક ક્યારેક વૃદ્ધાશ્રમમાં જઈને વૃદ્ધોને મળતા. વૃદ્ધોની આપવીતી સાંભળીને

તેમની આંખો ભીની થઈ જતી. છતાંયે તેઓ વૃદ્ધાશ્રમમાં જતા જ અને વૃદ્ધોને મળતા જ.

બાપુજીની માગણી મુજબ અજય તેમને રુપીયા આપ્યા કરતો. ધંધો સારો ચાલતો હોવાથી એવડી રકમની વધઘટ કોઈ ગણતરીમાં લેવાતી નહીં. છતાં એક દીવસ અજયને મનમાં વીચાર આવ્યોઃ બાપુજી અવારનવાર નાનીમોટી રકમ લઈ જાય છે. તેઓ તે રુપીયાની બચત કરતા હશે કે પછી...?

એક દીવસે બાપુજીએ કંઈક વધારે રુપીયાની માગણી કરી. અજયે કહ્યું, 'બાપુજી, રુપીયા તમારા જ છે. તમે જાતે જ લઈ લો ને!'

બાપુજી જરુરીયાત જેટલા રુપીયા લઈને વૃદ્ધાશ્રમમાં ગયા. પહોંચ આપતાં સંચાલકથી કહેવાઈ ગયું, 'તમારી મદદથી જ આ વૃદ્ધાશ્રમ ઉભો છે.'

પીતાની પાછળ આવેલા અજયની આંખ ભીની હતી.

–તલકશી પરમાર

લેખકના ત્રીજા લઘુકથા–સંગ્રહ 'પ્રતીબીમ્બ' (પ્રથમ આવૃત્તી – 2007, પૃષ્ઠ સંખ્યા – 64, કીંમત – રુપીયા 30, પ્રકાશક – તલકશી પરમાર, માધવનગર, જંકશન રોડ,

સુરેન્દ્રનગર– 363 001 મોબાઈલ– 987 948 3552)માંથી સાભાર...

સંપર્ક – તલકશી પરમાર, માધવનગર, જંકશન રોડ, સુરેન્દ્રનગર– 363 001 મોબાઈલ– 987 948 3552

સામ્પ્રત સમાજનું લઘુકથાઓમાં પ્રતીબીમ્બ

છેલ્લા પાંચેક દાયકાથી ગુજરાતી સાહીત્યમાં વીકસેલું નમણું–નાજુક કલાસ્વરુપ એટલે લઘુકથા. વર્તમાનની ક્ષણે લઘુ કથાના આ સ્વરુપે પોતાની આગવી – નોખી ઓળખ ઉભી કરી લીધી છે. લઘુકથાને યોગ્ય અપેક્ષીત વીશીષ્ટ ભાવપરીસ્થીતી, શબ્દને કરકસરથી પ્રયોજી તેની વ્યંજનાશક્તીનો ક્યાસ કાઢીને થયેલું ભાષાકર્મ, લઘુકથાના પ્રાણરુપ ‘લાઘવ’ની કલાત્મક અને માર્મીક જાળવણી – તેના સર્જક પાસે વધુ પ્રતીભાસભર સર્જકતા માગી લે છે. આમાંની એકાદ બાબતમાં પણ જો સર્જક ગોથું ખાઈ જાય તો લઘુકથા કથળી જાય એવું બને. આ દૃષ્ટીએ લઘુકથા અત્યન્ત સુક્ષ્મ. લપસણું અને પડકારરુપ સાહીત્યસ્વરુપ છે.

પ્રા. ગણપત સોઢા

સંપર્ક – 19/B – સોમેશ્વરતીર્થ સોસાયટી, કરણનગર રોડ,

કડી – 382 715 જી. મહેસાણા

ફોન – 94285 52339

(ગુજરાતી સાહીત્ય પરીષદ, અમદાવાદના મુખપત્ર ‘પરબ’ના ઑગસ્ટ, 2009ના અંકમાં, ‘પ્રતીબીમ્બ’ લઘુકથા સંગ્રહના પ્રા. ગણપત સોઢાના પ્રકાશીત વીસ્તૃત સમીક્ષાલેખમાંથી સાભાર.. પાન ક્રમાંક 80થી 83)

@

177 : 25-10-2009

ખુશખબર! શરીફાને મકાન મળ્યું!

– મીરાં ભટ્ટ

અનુક્રમણીકા

હજુ તો એ ઉગતી સવાર છે; પરન્તુ કોણ જાણે કેવાં ઘનઘોર અંધારાં એણે પીધાં છે કે સવારના શીતળ, મંદ–મંદ હવાના પ્રફુલ્લ વાતાવરણમાં પણ એના હૈયાના અંગારાના આગઝરતા તણખા એવા તો ફુટે છે કે આપણા હૈયાને પણ એની આંચ લાગી જાય છે. એનામાં બીજી ઘણી બધી વીશેષતાઓ, આવડતો છે; પરન્તુ સર્વોપરી ચીજ છે એની સચ્ચાઈ. એક સાચુકલી વ્યક્તી આપણા હૃદય પર કેવી રીતે છવાઈ જાય છે તેનું એ સાક્ષાત્ દૃષ્ટાંત છે.

નામ છે એનું શરીફા વીજળીવાળા. દેખાવે, બોલે–ચાલે, કપાળમાં મોટા ચાંદલા સાથે નખશીખ હીન્દુ જ લાગે; પરન્તુ એના આ નામને કારણે તો વર્ષો સુધી સુરત જેવા શહેરમાં એને ‘પોતાના’ મકાન વગર રહેવું પડ્યું! જાતજાતની દલીલો; પણ સુર એક જ, ‘તમારા વીસ્તારમાં જાઓ ને! અહીં અમારા ભેળા શું કામ?’ ગુનો આટલો જ કે નામ એનું ‘શરીફા.’

શરીફાનું વજુદ કહો તો વજુદ અને હાડ કહો તો હાડ– કેવળ માણસનું. એ નખશીખ માણસ; પણ ઉછરેલી હીન્દુ વાતાવરણમાં. એના જ શબ્દો છે – 'નાનપણ સૌરાષ્ટ્રના ખોબા જેવડા ગામડામાં વીતવાને કારણે મેં ધર્મને હંમેશાં ઉંબરાની અંદર રે'તો જોયેલો. નોરતાં, દીવાળી, હોળી મને કદી પણ પારકાં નહોતાં લાગ્યાં. ભણવા માટે વડોદરા આવી ત્યાં સુધી ગામ આખાની બહેનોને શ્રાવણ મહીનાની ચોથ–પાંચમ, સાતમની વાર્તાઓ લાંબા લહેકે સંભળાવવાનો મારો ઈજારો હતો. કોઈને પણ ત્યાં કથા હોય કે ભજન, રાંદલનો ઘોડો ખુંદવાનો હોય કે દેદો(ગોરમા વખતે રમતમાં કુટવું તે – સંપાદક) કુટવાનો હોય, અમારી બેઉ બહેનો વગર કોઈનો પાટલો નોં ખસતો... ગુરુકુળમાં ભણવાને કારણે ગાયત્રી, હનુમાનચાલીસા, મધુરાષ્ટક બધું જીભના ટેરવે. છાશવારે થતા હોમ–હવનોમાં નારીયેળ હોમતી વખતે –ખોટું નહીં બોલું કે કરું, પ્રામાણીક રહીશ ને શાકાહારી બનીશ–ની પ્રતીજ્ઞાઓ ઉત્સાહભેર લીધેલી ને વર્ષોથી અમે શુદ્ધ શાકાહારી છીએ અને કેક પણ નથી ખાતાં– એવું ગૌરવભેર કહેતી આવી છું. મને કદી પણ હું બાકીના બધાથી જુદી છું એવું લાગેલું જ નહીં. –'હું તમારા જેવી જ છું અને તમારા ધરમ કે ભગવાનનું મને તમારા કરતાંયે વધુ આવડે છે'– એવું દેખાડવા હું કાયમ તત્પર રહી છું અને એ જ

કારણે ઘરનાનો વીરોધ હોવા છતાં હું મારા ચાંદલાની સાઈઝ વધારતી ગઈ હઈશ ને?'…

સાચે જ શરીફાની સજ્જતા જ એવી છે કે મારા જેવાને એની પાસે બેસીને હીન્દુ ધર્મનું હાર્દ સમજવાનું મન થાય! મને ઘણી વાર થાય કે કશ્મીરના લોકો એમની હૃદયેશ્વરી 'લલ્લા'ને 'અલ્લા' સાથે બેઠેલી જોઈ શકતા હોય તો, આપણે શરીફાને સરસ્વતીનાં ચરણોમાં બેઠેલી શું કામ અપનાવી નહીં શકીએ? પરંતુ આપણે એને ઈનકારી છે. ક્રીકેટમાં ભારત હારે અને પાકીસ્તાન જીતે તો પણ હૉસ્ટેલની છોકરીઓ એને મહેણું મારવાનું ન ચુકે – 'તમારાવાળા જીત્યા એટલે તને તો ખુશી થઈ જ હશે ને?'– સાંભળીને કાળઝાળ થતી શરીફા પર શી વીતતી હશે, રામ જાણે!

સ્વીકાર ન થાય તે હજીયે સહેવાય; પણ નકારો–જાકારો ખમી ખાવો ખુબ કઠણ છે. શબાના, જાવેદ અખ્તર જેવા ઘણાં બીરાદરો આ યાતનામાંથી પસાર થયાં છે. લોકભારતીના અમારા દાદા ઈસ્માઈલભાઈ જ્યારે કહેતા કે –'દીકરાને પરણાવવો અઘરો થઈ પડયો છે. મુસલમાન લોકો – 'તમે તો હીન્દુ જેવા છો' કહી ઈનકારે છે અને હીન્દુ લોકો –'તમે તો

મીયાં ને?'...કહી મોં ફેરવી લે છે. 'ન હીન્દુ; ન મુસલમાન' – આવા અર્ધધર્મેશ્વરો પર જે વીતતી હશે તે તો તે જ જાણે!

પરંતુ શરીફા હવે આ દ્વીધામાંથી બહાર નીકળી ચુકી છે. એના હૈયાના જ્વાળા મુખીની રાખમાંથી પણ એક કુંપળ ફુટી છે – 'કંઈ નહીં હું માણસ બનીશ.' નરી 'માણસ' બનીને જ્યારે જ્યારે એ સામે પ્રસ્તુત થાય છે ત્યારે આપણી ભીતર બેઠેલું માનવત્વ એના માનવત્વમાં ઓગળી જાય છે. પરન્તુ તેમ છતાંયે છડેચોક એની માનવતાને હૈયા–સરસી ચાંપવા કેટલા તૈયાર છે?

સાચું હીન્દુત્વ આવું છે જ નહીં, હોઈ જ ન શકે. જે ધર્મમાં હું જન્મી છું તેણે મને કદીયે આવો ભેદ શીખવાડ્યો જ નથી. મારા ધર્મે અનેક સુફી–સંતોને અપનાવ્યા છે. રેહાના તૈયબજી જેવા જ્યારે કહે છે કે, 'ગીતા એ સંસ્કૃતમાં કુરાન છે અને કુરાન એ અરબીમાં ગીતા છે'– તો એ કથનને શીરોધાર્ય ગણ્યું છે. 'હે રામ'ના અંતીમ ઉચ્ચાર સાથે દેહ છોડનારા બાપુએ જ્યારે 'ઈશ્વર–અલ્લાહ તેરો નામ' ગવડાવ્યું છે ત્યારે હોંશે હોંશે એ ધુનને ઝીલી છે. શું રેહાના કે શું શરીફા મને હમેશાં સગી બહેનો સમી જ લાગી છે. આપણે સૌ ભારતભુમીનાં જ સંતાન છીએ.

ભાવનગરી શીશુવીહાર સંસ્થાએ એક નાગરીકરુપે બહેન શરીફાનું સન્માન કર્યું ત્યારે હું બહુ રાજી થઈ. આમ જુઓ તો એની બીજી પણ ઘણી બધી લાયકાતો છે. એની સંકલ્પશક્તી ભારે બળુકી છે. ઘરના સંજોગોને કારણે ફાર્મસીની સ્નાતક થઈ જલદી જલદી કામે લાગી; પણ મુળમાં સાહીત્યનો જીવ! એટલે ફરી અભ્યાસ ચાલુ કરી, એમ.એ.માં ગુજરાતી ભાષામાં ૧૯૯૦માં ગોલ્ડ મૅડલ સાથે અનુસ્નાતક થઈ. છોગામાં યુ.જી.સી. નવી દીલ્હીથી ૧૯૮૯માં ગુજરાતીમાં જે.આર.એફ.ની પરીક્ષા પણ ફેલોશીપ સાથે પસાર કરી. તદુપરાંત ૧૯૯૪માં 'Point of view in short stories - A critical study with particular reference to some Gujarati Short Stories' - વીષય પર સંશોધનગ્રંથ રજુ કરી ડૉક્ટરેટની પદવી પણ મેળવી ચુક્યાં છે. એમના આ ડૉક્ટરેટના નીબન્ધ માટે ‘ગુજરાતી સાહીત્ય પરીષદ’ તરફથી એમને પુરસ્કાર પ્રાપ્ત થયો છે. વાર્તાસંગ્રહો, અનુવાદો બદલ ‘ગુજરાત સાહીત્ય અકાદમી’એ પણ એમને પુરસ્કાર્યાં છે. આમ, સાહીત્યકારોમાં તેમનું વીશીષ્ટ સ્થાન છે.

આ બધા તો એમની ઉજ્જવળ કારકીર્દીના સીમાસ્થંભો; પરન્તુ આમાંનું કશું જ ન હોય અને તે સર્વસાધારણ સ્ત્રી માત્ર હોય; તો પણ એ જ્યારે છાપરે ચડીને પોકારે કે – ‘હું

તમારામાંની જ એક છું' – ત્યારે એને છાતીએ લગાડ્યા સીવાય બીજો કોઈ પર્યાય હોઈ જ ન શકે!

મને એ સાંજ યાદ આવે છે જ્યારે મહેન્દ્ર મેઘાણી આંખોમાં આંસુ સાથે કહેતા હતા કે – 'બહેન શરીફાને સુરતમાં રહેવા માટે મકાન જોઈએ, એ ન મળે તેથી એને ગર્લ્સ હૉસ્ટેલમાં રહેવું પડે ત્યારે હું કશું જ ન કરી શકું..! આ વીવશતા મારાથી સહન નથી થતી!'

મને એ સાંજ પણ યાદ આવે છે, જ્યારે શરીફાએ સમાચાર આપ્યા કે – 'હવે મકાન મળી ગયું છે અને કાલે મારો સામાન ત્યાં ફેરવું છું... લખી લો, મારા પોતાના મકાનનું સરનામું – B-402, Vaikunth Park, B/H Bejanwala Complex, Cause-Way Road, Tadwadi, Surat-395009 Mob. 98245 19977...'; ત્યારે હૈયામાં ઉલટ જાગેલી કે તરત પહોંચીને એને સામાન ફેરવવામાં મદદ કરું.

શરીફાને મકાન મળ્યું, રાંદેરના સર્વસાધારણ લોકોના વીસ્તારમાં. આનો આનન્દ તો છે જ; પણ આટલાથી પ્રાયશ્ચીત્ત પુરું થયાનો સંતોષ અનુભવાતો નથી. લોકો સીનેમાના 'ખાનો'ને આત્મસાત્ કરી શકે છે, દીલીપકુમારમાં એમને ક્યારેય 'યુસુફ'

દેખાતો નથી; તો 'શરીફા–શબાના'માં કેમ જુદાઈ અનુભવાય છે? આપણા લોહીમાં વીદ્વેષનું ઝેર ભળી ગયું હોય તો પણ; બાર વર્ષે શરીર પણ પુરાણું લોહી તો બદલી નાખે છે!

હું તો શરીફાને વીનવીશ કે તારી વીદ્વત્તાને કામે લગાડી તું હીન્દુ–મુસ્લીમ ધર્મના સમાનત્વને સોનેરી અક્ષરોમાં લખી અમને શીખવ કે આપણું લોહી એક જ છે. માનવરુપની સમાનતા તો અનુભવી શકાશે; પરન્તુ વીવીધ ધર્મરુપે પણ આપણે એક શા માટે ન હોઈ શકીએ? આખરે ધર્મ તો માનવહૃદયમાંથી ઉગેલી ચીજ છે. શું હૃદયના ધબકારા જુદા હોઈ શકે? આખરે તો દીલની ધડકન એ જ જીવનની સાચી ઓળખ છે. શું શરીફા કે શું મીરાં, સર્વકાળે, સર્વસંજોગોમાં એક જ છે એનો ઈનકાર કોઈ ન કરી શકે. આ વાત બુલન્દીથી કહેવાનો સમય પાકી ગયો નથી?

– મીરાં ભટ્ટ

સંપર્ક: 73 – રાજસ્થંભ સોસાયટી, પોલો ગ્રાઉન્ડ પાસે, વડોદરા –390 001

Phone- 0265-243 2497 Mobile - 93768 55362

(મુંબઈથી પ્રકાશીત થતા દૈનીક 'જન્મભુમી પ્રવાસી'માં લેખીકા મીરાંબહેન ભટ્ટની 'સમાજ દર્પણ' કટાર પ્રગટ થાય છે..

'જન્મભુમી પ્રવાસી'ના તા. ૨૭–૦૯–૨૦૦૯ના અંકમાંથી સાભાર... ઉત્તમ ગજ્જર)

અને છેલ્લે....

દીવાનું મુલ્ય જ્યોતી

હિન્દુ અને મુસ્લીમ, જૈન અને બૌદ્ધ, શીખ અને ઈસાઈ આ બધા દીવા છે. શરીર દીવો છે. શરીરમાં જે આત્મા છે, તે જ્યોતી છે. દીવાનું મુલ્ય તેની જ્યોતી છે. દીવાળીની રાત્રી લોકો દીવાથી કેવી સરસ સજાવે છે! પરન્તુ સવાર થતાં જ કચરાના ઢગલામાં ફેંકી દે છે. કેમ? કારણ કે એમાં હવે જ્યોતી નથી.

આત્મા જ્યોતી છે. જ્યોતી–જ્યોતીમાં કોઈ ફર્ક નથી તો હીન્દુ અને મુસ્લીમમાં ફર્ક કેમ હોય? મનુષ્ય જાતી એક છે. એમને અલગ કરી લડાવવી, એ માનવતાની વીરુદ્ધનું એક ષડ્યંત્ર છે.

–મુની તરુણસાગરજી

તા. ૧૨/૧૦/૨૦૦૯ના 'દીવ્ય ભાસ્કર' દૈનીકની સોમવારીય પુર્તી 'ધર્મદર્શન'માંથી સાભાર...

@

178 : 25-10-2009

રતીદાદાનો 'લોકકોશ'

–મધુ રાય

અનુક્રમણીકા

રતીદાદાનું નામ લેતાં સ્મીત થઈ જાય છે. રતીદાદા એટલે ઈન્ટરનેટ ઉપર લેક્સીકોનના રચયીતા. ઈન્ટરનેટ ઉપર 'ભગવદ્ગોમંડળ' કોશ મુકનાર ભડવીર. સાઉથ મુંબઈના એમના એક એકર જેવડા (લગભગ) મોટા એપાર્ટમેન્ટમાંથી અરબી સમુદ્ર દેખાય છે. ષણ્મુખાનન્દ હોલ જેવડા (લગભગ) મોટા સીટીંગરુમમાં ફક્ત એક સોફા સેટ અને એક ટીવીનું ફર્નીચર છે. બેડરુમમાં બેડ, બસ! આખા નીવાસમાં એક ભેખધારી સંન્યાસી જેવો અપરીગ્રહ આંખે વળગે છે. અને એક રુમમાં છે દરીયા જેવડી (લગભગ) મોટી સ્ક્રીનનું મેકીન્ટોશ કમ્પ્યુટર, જેના ઉપર કીંગકોંગ જેવડા (લગભગ) અક્ષરે દાદા ઈ–મેઈલ દ્વારા તેમના પ્રકલ્પની લગામ સંભાળે છે. એક મદદનીશ, જયેશકુમાર પટેલ અને બે અનુચરો રતીદાદાની રોજીન્દી સગવડો સાચવે છે.

રતીદાદાને ઓછું સંભળાય છે, એટલે તે ખુદ મોટા અવાજે તમને આવકારે છે. તેમને તમારે કંઈ કહેવાનું હોય તો તમારે લખીને કહેવાનું હોય છે. અઠ્યાસી વરસના આ

અબજોપતી ઉદ્યોગપતીએ આયખાનાં છેલ્લાં પચીસ વરસ ગુજરાતી ભાષાની આરાધનામાં વીતાવ્યાં છે. અને એક આંખમાં ખીજ અને બીજી આંખમાં વહાલથી બુમ પાડીને તે ગગનવાલા *(મધુ રાય પોતે)*ને તતડાવે છે કે – 'યુ આર ધ કલ્પ્રીટ!' યાને કે છેલ્લાં પચીસ વરસ ગુજરાતી ભાષાને સમર્પીત કરવાનું એકાદ નીમીત્ત આ નરાધમ ગગનવાલા પણ હતા.

સન 1983માં (લગભગ)તેમને કમ્પ્યુટર ઉપર ગુજરાતી લખવાનો શોખ ઉપજેલો અને માઈક્રોસોફ્ટ, મેકીન્ટોશ, આઈબીએમ વગેરે મહાકાય કંપનીઓને તે બાબત સહાય માટે પુછાવેલું; પણ કોઈએ સંતોષકારક જવાબ નહીં આપેલા. ત્યારે એમના સ્નેહી સ્વ. ગુલાબદાસ બ્રોકરે તેમને માહીતી આપેલી કે, લોસ એન્જેલસમાં મધુ રાય નામની ચીડીયા મેકીન્ટોશ કમ્પ્યુટર ઉપર ગુજરાતી ફોન્ટ બનાવે છે. તેમણે તત્કાળ લંડનથી ફોન કરી 'વલ્લભ' ફોન્ટ ખરીદેલા ને ત્યારથી તેમના ભેખનો આરંભ થયેલો. નરાધમ ગગનવાળા તે પછી લંડન રહેવા ગયેલા ત્યારે તેમણે તેમની અટ્ટાલીકામાં લાલ મોગરીનું શાક જમાડી ટપકાં ટપકાંવાળા 'વલ્લભ' સ્ક્રીન ફોન્ટના સ્થાને છાપવા લાયક 'પોસ્ટસ્ક્રીપ્ટ' ફોન્ટ બનાવવા સમજાવેલા. કીન્તુ તે સમયે ગગનવાલા અંગત જીવનના પાતાળમાં પછડાયેલા હતા. રતીદાદાનું એવું સુચન હતું કે આ નરાધમે ગુજરાતી સ્પેલચેકર બનાવવું. તેય બનેલું નહીં. પરંતુ તેને માટે રોકાયા વીના

રતીદાદાની ખોજ એકીશ્વાસે ચાલુ રહી. તેમણે અન્યત્ર 'કલાપી' અને 'વીજયા' જેવા નવા ફોન્ટ્સ કરાવ્યા અને ફેલાવ્યા. ઈન્ટરનેટના આગમનથી પુલકીત થઈ તેમણે કોશનું કામ હાથમાં લીધું અને અનેક ઉથલપાથલ, મથામણો અને તકનીકી સુનામીઓ બાદ ઈન્ટરનેટ ઉપર ગુજરાતી ભાષાનો (ગુજરાતી–ગુજરાતી; અંગ્રેજી–ગુજરાતી અને ગુજરાતી–અંગ્રેજી) શબ્દકોશ – 'ગુજરાતીલેક્સિકોન' પ્રસ્તુત કર્યો. સાથે ગુજરાતી સ્પેલચેકર (જોડણી સુધારવાનો સોફ્ટવેર) દાખલ કર્યો, તેમાં ગુજરાતી શબ્દો અને રુઢીપ્રયોગોના જ્ઞાનચક્ર જેવો ભવ્ય 'ભગવદ્ગોમંડળ' પણ સામેલ કર્યો.

આજે 2009માં એમની પહેલ, આર્થીક સહાય અને ચૌદ વરસના કીશોર જેવી અદમ્ય ઉર્જા થકી ઈન્ટરનેટના સરીતાસાગરમાં ગુજરાતીનાં રત્નો જેવાં આ ઉત્પાદનો લહેરાઈ રહ્યાં છે. અને હલો, હજી તે યાત્રા હાંફી નથી. હવે રજુ થનાર છે 'લોકકોશ' જેમાં જગતભરમાં પાંદડાંની નસની જેમ ફેલાયેલા ગુજરાતી લોકો, દૈનન્દીન બોલીમાં વાપરે છે તેવા સ્વાહીલી, અમ્રીકી, ફીઝીયન, પનામેનીયન, યુરોપીયન, ઓસ્ટ્રેલીયન અલ્ફાઝથી ગુજરાતીનો શબ્દચરુ વીધવીધ શબ્દછટાઓથી છલછલશે. 'વીકીપીડીયા'ની શૈલીનો આ પ્રકલ્પ, ડબલ્યુડબલ્યુડબલ્યુ ઉપર જંગલની આગની જેમ ફેલાશે અને 'ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમશૌર્ય અંકીત!'

પચીસ વરસની આ ભાષાકુચમાં રતીદાદાએ એક ફ્રેન્ચ ભાષાવીદ, ઉત્તમ ગજ્જર, બળવંત પટેલ, બાબુ સુથાર, સ્વામી અસંગ, હીમાંશુ મીસ્ત્રી, અશોક કરણીયા અને બીજા અનેક સમર્થ અને કર્મઠ વીદ્વાનો અને તકનીકી માંધાતાઓને સામેલ કરેલા છે. એમની આ કહાણીનો સવીસ્તર ચીતાર 'કમ્પ્યુટરની ક્લીકે' (સંપાદકઃ બળવંત પટેલ અને ઉત્તમ ગજ્જર) નામક પુસ્તીકામાં છે.

રતીદાદા ઉત્સાહથી જણાવે છે કે એમનો આખો આ પ્રકલ્પ હાલ પાંચ ગુજરાતી બાળાઓ ચલાવે છે અને તે પુસ્તીકા, તથા ગુજરાતીલેક્સિકોન, ભગવદ્ગોમંડળકોશ, 'સાર્થ જોડણીકોશ'ને અનુરુપ ગુજરાતી સ્પેલચેકર અને મરોડદાર ગુજરાતી યુનીકોડ ફોન્ટ્સના દલ્લા સાથેની સીડી, જે માગે તેને વીના મુલ્યે આપે છે. ગુજરાતીનો છંદ તમને લાગ્યો હોય અને ઉર્મી થઈ આવે તો કશુંક અનુદાન કરી શકો છો, અન્યથા વાપરો આ કોશ અને કરો તમારા આનન્દનું, સર્જનનું ને ઉત્સાહનું અનુદાન!

રતીદાદા પુનમના દરીયાની છટાથી જણાવે છે કે, 'સાર્થ જોડણીકોશ'ને પંચોતેર વરસ થયાં, જેની માનો કે 50,000(પચાસ હજાર) પ્રત છપાઈ છે. 'ભગવદ્ગોમંડળ'ની કુલ સમજો કે 12,000(બાર હજાર) પ્રત છપાઈ છે. પણ ઈન્ટરનેટના જાદુથી ઈ. સ. 2006માં પ્રસ્તુત

'ગુજરાતીલેક્સિકોન' (અને 'ભગવદ્ગોમંડળ') દુનીયાભરના આજે 33,00,000 (તેત્રીસ લાખ) ગુજરાતીઓ વાપરે છે.

શરુઆતમાં ઈન્ટરનેટ ઉપર ગુજરાતી 'વેબ–લોગ'યાને 'બ્લોગ' (જાહેર ડાયરી) ત્રણ (3) હતા. આજે 'યુનીકોડ'ને કારણે ડબલ્યુડબલ્યુડબલ્યુ ઉપર છસ્સો (600) ગુજરાતી બ્લોગનાં ડમરુ વાગે છે! તે સંખ્યા રાતે ન વધે તેટલી દીવસે વધવાની છે ને દીવસે ન વધે તેટલી રાતે. ગુજરાતીના વીકાસ માટે ટેકનોલોજીનું આ કલ્પતરુ અને રતીદાદાનો આ 'લોકકોશ' ગુજરાતી ભાષાનો ધ્વજ લહેરાવશે. ગુજરાતીઓને ઈજન છે કે એક વાર તે વેબસાઈટ http://www.gujaratilexicon.com/ ઉપર લટાર મારી આવે અને ત્યાંથી 'ભગવદ્ગોમંડળ' http://www.bhagwadgomandal.com/ (અને 'લોકકોશ'ની વેબસાઈટ http://lokkosh.gujaratilexicon.com/) ના જ્ઞાનસાગરમાં તરતાં તરતાં 'નિષ્ઠા' શબ્દનો અર્થ તપાસી જુએ.... જય જય રતીદાદા! જય જય ગરવી ગુજરાત!

**28 ઓક્ટોબર 2009ની 'દીવ્ય ભાસ્કર'ની 'કળશ' પુર્તીમાંથી, 'દીવ્ય ભાસ્કર'ના સૌજન્યથી સાભાર...*

–મધુ રાય

લેખક સંપર્કઃ madhu.thaker@gmail.com

@

179 : 22-11-2009

નયનનાં મોતી

–નયન હ. દેસાઈ

અનુક્રમણીકા

મુક્તકો



જન્મ પામી એ અરબ–ઈરાકમાં,

ને સદા પોંખાઈ ભારત–પાકમાં;

દબદબો નોખો છે એનો કેમ કે,

છે ગઝલ પયગમ્બરી પોષાકમાં.



ઉછીની નહીં કોઈ નકલ વાંચ તું,

કવીતા જો વાંચે અસલ વાંચ તું;

હમેશાં સરલ ને સહજ વાંચ તું,

જવા દઈને બીજું ગઝલ વાંચ તું.



સચ્ચાઈ મારી ભાષા છે,

જો બોલું તો આમ જ બોલું;

સીધે સીધી વાત કરું છું,

હું નર્મદનો વંશજ છું.

.1.

લંબચોરસ ઓરડામાં એક સમય ઘુંટાય છે,
વક્ર રેખાઓ ક્ષણોની શ્વાસમાં છેદાય છે.

શક્યતાનું એક પણ વર્તુળ નથી પુરું થતું,
હરક્ષણે કંપાસની તીણી અણી ભોંકાય છે.

ચાલ, સંબંધોનું કોઈ કોણ માપક શોધીએ,
કે, હૃદયને કેટલા અંશો સુધી છેદાય છે.

આરઝુના કાટખુણે જીન્દગી તુટી પડે,
ને પછી એ મોતના બીંદુ સુધી લંબાય છે.

બે સમાંતર રેખની વચ્ચેનો હું અવકાશ છું,
શુન્યતાની સાંકળો મારા વડે બંધાય છે.

આ ક્ષીતીજથી તે ક્ષીતીજના બંધ દરવાજા થયા,
કોઈ ઈચ્છે તોય અહીંથી બા'ર ક્યાં નીકળાય છે!

ગોળ ફરવા ગૈ તો અંતે એય વર્તુળ થઈ ગઈ,
કે, હવે પૃથ્વીના છેડા ક્યાંય પણ દેખાય છે?

યાદ આવે છે ગણીત શીક્ષકના સોટીના સોળ,
સ્વપ્ન, શ્વાસો ને સંબંધો કોયડા થૈ જાય છે.

હસ્તરેખા હોય સીધી, વક્ર કે આડી ઉભી,
જીંદગીના આ પ્રમેયો કઈ રીતે હલ થાય છે?

.2.

માણસ, ઉર્ફે રેતી, ઉર્ફે, દરીયો, ઉર્ફે ડુબી જવાની ઘટના ઉર્ફે,
ઘટના એટલે લોહી એટલે વહેવું એટલે ખુટી જવાની ઘટના
ઉર્ફે...

ખુલ્લી બારી જેવી આંખોને આંખોમાં દીવસો ઉગે ને આથમતા,
દીવસો મતલબ વેઢા, મતલબ પંખી, મતલબ ઉડી જવાની
ઘટના ઉર્ફે...

વજ્જરની છાતીનાં પીગળે આંસુ જેવું પાંપણને કૈં અડકે તો પણ
આંસુ, એમાં શૈશવ, એમાં કુવો, એમાં કુદી જવાની ઘટના ઉર્ફે...

પગમાંથી પગલું કુટે ને પગલામાંથી રસ્તાના કૈં રસ્તા કુટે,
રસ્તા અથવા પુલો અથવા પથ્થર અથવા ઉગી જવાની ઘટના
ઉર્ફે...

ચાલો સૌ આ સંબંધોની વણજારોને બીજે રસ્તે વાળી દઈએ,

સંબંધો શમણાંના ઝુમ્મર, ઝુમ્મર યાને ફુટી જવાની ઘટના ઉર્ફે...

છાતીમાં સુરજ ઉગ્યાનો દવ સળગે ને સુરજ તો એક પીળું ગુમડું,

ગુમડું પાકે, છાતી પાકે, મહેફીલમાંથી ઉઠી જવાની ઘટના ઉર્ફે..

મુઠી ભરીને પડછાયાનાં ગામ વસેલાં ને પડછાયા હાલેચાલે,

પડછાયા તો જાણે ચહેરા, ચહેરા જાણે ભુલી જવાની ઘટના ઉર્ફે...

.3.

થાક હવે ડુબતા સુરજની જેમ ઢળે છે, લ્યો, ટેબલને તાળું મારો!

સાંજ પડી ને છતમાંથી એકાંત ગળે છે, લ્યો, ટેબલને તાળું મારો!

આમ જુઓ તો આ ટેબલ પર ડાઘ પડ્યા છે કૈં વરસોના, કૈં સ્વપ્નોના,

એમ વીચારો ત્યાં ભીતરથી કૈંક બળે છે, લ્યો, ટેબલને તાળું મારો!

કાલ ઉઠીને આ ટેબલને ડાળ ફુટે તો એને ટેકે જીવતર ચાલે,
કઈ ઑફીસમાં હોવાની સી.એલ. મળે છે? લ્યો, ટેબલને તાળું
મારો!

રોજની જેમ જ લોઢ ઉછળતા ટેબલપુરમાં, આખ્ખી ઑફીસ
ડુબવા માંડી,
હાથ હજી પણ ફાઈલના વનમાં રઝળે છે, લ્યો, ટેબલને તાળું
મારો!

આજ હતું ટેબલ કે જેણે ફુલગુલાબી મઘમઘતા કૈં પત્રો વાંચ્યા,
આજ હવે ખાનામાં 'જનકલ્યાણ' મળે છે, લ્યો, ટેબલને તાળું
મારો!

.4.

સાદ પાડી કોઈને એકાંતના તળીયે અમે,
લ્યો, હવે આવી ઉભાં આંખોનાં ઝળઝળીયે અમે.દુરથી બોલાવતું
આકાશ પણ ના ઓળખે,
કેટલાં વર્ષો પછી આ ગામના ફળીયે અમે!

જો સ્મરો તો કોઈ ઘટના ને અડો તો એક ભીનાશ,
ઝીલમીલાતા હોઈએ અશ્રુની આંગળીએ અમે.

એક પારેવાનું બારીમાં રુપાંતર થઈ ગયું,
સાંજ, પડછાયા, પ્રતીક્ષા, સૌમાં તરફડીએ અમે.

કૈંક પગલાં રાહ જોતાં'તાં અમારી તટ ઉપર,
એકઠા કરતા રહ્યા પરપોટા મધદરીયે અમે.

.5.

પ્યાસના રસ્તે જ ઝરણું આવશે તો આવશે,
તીરની સાથે જ હરણું આવશે તો આવશે.

કાચનું આ શહેર છે ને સાવ માટીનો છું હું,
સાથમાં એકાદ તરણું આવશે તો આવશે.

તું સમીસાંજે ઘરે પાછી ફરી'તી એક દી',
સ્વપ્ન એવું કંકુવરણું આવશે તો આવશે.

મેં દરજ્જો જેલનો આપી દીધો સહુ ભીંતને,
મારા પડછાયાનું શરણું આવશે તો આવશે.

કે તને પરીપુર્ણ રુપે યાદ કરવી છે હવે,
પણ સ્વયમ્ મારું વીસરણું આવશે તો આવશે.

.6.

જીન્દગી લઈ જા કોઈ કોઠે મને,

સાંજ પડતાં કેમ ના ગોઠે મને?

પ્યાસ પણ ક્યાં ગઈ હવે કોને ખબર?

મૃગજળો ચાંપી દઈ હોઠે મને.

ચાહવું હર શખ્સને બસ ચાહવું,

સત્ય સમજાવ્યું કોઈ ઠોઠે મને.

હું નગરની ભીંતમાં ભુલો પડ્યો,

લઈ લીધો પડછાયાની પોઠે મને.

જ્યાં નશામાં જીતના ફરતો રહ્યો,

તેં હરાવ્યો સાતમા કોઠે મને.

વ્યક્ત કરવો છે મને પણ કઈ રીતે?

છેતર્યો તેં શબ્દના ઓઠે મને.

ગીત

.1.

સુરતનો વરસાદ

પતરે ટપાક્ક ટપ છાંટા પડે ને નળીયાં ખટાક્ક ખટ્ટ તુટે

સુરતનો એવો વરસાદ

બારીમાં કુદે ભફાંગ કરી વાછટ ને

વીજળી વેરાય મુઠે મુઠે....સુરતનો....

પહેલાં તો છાપરીઆ શેરીઓ ચુપચાપ

કાળા આકાશ ભણી જુએ

સુકાંભઠ પાંદડાંઓ ગબડે ને ભીનો પવન્ન

પછી જાણે પીંજાય રુંએ રુંએ

વાદળાં છલાંગ મારી ઉછળે ને તીર એની સાથે

સટ્ટાક સટ્ટ છુટે.....સુરતનો.....

નેવાંની સાથ ભળે ઝુલતા કોઈ હીંચકાનું

આછું કીચુડકચ્ચ એવું

સુની હવેલીના ગોખમાંથી ચોમાસું માણે છે

એકલું પારેવું

રસ્તાઓ સુમસામ ખુલ્લા ફટ્ટાક જેમ

શીવાજી શહેરને લુંટે....સુરતનો...

.2.

પૈથાભૈએ દીકરી પરણાવી તેનું ગીત

લીલોલીલો માંડવડો ને વચ્ચે ઉભા પૈથાભૈ

આંખોમાં ઝળહળીયાં આવ્યાં દીકરીના કૈં સ્મરણો લૈ;

દીકરી એટલે દુનીયાદારી, દીકરી એટલે ઈતીહાસ
દીકરી એટલે ટોળે વળતાં ટહુકાનો આછો ભાસ;
દીકરી એટલે આમ કશું નૈઃ આમ જુઓ તો ઘટના ખાસ
પૈથાભૈએ આંખ લુછી ને ડુસકું ભીંજાયું રે રે...
આંખોમાં ઝળહળીયાં આવ્યાં દીકરીના કૈં સ્મરણો લૈ;

કાલ સુધી તો દોડાદોડી, કાલ સુધી તો હસવાનું
આજ અચાનક પરદેશી પાદરમાં જઈને વસવાનું?
ગોરમા પુજતી આંગળીઓ પર શરમની પાંદડીઓ ખીલવાનું
બેય હથેળીથી મહીયરનાં કુંવારાં સ્મરણો ઝીલવાનું;
મને પુછશે ઉમ્બર, આંગણ, મંદીર, ફુલો સુની સૈ
આંખોમાં ઝળહળીયાં આવ્યાં દીકરીના કૈં સ્મરણો લૈ;

ભીંતે તારા હીંગળાજ થાપા આગળ દીવો સળગે છે,
ભોંય પડેલું આંસુનું એક ટીપું મુજ હૈયે વળગે છે
ગોરમા! ગોરમા! ટપ ટપ પગલીનાં ફેરાંઓ સુના આંગણે
પાદર એક પીઠી ચોળેલું ઝમરખ ઝમરખ ઉભું બારણે
પૈથાભૈને શ્વાસ ચઢ્યા ને બેસી પડ્યા પગથીયે જૈ...;;
આંખોમાં ઝળહળીયાં આવ્યાં દીકરીના કૈં સ્મરણો લૈ;

.3.

ચકલી-ગીત

ખાલીખમ્મ કમરામાં ચકલીનું ઉડવું ને પાંખોનું ફરફરવું
ચીં ચીંથી અળગા થવાય છે? ના...રે...ના
બારીમાં કુંડું ને કુંડામાં લીલુંછમ ચોમાસું ઉતરે તો
ચકલીની માફક નવાય છે? ના...રે...ના

ચકલી તો વૃક્ષોની ડાળીની પટરાણી ધરતી ને સમંદરને
વાયુ ને આકાશ ઓઢીને ઝુલે છે,
સામેના ઘરમાંથી મઘમઘતા કોઈ ગીતનું મધમીઠું
પરબીડીયું કન્યાના અધરોની વચ્ચે ખુલે છે.
પુર્વાપર સંબંધો ચકલી ને કન્યાના બંધાયા કઈ રીતે?
એવું કંઈ કોઈને પુછાય છે? ના...રે...ના


ચકલીમાં વત્તા એક ચકલી ને ઓછામાં સુનો અરીસો છે,
બે ચાર ભીંતો છે, બે ચાર ખીંટી છે
ચકલી તો ભોળી છે, ચકલી તો પીંછાનો ઢગલો છે,
ચકલી શું જાણે કે સામે અગાસીમાં આવે એ સ્વીટી છે?
સોનાની પાંખોથી, રુપાની ચાંચોથી, હીરાની આંખોથી,
ચકલીને ભાગી શકાય છે? ના...રે...ના
ખાલીખમ્મ કમરામાં ચકલીનું ઉડવું ને પાંખોનું ફરફરવું

ચીં ચીંથી અળગા થવાય છે? ના...રે...ના

–નયન હ. દેસાઈ–

(‘નયનનાં મોતી’– નયન હ. દેસાઈનો ‘સમગ્ર કાવ્ય વૈભવ’(1979-2003), પ્રથમ આવૃત્તી – મે, 2005, પૃષ્ઠઃ 286 મુલ્યઃ રૂ. 250, પ્રકાશકઃ ‘શબ્દોત્સવ’, લલીત સેલારકા એન્ડ કંપની, 118, એવો આર્કેડ, ડી. જે. રોડ, વીલેપાર્લે(વે.), મુંબઈ–400 056માંથી સાભાર...)

કવીસંપર્કઃ નયન હ. દેસાઈ, 19 – દત્રાતેય નગર, પાલનપુર જકાત નાકા, નહેર પાસે, સુરત–395 009 ફોન – 0261-276 7055



180 : 06-12-2009

પઝલનો માણસ

(લઘુકથાઓ)

–પ્રતીભા ઠક્કર

અનુક્રમણીકા

૧. સ્ત્રીયાર્થ(મહીલાર્થ)

ફીઝીયોથેરાપી સેન્ટરમાં આવતાં ચીન્ટુ અને તેની મમ્મી સમય પુરો થતાં સંકેલો કરવા લાગ્યાં. બહારના દરવાજા પાસે પપ્પાને જોતાં જ ચીન્ટુના ચહેરા પર આનન્દની લહેર ફરી વળી. ડૉક્ટરને બાય બાય કરવા ચીન્ટુની મમ્મી નીતાએ ચીન્ટુનો હાથ ઉંચો કરાવ્યો.

પાંચ વરસથી દીકરા માટે મહેનત કરતી મમ્મી માટે ડૉક્ટર પારેખને ખુબ જ માન હતું. ડૉક્ટરે ચીન્ટુને રમાડતાં કહ્યું, 'બેટા, તું કોનો દીક્કો? મમ્મીનો કે પપ્પાનો?' ચીન્ટુના પપ્પાએ પોતાના ખીસામાંથી ચૉકલેટ કાઢી ચીન્ટુને બતાવી. ચીન્ટુએ પપ્પા તરફ જોઈ હાથ ચીંધવાનો પ્રયત્ન કર્યો.

તેની મમ્મી વીચારમાં પડી ગઈ કે વીકલાંગ દીકરો હજી નાનો હતો, નાસમજ હતો, છેલ્લાં પાંચ વરસથી સેન્ટરમાં આવી પોતે તેને કાળજીપુર્વક કસરત કરાવતી હતી. લગ્ન બાદ જ્યારે થોડા સમયમાં જ મા બનવાની હતી ત્યારે તે કેટલા

અરમાન સાથે પોતાના આવનાર સંતાન વીશે વીચારતી હતી! પણ પ્રારબ્ધ...! તે હચમચી ગઈ. બાળક મલ્ટીપલ ડીસેબલ હતું. હવે તેનું જીવન જ બદલાઈ ગયું.

જીવનમાંથી રસ જ ઉડી ગયો જાણે. તેવામાં તેને આ સેન્ટરની જાણ થઈ ત્યારે ત્યાં આવી અને પ્રયત્નમાં લાગી ગઈ. ડૉક્ટરે કહ્યું કે પ્રારબ્ધ કરતાં પુરુષાર્થ ચડીયાતો છે. અને તેના જીવનનો હેતુ જ બદલાઈ ગયો. તે ચીન્ટુમય બની ગઈ.

પણ આજે જ્યારે ચીન્ટુએ પપ્પા તરફ આંગળી ચીંધવાનો પ્રયત્ન કર્યો ત્યારે 'પુરુષાર્થ' શબ્દ વીશે તે નવેસરથી વીચારવા મજબુર બની, કે ચૉકલેટ દેખાડી અને બે મીનીટ માત્ર હસાવવાની ફરજ બજાવતો પતી અને પોતે પાંચપાંચ વર્ષથી નીરંતર ભક્તની અદાથી ફરજ બજાવતી એક સ્ત્રી, એક મા, કે જેની ફરજ માટે 'પુરુષાર્થ' શબ્દ વપરાય ખરો?

શું હું આ દેશ કે જ્યાં જગદંબાના રુપમાં સ્ત્રીની પુજા થાય છે, એ દેશમાં મારી મહેનતને માટે હું 'પુરુષાર્થ' શબ્દને બદલે 'સ્ત્રીયાર્થ' કે 'મહીલાર્થ' શબ્દ ન વાપરી શકું?
કે પછી નારીપુજાના માહાત્મ્યવાળા પાખંડી સમાજમાં સ્ત્રીએ બજાવેલી ફરજ સમજથી કે નાસમજથી નગણ્ય જ ગણાય છે?

૨. એક દીવસની સેલીબ્રીટી

તેઓ સો ટકા સાક્ષરતાની યોજના હેઠળ પ્રથમ આવનાર સંસ્થાનાં ચેરપર્સન હતાં. સંસ્થાનું કાર્યફલક શહેરમાં વીસ્તરેલું હતું. સરકારી–અર્ધસરકારી યોજનાઓના ગ્રાન્ટેડ પ્રોગ્રામ મેળવવામાં તેઓ માહેર હતાં.

આજે શીક્ષણમંત્રીના હસ્તે ઍવૉર્ડ વીતરણ સમારંભ હતો. શીક્ષણ મંત્રી સાથેનો ભોજનસમારંભ તેઓ મહામહેનતે પોતાના ઘરે ગોઠવી શક્યાં હતાં.

ભોજનસમારંભ શરુ થયો. શહેરની નામાંકીત હસ્તીઓ આવવા લાગી. દુર ખુણામાં બેઠેલી એક જોશીલી પત્રકારે પોતાની ધારદાર નજરે પાણી આપવાથી માંડીને વાસણ સાફ કરવા સુધીની જગ્યા, માણસો, આખું ઘર બધું માપી લીધું.

સમારંભમાં પ્રશંસાનાં પુષ્પો વેરાયાં અને ખુશીના માહોલ વચ્ચે મીસીસ ભટ્ટે મંત્રીશ્રીની ખુશામત કરીને નવી ગ્રાંટો મેળવવાની ખાતરી પણ મેળવી લીધી.

અભીનન્દનની વર્ષાઓ થઈ. તે પત્રકાર ઉભી થઈ અને મીસીસ ભટ્ટને અભીનન્દન આપી પોતાના કૅમેરામૅન સાથે વાસણ માંજતી છોકરી પાસે જઈ પહોંચી. અને વાતચીત શરુ કરી.

‘મને તો નીશાળે જવું બહુ ગમે, બુન; પણ આ મોટાં દીદી છે, તે મારી માને ખીજાય. મારે જ અહીં કામ કરવાનું. એમને બીજા કોઈનું કામ નહીં ફાવતું.’ પત્રકારે ઈન્ટરવ્યુ લઈ

લીધો અને તે છોકરીને 'કાલે તું ટીવીમાં દેખાઈશ' કહી ચાલી ગઈ.

બીજા દીવસે તેની ચૅનલમાં આ આખાયે કાર્યક્રમનું પ્રસારણ થયું. નાનકડી સકુનો ઈન્ટરવ્યુ પણ પ્રસારીત થયો. સકુ જાણે કે એક દીવસની સેલીબ્રીટી બની ગઈ!

3. ભુખ

આજે છોકરીઓની કૉલેજમાં 'ચારીત્ર – સ્ત્રીની સાચી મુડી' એ વીષય પર તેને વક્તવ્ય આપવા જવાનું હતું. તે માટે તે ઑફીસનું કામ વહેલું પતાવી ઘરે આવી ગઈ હતી. કાર્યક્રમમાં જવાને હજી એકાદ કલાકની વાર હતી. તે આરામ કરતાં કરતાં મેગેઝીનનાં પાનાં ઉથલાવતી હતી ત્યાં દરવાજા–ઘંટી રણકી. બારણું ખોલી જોયું તો ગામડેથી આવેલી શાન્તુ, લઘરવઘર વસ્ત્રો, કાયમ જ મદદ માંગવા માટે લંબાયેલો હાથ અને આંગળી પકડી ઉભેલાં અર્ધનગ્ન બાળકો!

તેણે તે લોકોને પાણી આપી, સાથે આવેલાં છોકરાંઓને થોડો નાસ્તો આપ્યો. તે વીચારતી હતી કે, સરકાર પણ ખરી છે! યોજનાઓ અને ઉદ્ ઘાટનોનાં નાટકોમાંથી બહાર આવતી નથી. અધીકારીઓ કામ કરવાને બદલે ચાંપલુસીમાંથી ઉંચા આવતા નથી. આ બીચારી પેન્શનના હક્ક મેળવવા માટે કેટલાયે ધક્કા ખાય છે. આ પ્રશ્ન હવે એના હાથમાં આવ્યો હતો.

તેને લઈને તેના સમ્બન્ધીત ખાતાના અધીકારીને મળવા તે ગઈ. આ પહેલાં પોતે પણ બેત્રણ ધક્કા ખાઈ ચુકી હતી અને અમલદારશાહીનાં કડવાં ઘુંટ પી ચુકી હતી. પણ આ વખતે મક્કમ નીર્ધાર સાથે જરુરી કાગળો પહોંચાડ્યાની પહોંચ રજુ કરી અને તેણે અધીકારી સામે જોયું. અધીકારીએ શાન્તુને બહાર બેસવા કહ્યું અને બોલ્યો, 'બહેન, તમારા જેવા આવે એટલે અમે કહી ન શકીએ; પણ આ બાઈ તો રેલવેના પાટા પાસે આવેલ ઝુંપડામાં રહી, રાત્રે ધન્ધો....'

તેણે એક ધારદાર નજરે તે અમલદાર સામે જોયું. તે આગળ બોલી શક્યો નહીં. તે ઉભી થઈ. અમલદારને તેણે તાત્કાલીક કામ પતાવવાની કડક તાકીદ કરી. ચેમ્બરની બહાર નીકળતાં ગુસ્સામાં બારણું ખોલવા જતાં બારણું અફળાયું. બહાર શાન્તુ બારણાને અડકીને જ ઉભી હતી એટલે તેને વાગ્યું હોય એમ વીચારી તે બોલી, 'શાન્તુ, કપાળમાં વાગ્યું તો નથી ને?

શાન્તુ બોલી, 'બહેન, આ કપાળમાં તો આ ઘા કરતાંયે કેટલાયે ઘા લાગી ચુક્યા છે. મેં સાહેબની વાત સાંભળી છે. પણ હું શું કરું? પેટનાં છોકરાંવને ભુખ્યાં વલવલતાં જોઈ નો'તી શકતી. એની ભુખ ભાંગવા જ આ સાઈબોની ભુખ....'

તેણે આંગળીથી શાન્તુને ચુપ રહેવા ઈશારો કર્યો. તેની લાચાર નજરને તે તાકી રહી અને વક્તવ્ય આપવા જવાનું તેણે માંડી વાળ્યું.

૪. ભારત માતાકી જય

ચોતરફ જયઘોષ સંભળાતો હતો. ભારત માતાની જયનો નારો મનીયાના કાનને ફાડી નાખતો હતો. તે પોતાની સાઈકલને ઝડપથી પેડલ મારવાનો વ્યર્થ પ્રયત્ન કરતો હતો. તે બીમાર મા માટે દવા લઈ ઝડપથી પહોંચવાની વેતરણમાં હતો ત્યાં જ પોલીસે તેની સાઈકલ અટકાવી.

'મંત્રીશ્રી અહીંથી નીકળવાના છે. ચલ, હટ અહીંથી' કહી લાકડી તેના હાથ પર મારી. વેદનાથી તેના મગજમાં તમરાં બોલી ગયાં. આંખમાં આવી ગયેલાં આંસુ સાથે તે માંડ માંડ બોલ્યો, 'સાહેબ, મારી બા બીમાર છે. ડૉક્ટરે ઈન્જેક્શન લેવા મોકલ્યો છે. સમયસર નહીં પહોંચું તો....'

'તો તારી માની જય બોલી જશે, એમ જ ને? એ તો છુટશે દોજખની આ જીન્દગીમાંથી; પણ મારી નોકરી છુટશે તો? મારાં બૈરી છોકરાંને તું સાચવીશ? ચલ, ભાગ અહીંથી!' તે બાપડો કરગરવા લાગ્યો; પણ પોલીસવાળાએ એને જવા જ ન દીધો. સાઈકલની આગલી સીટ પર બેઠેલો એનો નાનો છોકરો રડી રહ્યો હતો. તે તો નાનકડી અણસમજુ નજરે બાઘો બનીને જોતો જ રહ્યો!

એવામાં મંત્રીશ્રીનો કાફલો પસાર થયો. અભીવાદન ઝીલતા મંત્રીશ્રીએ તે નાના છોકરાને માથે હાથ ફેરવી તેના

હાથમાં એક ફુલ મુક્યું. ટોળામાંના લોકો મંત્રીશ્રીનો જયઘોષ કરવા લાગ્યા. રસ્તો ખુલ્લો થઈ ગયો. તે ઝડપથી ઘરે પહોંચ્યો.

ઘરના બધા તેની સામે એવી રીતે જોવા લાગ્યા કે જાણે તે ગુનેગાર હોય. તેણે છોકરાના હાથમાંથી ફુલ લઈ માના ચરણમાં મુક્યું.

અને ભારતની બેહોશ પ્રજાના પ્રતીક સમો આ અદનો શ્રમીક તેની મૃત્યુ પામેલી માતાનાં ચરણોમાં બેહોશ થઈ ઢળી પડ્યો.

૫. ખોટો દાખલો

'મમ્મી, જો તો ખરી, એક સીલી મીસ્ટેકને કારણે આખો દાખલો ખોટો પડ્યો! આખી મેથડ સાચી છે એના માર્ક્સ તો મળવા જોઈએ ને?

'એમ માર્ક્સ ન મળે બેટા, જવાબ ખોટો છે કે નહીં?

કાવ્યાએ પોતાના કાન પકડીને ભુલ કબુલ કરી. 'એ પણ ખરું; પણ મેથડ?

કૃપા ભુતકાળમાં સરી ગઈ. પોતે પણ જીન્દગીનો દાખલો ગણવામાં ભુલ કરી બેઠી હતી. કૃપાની પાત્ર–પસંદગી લોકનજરે તો બરાબર હતી. દુનીયાની દૃષ્ટીએ કોઈ સમસ્યા હતી જ નહીં. છતાં ક્યાંક કશુંક ખુટતું તો હતું જ.

સ્વતંત્રતા હતી, સમૃદ્ધી હતી; પણ સમાન રસ ન હતા.

વહેતી સરીતા જેવી કૃપા અને ઘુઘવતા સાગર જેવા કમલ વચ્ચે સરીતા–સાગર જેટલું અંતર હતું. વીચારો એક; પણ વહેવાની પ્રક્રીયા અલગ. જાણે બધું જ અલગ પડતું હતું. બહારથી કોઈ જ તોફાન નહીં. પણ...

'આજે આપણી ક્લબે યોજેલ બેસ્ટ કપલ કૉમ્પીટીશન માટે આપણે પણ ફૉર્મ ભરવાનું છે' એમ કમલ સવારે કહીને ગયેલો. પણ સાંજ સુધી કૃપાએ એમાં રસ જ નહીં દાખવ્યો.

તેને થતું જીન્દગીના દાખલાની મેથડ તો સાચી; પણ જવાબ ખોટા આવે છે. શા માટે ફૉર્મ ભરવું?

૬. કુન્ડળીકથા

'જન્મના અક્ષર ભલે ન મળે; પણ અમારાં મનની લાગણીઓના અક્ષરો–વીચારો તો મળે છે!' આકાશે સંયમીત સ્વરમાં પપ્પા સાથે દલીલ કરતાં કહ્યું. તેની મમ્મીએ પણ આકાશની વાતમાં સુર પુરાવ્યો. માન્યતાઓના પુર્વગ્રહથી ઘેરાયેલા આકાશના પપ્પા કોઈની વાત માનવા તૈયાર ન હતા.

ભુમી સાથેના સમ્બન્ધોને આકાશ ભુલવા નહોતો માગતો. તેને એ વાતની સમજ નહોતી પડતી કે પોતાના પપ્પા સાયંસ ફેકલ્ટીના હોવા છતાં આવું કેમ માનતા હશે? લાગણીના ધબકાર પર માની લીધેલ માન્યતાઓએ વીજય મેળવ્યો.

'નો, મીન્સ નો' કહી પપ્પાએ વટહુકમ જારી કર્યો.

‘આ છોકરી અમને તો નહીં સાચવે; પણ તારી જીન્દગી પણ બરબાદ થઈ જશે.’ આકાશ અને ભુમીનું મીલન અશક્ય બન્યું.

તેના પપ્પાએ પોતાની જ્ઞાતીમાંથી આકૃતીને શોધી કાઢી. અને તેની જન્મકુંડળી મેળવીને આકાશને પરણાવી દીધો.

જન્માક્ષર તો મળ્યા; પણ જીવન જીવવાની સમજશક્તી, પ્રેમ, કુટુમ્બભાવના જેવી એક પણ સુરેખ આકૃતી આકાશના જીવનમાં આકૃતીએ ન દોરી. તેનાં લગ્ન પછી ટુંકા ગાળામાં જ મમ્મીનું અવસાન થયું. એકલવાયા પડેલા પપ્પાને આકૃતીના વર્તનને કારણે, વૃદ્ધાશ્રમમાં મુકવાની ફરજ પડી. વીચારોની ગડમથલ સાથે બાપ–દીકરો બન્ને વૃદ્ધાશ્રમ પહોંચ્યા. ઑફીસમાં નામ રજીસ્ટર કરવા ગયા ત્યારે મુખ્ય ખુરશી પર બેઠેલી સંચાલીકા પર નજર પડતાં જ પીતા–પુત્રના પગ ત્યાં જ થંભી ગયા!

પણ ભુમી ઉભી થઈ અને આકાશના હાથમાંથી તેના પપ્પાનો હાથ થામી લીધો.

–પ્રતીભા ઠક્કર (ભાવનગર)

લેખીકાના લઘુકથા–સંગ્રહ ‘પઝલનો માણસ’ (પ્રથમ આવૃત્તી – 2008, પૃષ્ઠ સંખ્યા – 60, કીંમત – રુપીયા 50, પ્રકાશક – ‘નવભારત સાહીત્ય મંદીર, દેરાસર પાસે, ગાંધી રોડ,

અમદાવાદ–380 001 ફોન– 079-2213 9253/ 2213 2921)માંથી સાભાર...

સંપર્ક – પ્રતીભા ઠક્કર, 118– ઠક્કર ઍડવોકેટ્સ, કાવેરી કોર્પોરેશન, નવાપરા, ભાવનગર– 364 003 ફોન– 0228-220 3366 મોબાઈલ -99 25 00 73 63

(વાચકોને સંબોધીને લેખીકાએ લખેલી 'મારી વાત'માં તેઓ લખે છે કે, 'ભાષા માટે ચાલતા 'ઉંઝાજોડણી'ના આ અભીયાનમાં સામેલ થઈ, હ્રસ્વ–દીર્ઘ 'ઈ–ઉ'ની મથામણમાં પડ્યા વગર લોકોનાં દીલ સુધી પહોંચવા માટે આ સરળ શૈલી મેં અપનાવી છે.'

આમ, લેખીકાએ પોતાના પ્રથમ પુસ્તકથી જ, ક્રાંતીકારી કથાબીજ અને કથનશૈલી જ નહીં; ઉમદા લેખનરીતી પણ અપનાવી છે.. ધન્યવાદ અને સ્વાગત છે સાહીત્યજગતમાં પ્રતીભાબહેનનું દીલથી...'સ.મ.' સંપાદકો.)

@

181 : 20-12-2009

‘મારી ખીર શરુ કરાવી દે’

–મહાવીર ત્યાગી

અનુક્રમણીકા

સને 1938માં દહેરાદુન જીલ્લાની જમીનોની સરકાર તરફથી તપાસ શરુ થઈ હતી. પહેલાં મેં આવો બંદોબસ્ત થતો જોયો ન હતો. એટલે મારે માટે એ વાત નવી હતી. એમાં આખા જીલ્લાની જમીનનાં માપ લેવાય. પછી દરેક ગામના ખેડુતો અને જમીનદારો ઉપર નોટીસ નીકળે. એમાં જણાવવામાં આવે છે કે, તમારા ખાતામાં અમુક અમુક નંબરો છે. એ જમીન ‘મૌરુસી’(વારસાગત) છે કે ‘શીકમી’(સાંથે), ‘સુફી’(ચોમાસુ) છે કે ‘પીત’ની, એ જમીન ઉપર મહેસુલ કેટલું છે અને કેટલા દીવસથી તમારો કબજો છે તે જણાવો. બધાં જ ગામના ખેડુતોએ વહીવટી ખાતાની કચેરીએ પહોંચી બધી વાતની સચ્ચાઈની ખાતરી કરાવી સહી–અંગુઠા કરવા પડતા.

ઓચીન્તો મને વીચાર આવ્યો કે લાંચરુશવત અટકાવવી હોય અને સાથે ખેડુતોનેય મદદ કરવી હોય તો આથી વધારે સારો અવસર જીન્દગીભર ફરી નથી મળવાનો. થઈ રહ્યું. મેં ઘોષણા કરી દીધી કે, ગામેગામના ખેડુતો પગે

ચાલતા સરઘસ કાઢીને દહેરાદુન આવે અને મારા 'રૈનબસેરા' (મારા ઘરનું નામઃ 'રાતવાસો')માં મુકામ કરે. ખાવાપીવાની સગવડ પણ ત્યાં હશે અને કાયદાકાનુનની સલાહ પણ ત્યાં મફત મળશે. પછી તો શું? દીવસમાં કેટલાંય સરઘસો ગીતો ગાતાં અને 'જય' પોકારતાં 'રૈનબસેરા'માં આવવાં લાગ્યાં. ગાંધીજીની જય દસ વાર બોલે તો મારી પણ બે વાર બોલે! રોજ બસોત્રણસો માણસ આવે, વીશ્રામ કરે અને રાતે સૌ ફરીયાદ સંભળાવે. બીજા દીવસના સવારે દસ વાગતાં સુધીમાં તમામ અરજીઓ તૈયાર થઈ જતી. પછી એ કાફલો સરઘસના રુપમાં મારી સાથે કચેરીએ પહોંચતો. હું અને કોન્ગ્રેસના મારા સાથીદારો આખો દીવસ કચેરીમાં ચોંટી રહેતા. ત્રીજો પહોર થાય એટલે લંગર(રસોડું) ખોલવામાં આવતું. બધા માણસો દાળ–ભાત, ચટણી અને છોલ્યાવગરનાં બટાકા–ટામેટાંનું શાક ખાઈને પાછા ચાલ્યા જતા.

જનસેવાના કામમાં મને એક વીચીત્ર અનુભવ થયો છે. જો કોઈ વ્યક્તી તન્મય થઈને સેવાકાર્યમાં લાગી જાય અને પોતાને લુંટાઈ જવા દે તો લોકો એને લુંટાવા દેતા નથી. એના પર લટ્ટુ થઈ જાય છે. માત્ર આઠ દીવસ મારા દાળ–ચોખા ખાધા પછી ખેડુતોમાં એવી હવા ફેલાઈ ગઈ કે જે આવે તે તેની સાથે લોટ, દાળ કે ચોખાની પોટલી બાંધતો આવે. કોઈ કોઈ

વાર તો ગુણની ગુણ ભરીને લેતા આવે. શી વાત! સીધું ભરપુર મળી રહેતું. એમાંથી એકલું ખાવાનું જ નહીં; પેલા મુનશીઓનો પગાર અને વકીલોની ફી પણ નીકળી જતાં. આ કામ છ મહીના સુધી રોજ ચાલ્યું.

જ્યારે કોઈને કામ ઘણું રહેતું હોય ને એ સમયે એની પત્ની મરી જાય ત્યારે એણે, સતત રમુજ કરતા રહેવાની પોતાની ભુખ પણ, એણે પોતે ઉપાડેલા કામ કરતાં કરતાં જ સંતોષવી પડે છે. જ્યારે કોઈ ખેડુત પોતાની વાત કહેવા મારી સામે ઉભો રહેતો ત્યારે હું એને કહેતો, ‘પહેલાં નક્કી કરો કે તમારું કામ થઈ જાય ત્યારે મને થાળી ભરીને ખીર ખવડાવશો?’ આખી સભા હસી ઉઠતી. એ જવાબ આપે, ‘ખીર તમનેયે ખરી ને તમારા કુતરાનેય ખરી.’ જો કોઈ ખીરની વાત ભુલી જાય તો હું એને ધમકાવતો –‘તમારી વાત તો કહેતા જાઓ છો, ને મારી વાત તો ભુલી જવાની, એમ ને? માળા, કંજુસ!’ બધા લોકો એકબીજા તરફ આંખ મારતા ને હસતા. આ રીતે મારી પાસે કંઈ નહીં તોયે હજાર ખીરની થાળીઓનાં વચન પડેલાં છે. આખી જીન્દગી સુધી ખાઉં તોય ખુટે તેમ નથી. અને હવે તો રાજકીય વારસાનો રીવાજ પડ્યો છે એટલે મારા પછી મારા છોકરાંને ખીર ખાવાનો હક રહેવાનો. આ ખીરવાળા મારા સાથી ખેડુતો જ મને મત આપીને પાર્લામેન્ટમાં મોકલે છે.

જમીનોનું કામ પુરૂં થયું એટલે વ્યક્તીગત સત્યાગ્રહ કરવાનો આવ્યો, એમાં જેલની સજા થઈ. એકાદ વરસ પછી છુટ્યો કે પાછો જેલમાં ગયો. આ અમારો છેલ્લો જેલવાસ હતો. બે વરસ પછી પાછો ફર્યો ત્યારે 'રેન બસેરા'માં ભાડુતો રહેતા હતા. માત્ર મોટરનું ગૅરેજ અને ઘાસ ભરવાની ઓરડી ખાલી હતી. આવડું મોટું ઘર અને હું તો એકલો. સામાન ઘાસમાં મુકાવી હું આમથી તેમ ફરવા લાગ્યો. મન જ્યારે વર્તમાનને ભુલીને ભુતકાળના કોઈ પ્રસંગમાં અથવા ભવીષ્યના કોઈ સ્વપ્ન કે કલ્પનામાં ડુબી જાય છે ત્યારે આ શરીર પણ મનની આજ્ઞા લીધા વગર શાસનમુક્ત થઈને જુના સ્વભાવ ને ટેવ અનુસાર કામ કરવા માંડે છે.

સામે કાંટાળા તારની વાડ હતી. તેમાં થઈને હું પેલી પાર પહોંચ્યો. અંદર ફુલવાડી બનાવી હતી. એક બાજું જંગલી ગુલાબનું ઝુંડ હતું ત્યાં પહોંચ્યો. એના પર નાનાં નાનાં ગુલાબો ભરચક ખીલ્યાં હતાં. ફુલોની વેરાયેલી પાંખડીઓ એમની અનાથ અવસ્થા જણાવતી હતી. એમાંથી એક ફુલ તોડીને મેં સુઘ્યું તો શર્મદાના અંબોડાની મહેક આવી ગઈ. જ્યારે શર્મદા યુ.પી. ઍસેમ્બલીની મૅમ્બર હતી ત્યારે તેણે આ ગુલાબની કલમ ગવર્નરની મડમ પાસથી આણી હતી. કહેવાય છે કે એ ગુલાબને વીલાયતના કોઈ પ્રદર્શનમાં ઈનામ મળ્યું હતું. અસલમાં આ

શર્મદાએ વાવેલો છોડ હતો. એ વધ્યો તેમ તેમ અમે પતીપત્ની એની નવી કુંપળો, પાંદડાં અને કળીઓ જોયા કરતાં હતાં. શર્મદા એનાં ફુલો પોતાના અંબોડામાં નાખતી હતી. મારા પગને આ તરફ આવવાની ટેવ પડેલી તે અહીં લઈ આવ્યા. એક ફુલ સુંઘતાં જ એવું લાગ્યું કે આ ફુલમાં કોઈનો આત્મા વસેલો છે. અને એકદમ મારા આખા શરીરમાં જાણે વીજળી દોડી ગઈ. હું લાગલો જ ઉર્દુનો શેર બોલી ગયો. એનો અર્થ મારા સીવાય બીજો કોઈ સમજી શકવાનો નથી.

અપને ચમનમેં ઘુમતા હું મીસ્લે અજનબી,
હૈ શાખો શજર સબ વહીં પર આશયાં નહીં.

દુનીયામાં ધીરજ પણ એક એવી ચીજ છે, જેનો સહારો લઈને સંસારમાં જેમને દુઃખ પડ્યાં હોય તે બધાં એમનાં દુખી દીલને દીલાસો આપે છે. આમ તો આંસુઓથી જીવની જ્વાળા હોલવાતી નથી; છતાંયે જરાક ઠંડક તો મળે છે. એ વખતે જે જે વાતોથી બીજાનું દીલ દુભવ્યું હોય તે તે યાદ આવે છે. પણ પંખી ઉડી ગયા પછી પશ્ચાત્તાપ કર્યો તોયે શું! મરેલાં પાછાં આવી શકે એ સંભવીત હોત તો દુનીયાનો રંગ જ જુદો હોત.

પત્નીવાળાઓને મારી સલાહ છે કે જે કરવું હોય તે કરે; પણ રાતે પત્ની દુધનો પ્યાલો આપે તો એને પથ્થર પર પછાડશો નહીં. એમ ન કહેશો કે તેં નથી પીધું તો હું પણ નહીં

પીઉં. જો વળી પત્ની મરી ગઈ તો એના દીલનો ડાઘ પેલા પ્યાલા પર મુકતી જશે. એ પ્યાલાને પછી નથી ફેંકી દેવાતો કે નથી એમાં દુધ પીવાતું મારા બધા જ પ્યાલાંઓ ઉપર એવી મહોબતના ડાઘ છે.

હું બહારની ઓરડીમાં રહેવા લાગ્યો. એમાં સુવા માટે એક ખાટલો, એમાં જ મારી ઑફીસનું ટેબલ, એમાં જ રેડીયો અને એમાં જ ચાનાં વાસણ. અહીં જ કલેક્ટર ને કમીશ્નર ને ગ્રામનીવાસીઓ આવતા હતા અને ખાટલા પર બેસી વાતો કરતા.

એક દીવસ દેહરાદુનથી વીસેક ગાઉ દુર ઢકરાની ગામના બે મુસલમાનો મારી ઓરડી તરફ આવતા હતા. સામે ચક પડ્યો હતો તે જોઈને અટકી ગયા. મેં અંદરથી એમને ઓળખી લીધા અને મોટેથી કહ્યું, “આવો મખમુલ્લા, અંદર ચાલ્યા આવો.” એમણે એકબીજા તરફ જોયું ને જરી વારમાં મખમુલ્લાની આંખમાંથી આંસુની ધારા ઢળતી ઢળતી દાઢીમાંથી ચુવા લાગી. મને થયું કે એમને ઘરે કશીક દુઃખદ ઘટના ઘટી હોવી જોઈએ. જેમને કોઈ કષ્ટ આવી પડતું તે મારે ઘરે આવી મન હળવું કરી લેતા. મખમુલ્લાને રોતા જોઈ ચકનો પડદો ઉઠાવી હું બહાર આવ્યો અને એમના ખભે હાથ મુકી મેં પ્રેમથી

પુછ્યું, 'કહો શી વાત છે? ઘરે બધા ખુશીમઝામાં છે?' આંસુ લુછી એણે જરા હસીને કહ્યું, 'કોઈ ખાસ વાત નથી. તેં મારું નામ લઈને મને બોલાવ્યો તેથી મને રડવું આવી ગયું.' અંદર આવી મખમુલ્લા અને તેના ભાઈ બન્ને પગ સાફ કરી ખાટલા ઉપર બેઠા. હું સામે ખુરસી ઉપર બેઠો હતો. મેજ ઉપર વીસ કે પચીસ રુપીયા મુકી મખમુલ્લાએ કહ્યું, 'જેલમાંથી છુટીને તું આવ્યો છે, કોણ જાણે તારી પાસે ખાવાનુંય હશે કે નહીં.' જમીનની આકારણી થઈ તે દીવસોમાં ખેડુતો વીવીધ પ્રકારની ચીજો મને ભેટ આપતા હતા. એક વખત ગામના એક માણસે નશો કરેલો, તેની ગંધ મને આઘેથી આવતી હતી. એણે ભરી સભામાં કાચા દારુનો શીશો મારા હાથમાં ઠસાવી દીધો અને કહ્યું, 'ગાંધી માર્કાની છે. થોડી થોડી પીજે.' મેં મખમુલ્લાના રુપીયા રાખી લીધા અને પુછ્યું, 'ઘરે બધા મઝામાં છે?' એણે કહ્યું, 'ખુદાની મહેર છે. બધા મોજ કરે છે અને તને દુઆ દે છે. આકારણી થઈ ત્યારે તેં મહેસુલ ઓછું કરાવી આપ્યું હતું. તું તો જેલમાં જતો રહ્યો. એ પછી પરવર દીગારની એવી બરકત થઈ કે બસ પુછો જ નહીં. એક તરફ જર્મન લોકોની લડાઈ શરુ થઈ અને બાસમતીના ભાવ પીસ્તાળીસ રુપીયા સુધી ચડી ગયા. મજુરોએ મજુરીનો રોજનો સવા રુપીયો કરી દીધો. બસ, મેં, મારા છોકરા, છોકરાની વહુઓ અને છોકરીઓના જમાઈઓ એ બધાંને કામમાં જોડી દીધાં. ખેતરોમાં બાસમતી ચોખા રોપી

દીધા. એક જ ફસલમાં મારું કરજ પણ ઉતરી ગયું અને બે ભેંસ પણ ખરીદી લાવ્યો. બેચાર દીવસ તો બળી ખાધી. પછી જ્યારે દુધ ફાટવાનું બંધ થયું ત્યારે છોકરાની વહુએ ખીર બનાવી. થાળીમાંથી બે કોળીયા ખાધા હશે ને અચાનક મને તું સાંભર્યો. યા અલ્લા! જેણે ખીર ખવરાવી તે તો જેલમાં પડ્યો છે અને તું ખીર ખાય છે? બસ, ત્રીજો કોળીયો મોંમાં ના પેઠો. તે દી'ની ઘડી ને આજનો દી' – ત્રણ વરસ થઈ ગયાં. તારા ખેદમાં મારે ઘેર ખીર નથી બની. હવે તું ચાલ, મારી ખીર શરુ કરાવી દે.'

મખમુલ્લાની વાત યાદ કરીને મને આજે પણ એમ લાગે છે કે જનસેવાનું આથી ઉંચું પ્રમાણપત્ર મને આજ સુધી મળ્યું નથી ને હવે પછી મળશે પણ નહીં. ખરો 'ગાંધી માર્કો' તો આ હતો. એના નશાના અમે બંધાણી હતા. હવે તો મોસમ બદલાઈ ગઈ છે. સેવા અને શાસન બન્ને નશા એક સાથે નથી કરી શકાતા. જો સેવા મુખ્ય હોય તો શાસન પણ સારી રીતે ચાલે; પણ જ્યારે શાસન ઉંચે અને સેવા નીચે– એવું થઈ જાય છે ત્યારે દેશની સલામતી નથી. આ ચોપડી છપાય તે પહેલાં મારા મીત્ર મખમુલ્લાનો ફોટો લેવા હું ઢકરાની ગયો હતો. પણ તેમનો તો દેહાંત થઈ ગયો હતો. ઈશ્વર એમના આત્માને શાંતી આપે.

–મહાવીર ત્યાગી

લેખકના ‘સ્વરાજની લડતના તે દીવસો’ પુસ્તક(પ્રકાશક–‘સસ્તું સાહીત્ય વર્ધક કાર્યાલય’, ભદ્ર, અમદાવાદ–380 001 ચોથી આવૃત્તી–2001 પૃષ્ઠ–132 મુલ્ય–રુપીયા વીસ)ના પાન ક્રમાંક 62થી 71 પરથી–થોડું ટૂંકાવીને સાભાર....ઉત્તમ ગજ્જર

અને છેલ્લે...

પં મોતીલાલ નેહરુને પોતાને હાથે શાકભાજી બનાવવાનો ને કડક ચા તૈયાર કરવાનો ભારે શોખ હતો. સને 1921ની વાત છે. લખનૌ જેલની દીવાની બૅરેકમાં અમને રાખવામાં આવ્યા હતા. ત્યારે એમનાં શાકભાજી હું સુધારી આપતો હતો. એક વાર એમણે બટાકાની સુકી ભાજી બનાવી હતી. હું કોઈ બીજી બૅરેકમાં ગપ્પાં હાંકવા ચાલ્યો ગયો હતો. પાછા આવીને મેં પુછ્યું, ‘ભાજી ઠંડી પડી ગઈ છે, ભાઈજી, તમે કેમ ખાધી નહીં?’ એમણે કહ્યું, ‘કેવા ઉમંગથી બનાવ્યું છે! પણ તું જતો રહ્યો તડાકા હાંકવા. હું શું એકલો એકલો ખાઉં?’ સુખની ખરી મઝા તો સહીયારી રીતે માણવામાં છે. આ જ નીયમ દુઃખને પણ લાગુ પડે છે. હસવા માટે કોઈ સાથીદારની જરુર પડે છે; તેમ રડવાનું પણ પોતાના ગણાય એવા માણસોની વચમાં હોય તો જ ફાવે.

આજકાલ સંસાર વ્યાપારપ્રીય થતો જાય છે. આથી પ્રેમ પણ એક ધંધાદારી વસ્તુ બની ગઈ છે. બધું જોઈ વીચારીને જ પ્રેમ કરવામાં આવે છે; અને ઘીમાં લોકો જેમ ડાલ્ડા ભેળવે છે તેમ પ્રેમમાં ખુશામત ભેળવે છે. પોતે તો કોઈના પર પ્રેમ કરતા નથી; છતાં બીજા એમના પર આશક થઈ જાય એમ ઈચ્છે છે.

–મહાવીર ત્યાગી

'સ્વરાજની લડતના તે દીવસો' પુસ્તીકાની લેખકે લખેલી 'પ્રસ્તાવના'ના અંશો..

લખાયા તારીખ 31-12-1962

'રૈનબસેરા'– દેહરાદુન



182 : 03-01-2010

કવીતાનો 'ક'

–સુનીલ શાહ

અનુક્રમણીકા

.1.

મળ્યા ઘાવની હું અસર સાચવું છું.
હૃદયમાં બધાની કદર સાચવું છું

છલોછલ થયું છે, આ સ્વપ્નોથી ભીતર,
કૈં સપનાં હવે આંખ પર સાચવું છું.

પ્રથમવાર જોયાં હતાં, જે નજરથી,
હૃદયમાં, હજી એ નજર સાચવું છું.

લગાતાર હું છેતરાયો વસંતે,
ને તેથી, સતત પાનખર સાચવું છું.

સનાતન છે આ દર્દ મારું, એ કારણ,
હજી આંસુઓને ભીતર સાચવું છું.

તમે આમ અધવચ ગયા હાથ છોડી,
છતાં, યાદની હું સફર સાચવું છું.
છે, અકબંધ યાદો તમારી સૌ ખુણે,

હું ટહુકા વીનાનું એ ઘર સાચવું છું.

.2.

હું ભલે ને આભમાં ઉડવાને અહીં સક્ષમ નથી,
પણ ધરા પર પાંખ ફેલાવી શકું એ કમ નથી.

શ્વાસ પાંખોમાં દબાવી ડાળ પર ઝુલે વીહંગ,
એય જાણે છે, અહીં રહેવાનું તો કાયમ નથી.

મારા નાજુક સ્પર્શથી વીહ્વળ પ્રીયે તું ના થતી,
હું તને તરછોડું, એવી વાતમાં કૈં દમ નથી.

સ્વપ્નની સાથે બનાવી રાખવા દુરી અમે,
પાંપણો રાખી છે ખુલ્લી, એનો કોઈ ગમ નથી.

માત્ર વીસ્તરવું કશાયે કામનું હોતું નથી,
રણ, તું પગલાં સાચવી શકવા હજી સક્ષમ નથી.

.3.

પાંપણોની ભીતરે ચોપાસ શોધી રાખજે,
તું ટપકતાં આંસુનો ઈતીહાસ શોધી રાખજે.

સ્નેહનો દરીયો વહે છે આયખાને આંગણે,
પી શકું સઘળું, તું એવી પ્યાસ શોધી રાખજે.

ફુલ ભમરાને લઈ લે બાથમાં, એ રીતે તું,
આપણી વચ્ચે નવો વીશ્વાસ શોધી રાખજે.

સાંજને છેડે ભલે ઢળતો રહે છે સુર્ય, પણ,
જાતમાંથી તું સ્વયં અજવાસ શોધી રાખજે.

લાગણીની ભીની કુંપળ ફુટવા લાગી છે અહીં,
આ હૃદયથી તે હૃદયનો પ્રાસ શોધી રાખજે.

.4.

પગલું મુક્યું છે તો રસ્તો થઈ જશે,
માપવાનો ખુદને, મોકો થઈ જશે.

એક બારી હું ઉઘાડું, એક તું,
સામસામે રાહ ખુલ્લો થઈ જશે.

તું પુરાવા પ્રેમના માંગીશ ના,
સ્પર્શ કેવળ કર, ભરોસો થઈ જશે

ડાળ તુટી, વૃક્ષને ધ્રાસ્કો પડ્યો,
છાંયડો કોઈને ઓછો થઈ જશે.

તું વહે છે, તો વહ્યા કરજે સતત,
ભીતરી મૃગજળનો દરીયો થઈ જશે.

.5.

દીલાસો આપવાનું આખરે ચુકી જવાયું છે,
હૃદયને ઠારવાનું આખરે ચુકી જવાયું છે.

તને, લે દોરવા બેઠો અહીં હું મુજ અહમ્ લઈને,
હતું જે ત્યાગવાનું આખરે ચુકી જવાયું છે.

બીજાને જાણવામાં જીન્દગી આખી ગઈ છે દોસ્ત,
ને ખુદને જાણવાનું આખરે ચુકી જવાયું છે.

તેં ફેલાવ્યો પ્રણયનો હાથ પણ; સમજી શક્યો ના હું,
હથેળી ચુમવાનું આખરે ચુકી જવાયું છે.

વહે છે ગુંગળાઈને હજીયે બંધનોનાં નીર,
કીનારા તોડવાનું આખરે ચુકી જવાયું છે.
જઈ પાલવ સુધી એના, પવન ભીનો થયો છે આજ,
એ આંસુ રોકવાનું આખરે ચુકી જવાયું છે.

.6.

મૌનની ઈમારતો નીચે દબાયું છે કશું,
હચમચાવી નાંખશે પાયા, ઘવાયું છે કશું.
આંગણે લ્યો, સાથીયા પુરી અમે બેઠા છીએ,
તોય દીવા જેવું તારાથી લવાયું છે કશું?

આજ સુક્કીભઠ્ઠ ડાળીઓ મને પુછી ગઈ,
મુળ ને જળની વચાળે ખોરવાયું છે કશું?

હું સતત શોધી રહ્યો છું ફુલમાં તુજને પ્રીયે,
મ્હેંકના આ મ્હેલની અંદર છુપાયું છે કશું.

તું મળી જો જાય તો વરસાદનું શું કામ છે?
આપણે ભીંજાઈશું અહીં, ક્યાં પરાયું છે કશું?

પ્રેમ છે કે છે પ્રવાહી, જાણ એ ન્હોતી 'સુનીલ',
હોઠ પર લઈ હોઠ એના, પી જવાયું છે કશું.

.7.

આંખમાં જળ જ્યાં સમાયું,
ત્યાં સરોવર ઓળખાયું.

શ્વાસ સાથે શું ભરાયું?
કે હૃદય પણ દોરવાયું!
એ સમંદર થઈ ગઈ પણ,
મોજું તારાથી થવાયું?
હું સમેટી બેઠો ખુદને,
કે તમસ ભીતર છવાયું.

છે અકળ પોલાણ ભીતર,

કોઈથીયે ક્યાં ભરાયું?

આ જીવન મૃગજળ સમું છે,
તોય લે, ખાસ્સું જીવાયું!

.8.

એના જવાથી રોજની પીડા થતી રહી,
એની હયાતીની જ્યાં ઉપેક્ષા થતી રહી.

ચાતક જુએ છે જેમ અહીં ખાલી વાદળાં,
દરરોજ એમ એની પ્રતીક્ષા થતી રહી.

ફુલાય છે આ માટી, લઈ માટલાનું રુપ,
જળ જ્યાં ભરાયું એની પરીક્ષા થતી રહી.

આંખો ક્ષીતીજને જોઈ રહી એ જ શોધવા,
કે ચાંદ પુર્ણ ઉગે એ ઈચ્છા થતી રહી.
કંડારતો ગયો છું હું કેડી નવી નવી,
પગલાંની તોય કેમ ઉપેક્ષા થતી રહી?

.9.

વૃક્ષની આજે નીયત શાને તપાસો,
કે, તમે તડકે ધરી જોયો છે વાંસો?

મેઘની આવી રહી છે લ્યો સવારી,
વીજરૂપે મોકલે છે આભ જાસો.
આ તીરાડો ભીંતની કે ભીતરી છે?
પોપડા ખરતાં પહેલાં એ ચકાસો.

ભાગ્યને મારા ચકાસી લઉં સતત હું,
રોજ એની બાજુ ફેંકું એક પાસો.

એકથી બીજા સુધી પ્હોંચી શક્યા નહીં,
દોસ્ત, કોને કોણ દે એનો ખુલાસો?

છત જવાની રોજ બનતી હોય ઘટના,
પણ તમે ત્યાં જઈને દીધો છે દીલાસો?

.10.

દીશા સાચી હતી તેથી કીનારો મેળવી લીધો,
નહીંતર માર્ગ દરીયાનો, કદી ક્યાં હોય છે સીધો!
હશે એને બધાં ફુલો ઉપર વીશ્વાસ અઢળક કે,
ન પુછી જાત કોઈ ફુલની, ને માત્ર રસ પીધો!
હકીકત એ જ છે કે કૌરવો સામે મળે છે રોજ,
છતાં હસ્તો ચહેરો રાખવાનો દંભ મેં કીધો!
નથી ફરીયાદ હું અંધારની એને કદી કરતો,
કે જેણે રાત દીધી છે, દીવસ એણે જ તો દીધો!

બીલાડી રોજ આડી આવશે એ વાત છે નક્કી,
તમે રસ્તો ન બદલો બસ, ઈરાદો રાખજો સીધો.

અછાંદસ:

એ કળાને તો,
માણસે ક્યારનીયે
આત્મસાત્ કરી લીધી છે,
હવે,
એકાધીકાર
ખતમ થઈ ગયો છે,
કાચીંડાનો..
રંગ બદલવાનો..!

* સુનીલ શાહ *

કવીસંપર્કઃ
N–101, ન્યુઝ એવન્યુ ઍપાર્ટમૅન્ટ, આનંદ મહેલ રોડ,
અડાજણ, સુરત- 395 009
ફોનઃ 0261-273 2226 મોબાઈલઃ 94268 91670
ઈ–મેઈલઃ sunilshah101@gmail.com
કવીનો બ્લોગઃ http://sunilshah.wordpress.com

&&&

183 : 17-01-2010

સાઈકલનો અવાજ

–'હરીશ્ચન્દ્ર'

અનુક્રમણીકા

હું આ ત્રીજી વાર અમેરીકા આવ્યો છું. જગ્યાની શોધમાં છું. ઈન્ફર્મેશન ટૅકનોલૉજીમાં કામ કરનારા અમારા જેવાની આ જ દશા છે. કોઈ એક જગ્યાએ ડેરા નાખીને રહેવાનું ન હોય. જ્યાં પ્રોજેક્ટ મળે ત્યાં જઈને રહેવું પડે. પ્રોજેક્ટ પુરો થયો કે બીસ્તરા–પોટલાં બાંધો અને સ્વદેશ સીધાવો. ડૉલરનું આકર્ષણ અહીં તાણી લાવે.

આ વખતે મારી કંપની છે, એક કસ્બામાં. મકાન શોધતો રહ્યો. બે અઠવાડીયાં હૉટેલમાં રહ્યો. છ–બાર મહીના માટે આવનારા મારા જેવાને સ્વતંત્ર મકાન કરતાં ઍપાર્ટમૅન્ટ વધુ માફક આવે છે. બરફ પડે ત્યારે કારના પાર્કીંગ માટે જગ્યા સાફ કરવી, ઘાસ ઉગી જાય ત્યારે તેને કાપવું, બાથરુમમાં નળ બગડ્યો કે તેને દુરસ્ત કરવો – આવી કોઈ ઝંઝટ જ નહીં. બધું ઍપાર્ટમૅન્ટના વ્યવસ્થાપક કરી દે. આપણે બસ, ભાડું ચુકવી દીધું કે છુટ્ટા!

હું આવ્યો તે કસ્બામાં ઍપાર્ટમૅન્ટ ઝાઝાં નહોતાં. સ્થાનીક છાપાંઓમાં અને ઈન્ટરનેટ પર વેબસાઈટમાં જોઈ હું

જગ્યા શોધતો રહ્યો. કાંઈ મેળ પડતો નહોતો. ક્યાંક ભાડું મને પોષાય તેમ નહોતું. અને ખાસ તો મને ભોંયતળીયે કે પહેલે માળે નહીં; ઉપર બીજા માળે જગ્યા જોઈતી હતી. ગયા વખતનો મારો અનુભવ બહુ ખરાબ હતો. અહીં મોટે ભાગે ફ્લોરીંગ લાકડાનું હોય. ઉપરના માળે કાંઈ ને કાંઈ હલચલ થાય કે નીચે આખો વખત ભુકંપનો અનુભવ થયા કરે.

ઉપરની તો કોઈ જગ્યા મળી નહીં; એટલે છેવટે ભોંયતળીયાની જ લેવી પડી. છ મહીનાનું કરારનામું કર્યું અને હું ત્યાં રહેવા ગયો. જરુરી સામાન ખરીદ્યો. પણ પ્રથમ ગ્રાસે જ મક્ષીકા! હજી હું માંડ બધું ગોઠવતો હતો, ત્યાં જ ઉપર ધમ્મ કરતી કોઈ ચીજ પડ્યાનો અવાજ આવ્યો. થોડી વાર થઈ ત્યાં ઉપર કોઈ સાઈકલ ચલાવતું હોય એવો અવાજ આવ્યો. થોડી વાર પછી ફરી સાઈકલ ચલાવવાનો અવાજ. મેં માન્યું કે ઉપર કદાચ નાનાં છોકરાંવવાળું કુટુમ્બ રહેતું હશે. પણ હવે શું કરું? મેં એમ માનીને મન મનાવ્યું કે, આખો દીવસ તો મારો ઓફીસમાં નીકળી જશે, અને રાતે છોકરાં જમ્પ્યાં હશે; એટલે વાંધો નહીં આવે.

પરન્તુ મારી આશા ઠગારી નીવડી. થોડો વખત ટીવી જોઈને રાતે અગીયાર વાગ્યે પથારીમાં પડ્યો ત્યારેય ઉપર કાંઈ ને કાંઈ ખટપટ ચાલતી જ હતી. વચ્ચે–વચ્ચે સાઈકલનોયે અવાજ આવતો રહ્યો. મને ઉંઘ આવતાં બે વાગી ગયા!

હું તંગ આવી ગયો હતો, આવું તો કેમ ચાલશે? ઑફીસમાં મારા અમેરીકાના સાથીદારોને વાત કરી. તેણે સુચવ્યું કે તારી પરેશાનીની વીગત આપતો એક પત્ર લખીને ઉપરવાળાની પત્રપેટીમાં નાખી દે, જરુર કાંઈક ફરક પડશે. મેં ઑફીસમાં જ પત્ર ટાઈપ કરી નાખ્યો. ઘરે જઈ ઉપરવાળાની પત્રપેટીમાં નાખી દીધો. પણ મારું ધ્યાન ગયું કે પેટી ઠસોઠસ ભરેલી હતી. ઘણા દીવસથી તેમાંની ટપાલ કઢાઈ નહીં હોય.

તે રાતે પણ આગલી રાતનું જ પુનરાવર્તન. કાનમાં રુનાં પુમડાં નાખીને સુતો, ત્યારે ઉંઘ આવી! આમ, ચાર–પાંચ દીવસો નીકળી ગયા. મારા પત્રની કોઈ અસર નહોતી. છેવટે મને થયું, રુબરુ જ જઈને કહી આવું.

હું ઉપર ગયો. બારણું ઠોક્યું. ઘંટડી જોઈ એટલે તેનું બટન જોરથી દબાવ્યું. અંદરથી અવાજ આવ્યો, 'કમ ઈન..... દરવાજો ખુલ્લો જ છે.' ધીરેથી દરવાજો ખોલી હું અંદર ગયો. અંદર ઝાંખું અજવાળું હતું. કોઈ માણસ દેખાતું નહોતું. ટીવી પર જોરદાર ચર્ચા ચાલતી હતી કે ઈરાકનું યુદ્ધ જરુરી હતું કે નહીં. ત્યાં અંદરના રુમમાંથી ફરી અવાજ આવ્યો, 'જરા થોભો, હું આવું છું.'

મને થયું, ઘરમાં કેમ બીજું કોઈ દેખાતું નથી? ત્યાં મારી નજર ખુણામાં પડેલ કાંખઘોડી અને કૃત્રીમ પગ પર પડી. તેવામાં અંદરથી મારો પરીચીત સાઈકલનો અવાજ આવ્યો.

અને પૈડાંવાળી ખુરશી પર બેઠેલો પચીસ–ત્રીસ વરસનો એક જુવાન મારી સામે આવ્યો. તેની આંખોમાં હતાશા હતી. તેનો ડાબો ચહેરો દાઝીને કુરુપ થઈ ગયો હતો. હું તો અવાક્ થઈ ગયો! એકદમ પાછો ફરી ગયો. કાંઈ પણ કહેવાના હોશ મારામાં ન હતા. હું ભાગ્યો. એ મોટેથી કહી રહ્યો હતો, ‘અરે, આવો ને! મારું નામ સ્મીથ.... સ્મીથ મૅક્સવેલ. આવો, વાતો કરીએ!’

મારા મનમાં ઘમસાણ ચાલી રહ્યું હતું. આવી તો મેં કલ્પનાયે નહોતી કરી. તે પોતાની પૈડાંગાડી દરવાજા સુધી લાવી મને કહી રહ્યો હતો, તે મેં સાંભળ્યું,—‘કમ સે કમ મારી ટપાલપેટીમાંથી મારી ટપાલ આપી જશો? તમારો આભાર!’

નીચે ઉતરી, જઈને મેં પેટીમાંની બધી ટપાલ કાઢી. તેમાં મારો પત્ર પણ હતો, તે મેં પાછો લઈ લીધો. ઉપર જઈ તેને ટપાલ આપી હું ઝટ નીચે ઉતરી આવ્યો.

પાછળથી એપાર્ટમેન્ટના વ્યવસ્થાપક પાસેથી જાણ્યું કે આ જ ઘરમાં તે તેનાં માતાપીતા સાથે રહેતો હતો. એકાદ વરસ પહેલાં ઈરાક યુદ્ધમોરચે બૉમ્બ ફાટવાથી એ પોતાના બન્ને પગ ગુમાવી બેઠો હતો. આ અકસ્માતના સમાચાર મળતાં જ એના પીતાને

હાર્ટ ઍટેક આવ્યો અને એ ચાલ્યા ગયા. એની સાવકી મા થોડા દીવસ પહેલાં જ બીજું લગ્ન કરીને ચાલી ગઈ. એની ગર્લફ્રેન્ડ પણ એને આ અવસ્થામાં છોડી ગઈ છે.....

મારુ મન ખીન્ન થઈ ગયું. મને તેને માટે અપાર લાગણી થઈ આવી. હવે હું બે–ચાર દીવસે એની પાસે જઈને બેસતો, એનું કાંઈ ને કાંઈ કામ કરી આપતો. સાઈકલનો અવાજ હવે મને કનડતો નહોતો.

–'હરીશ્ચન્દ્ર' (શ્રી શરત્ નોણબુરુની કન્નડ વાર્તાને આધારે)

તા. 1 જુલાઈ 2009ના 'ભુમીપુત્ર' પાક્ષીકના અંકમાંથી સાભાર..



184 : 31-01-2010

જીભ

મનુષ્ય એટલે જ જીભ

-જ્યોતીન્દ્ર દવે

અનુક્રમણીકા

મનુષ્યની સર્વ ઈન્દ્રીયોમાં જીભનું સ્થાન વીશીષ્ટ છે. બીજી બધી ઈન્દ્રીયો કરતાં એનું મહત્ત્વ પણ વીશેષ છે, કાન, હાથ, પગ આદી બબ્બે છે ને તે કાર્ય એક જ કરે છે. સાંભળવાનું એક કામ કરવા માટે બે કાન, શ્વાસ લેવાનું એક કામ કરવા માટે બે નસકોરાં, ચાલવાનું એક કાર્ય કરવા માટે બે પગ, જોવાના એક કામ માટે બે આંખ; પણ બોલવાનું અને સ્વાદ ચાખવાનું, એમ બે કામ માટે એકલી જીભની જ નીમણુક કરવામાં આવી છે!

ઘણીખરી ઈન્દ્રીયો પર આપણો કાબુ નથી. આપણી ઈચ્છા વીરુદ્ધ પણ પરસંસ્કારની અસર એના પર થયા વગર રહેતી નથી. કોઈ આપણને ગાળ દેતું હોય ને તે સાંભળવી કુદરતી રીતે જ આપણને ન રુચતી હોય તો પણ; આપણા પોતાના કાન એ ગાળ આપણા મગજ સુધી પહોંચાડ્યા વીના નહીં રહે. ન જોયા જેવું આંખ અનેક વાર જુએ ને માથું ફેરવી નાખે એવી દુર્ગંધ નાસીકા મગજને પહોંચાડે છે. પરંતુ જીભની

ઉપર તો મનુષ્યની પુરેપુરી સત્તા પ્રવર્તે છે. એની ઈચ્છા હોય તો જ બોલવાનું કે સ્વાદ આપવાનું કાર્ય જીભ કરી શકે, અન્યથા નહીં.

બોલવાનું ને ખાવાનું–દુનીયાનાં બે મોટાં કાર્ય એક નાનકડી જીભ બજાવે છે. માનવજીવનમાં આના કરતાં વધારે ઉપયુક્ત કે જરુરી બીજાં કોઈ કાર્ય નથી. એ બન્ને કાર્યની મનુષ્યના જન્મથી શરુઆત થાય છે ને જીવનનો અંત આવતાં સુધી ચાલે છે–અથવા મનુષ્યના મરણ પછી પણ એની જીભનું કાર્ય તો ચાલુ જ રહે છે. એનાં મત, અભીપ્રાય, વચન આદીનો પાછળનાંઓ વારંવાર ઉલ્લેખ કરીને એની વાણીને અમર બનાવે છે ને એની પાછળ બારમું, તેરમું, શ્રાદ્ધ, વરસી આદી પ્રસંગો યોજીને એની રસાસ્વાદની અભીલાષાને મરણ પછી સંતોષે છે. આમ, જીભનું કાર્ય મનુષ્યના જન્મથી શરુ થાય છે અને તેના મરણ પછી પણ ચાલુ રહે છે. વૃદ્ધાવસ્થામાં બીજી ઈન્દ્રીઓ શીથીલ થઈ જાય છે, ત્યારે પણ જીભ તો એવી ને એવી બળવાન રહે છે. ઘણીવાર તો બીજી ઈન્દ્રીયોની શક્તી એનામાં ભેગી થતી હોય એમ લાગે છે. ઘરડી આંખ, ઘરડું મગજ એ નીર્બળતાની નીશાની છે; પણ ઘરડી જીભ એટલે અનુભવે અને સંસ્કારે, બળમાં અને કળમાં દુર્જેય બનેલી જીભ એમ જ સમજવાનું.

રસાસ્વાદનો અધીકાર જીભને મળ્યો છે, એના વડે જ સ્વાદનું જ્ઞાન થાય છે માટે એને જ્ઞાનેન્દ્રીય ગણીએ તો ગણી શકાય. બોલવાનું કાર્ય એ કરે છે એટલે કર્મેન્દ્રીય પણ કહી શકાય. શ્રીમદ્ ભગવદ્ ગીતાની પેઠે જ્ઞાન અને કર્મનો એ સુંદર સમન્વય સાધી બતાવે છે. મન અને હૃદય બેની વચ્ચે એનું સ્થાન છે તે બહુ સુચક છે. બન્નેને એના વીના ચાલતું નથી. બન્નેના પ્રતીનીધીની ગરજ એ જ સારે છે. મનના વીચાર અને હૃદયની ઉર્મીઓને જીભ જ વ્યક્ત કરે છે. વીદ્યાર્થીઓને ગણીત કે તત્ત્વજ્ઞાનના મુશ્કેલ કોયડાઓ સમજાવતી જીભ જ પ્રીયતમાના સાંનીધ્યમાં પ્રણયવચનો ઉચ્ચારે છે.

જેમ કેટલીક કુલવધુઓ આખા ગૃહનો ભાર ચલાવે છે, છતાં ગૃહ બહારનાંને તેના દર્શન પણ થઈ શકતાં નથી, તેમ જીવનનાં બે સૌથી મુખ્ય કાર્ય કરતી હોવા છતાં જીભ ઘણુંખરું અદૃશ્ય રહે છે.

સ્નીગ્ધ, કોમળ, નાની, નાજુક ને નમણી એવી જીભ અનેક રીતે સ્ત્રીના સરખી છે. આપણે એની પાસે સૌથી વધારે કામ લઈએ છીએ. તે છતાં બને ત્યાં સુધી એને ઓઝલ પડદામાં રાખીએ છીએ. રસોઈ બનાવીને સ્ત્રી આપણી રસવૃત્તીને પોષે છે ને સુંદર ઘરેણાંલુગડાં પહેરીને આપણી અભીમાનવૃત્તીને પોષે છે. તેવી જ રીતે જીભ આપણી સ્વાદવૃત્તીને સંતોષે છે ને સરસ શબ્દો વડે આપણાં વખાણ કરી અભીમાનવૃત્તીને ઉત્તેજે

છે. સ્ત્રીની પેઠે જીભ ઘાયલ પણ કરે છે ને ઘા રુઝાવે છે. तुम्हींने दर्द दीया है तुम्हीँ दवा देना એમ આશુક માશુકને કહે છે તે જ રીતે જીભને પણ કહી શકાય. કોઈનું અપમાન કરી તેને ઘાયલ કરનારી જીભ, પાછળથી જરુર પડયે તેનાં વખાણ કરી, પોતે પાડેલાં ઘાને રુઝાવી શકે છે. પુરુષનાં પાપોનું પ્રાયશ્ચીત્ત કેટલીક વાર સ્ત્રીને કરવું પડે છે તેમ પેટ આદીના રોગોના ભોગ જીભને બનવું પડે છે. પેટમાં અપચો થતાં જીભ પર ચાંદી પડે છે. પેટની વાત જીભ તરત જ બહાર કહી દે છે. અબળા વર્ગ તરફથી ઘણી વાર ગૃહનાં છીદ્રો બહારનાંને જાણવાનાં મળે છે, તે જ પ્રમાણે દેહના રોગોના નીદાન માટે તજ્જ્ઞો જીભ પર ઘણો આધાર રાખે છે.

ફીકી, સફેદ, નરમ, પહોળી ને અસ્થીર જીભ પાંડુ રોગની સુચક છે. ભુરાશ પડતી જીભ છાતીનાં દરદોનો સંભવ દર્શાવે છે. વચ્ચે છારીવાળી ને છેડે રતાશવાળી જીભ અપચો વગેરે અન્ય ઉદરરોગનું સુચન કરે છે. મુખ બહાર કાઢતાં એક બાજુથી બીજી બાજુએ જીભને હલાવી ન શકાય તો એ પક્ષાઘાતનું ચીહ્ન ગણાય છે. આમ જીભ દેહનાં અનેક દરદો ખુલ્લાં કરે છે.

પરંતુ જીભ માત્ર શરીરના વ્યાધીઓ જણાવતી નથી. એ મનુષ્યનાં ગામ, જાતી આદીની પણ માહીતી વગર પુછયે આપી દે છે. બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, શુદ્ર એ ભેદો પણ કદાચ

જીભને આધારે કરવામાં આવ્યા હશે. જેની જીભ સહેલાઈથી, નહીં જેવા કારણે, ભયંકર શાપ આપી શકે તે બ્રહ્મર્ષી; જેની જીભ વેદમંત્રોના ઘન, જટા, ક્રમ ઈત્યાદી પ્રકારે પાઠો કરી કસરત કરે ને સોમરસનું આસ્વાદન કરે તે બ્રાહ્મણ; જેની જીભ વીરરસની વાતો કરે ને કસુંબાપાણીમાં રાચી રહે તે ક્ષત્રીય; પૈસાની વાત સાંભળી જેની જીભ ભીંજાઈ જાય તે વૈશ્ય ને જેની જીભ ઘણુંખરું મૌન સેવે ને ઈતર વર્ણના હુકમ સાંભળી 'હા, માબાપ!' કહે તે શુદ્ર. અત્યારે આ વર્ગભેદ લોપાતા જાય છે અને તેને બદલે નવીન ભેદો રચાતા જાય છે. જેની જીભ 'યુ ગધ્ધા! બેવકુફ–સુવર!' એમ ઉચ્ચારતી હોય ને દિવસમાં ચારપાંચ વાર વીવીધ ઉત્તમ વાનીઓનો રસાસ્વાદ માણતી હોય તે ઉત્તમ વર્ગના મનુષ્યો. જેની જીભ 'માબાપ, સરકાર, પ્રભુ' એવો પાઠ પઢ્યા કરતી હોય ને બેએક દીવસે એક વાર, અતીશયોક્તીમાં જેને અન્ન કહી ન શકાય, એવું કંઈક આરોગતી હોય તે નીચ વર્ગનો મનુષ્ય. 'રજાબજા નહીં મળે, સમજ્યા? જુઓ, આજે જરા બેત્રણ કલાક વધારે બેસજો. ને આવતે મહીનેથી તમારા પગારમાં દશ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.' એમ જેની જીભ બોલતી હોય તે ઉપરી અધીકારી. 'સાહેબ છે–તે–છે–તે–જરા આજે–આજે જરા–એમ કે સાહેબ, આજે જરા વહેલો ઘેર જાઉં? ઘેર માંદગી છે. સાહેબ, સાહેબ, બાકીનું કામ ઘેર લઈ જઈશ' એમ બીતાં

બીતાં કરગરતે અવાજે ને દીન મુદ્રાએ બોલે તે કારકુનીયા જીભ.

જીભ આમ માણસનાં, જાતીકુલ જ નથી જણાવી દેતી; પરંતુ એ કયા શહેરનો કે ગામનો છે તે પણ એ કહી દે છે. એક વખત ભરુચમાં મેં બે મનુષ્યોને વાગ્યુદ્ધ ખેલતા જોયા હતા અને તે વેળા મને ખુબ નવાઈ લાગી હતી. વાગ્યુદ્ધ ખેલતા હતા તેની નવાઈ નહોતી લાગી–બે માણસો મળે ને લડે નહીં તો નવાઈ લાગે–લડે તેમાં નવાઈ નથી એ હું સારી રીતે જાણું છું. “તું લાલચોલ ડોલા કાઢીને ગાલ પર ગાલ દે છે તે માલ પરથી નીચે ઉતરની! બતાવી દઉં!” એકે કહ્યું. “સાલા, તારું મોં ઉજલું છે પણ કરમ તો કાલાં છે. ધોલામાં ધુલ પડી તારા!” બીજાએ ઉપરથી જવાબ દીધો. આ બંને યોદ્ધાઓએ એકમતે ‘ળ’કારનો બહીષ્કાર કરેલો જોઈ મને નવાઈ લાગી! તે પછી ભરુચમાં લગભગ બધા જ માણસોને મેં ‘ળ’ને સ્થાને ‘લ’ વાપરતા સાંભળ્યા હતા. સુરત, વડોદરા, અમદાવાદ બધે સ્થળે ‘ળ’ બોલાય છે ને ભરુચમાં કેમ બોલાતો નથી એ ઉચ્ચારશાસ્ત્રનો વીષમ કોયડો છે. મને લાગે છે કે બાળપોથીમાં નળનું ચીત્ર આપી તે પરથી ‘ળ’કાર શીખવવામાં આવે છે ને ભરુચમાં નળ નથી, તેથી કદાચ ભરુચવાસીઓ નળની સાથે ‘ળ’નો પણ બહીષ્કાર કર્યો હશે. પણ એ સાથે આપણે ઝાઝી નીસબત નથી. ‘ળ’કારનો બહીષ્કાર કરનારી જીભ ભરુચવાસીની છે એમ તરત

જણાઈ આવે છે. તે જ રીતે ‘હવાકાનું હેર હાક’ માંગનારી સુરતી જીભ ને ‘સડકું ખોદીએં સીએં ને રાબું પીએ સીએં’ એમ કહેનારી કાઠીયાવાડી જીભ પણ પોતાના નીવાસસ્થાનની ખબર આપી દે છે.

જીભની કુતુહલપ્રીયતા ને છીદ્રાન્વેષીપણું અદભુત છે. દાંતના ખુણેખુણામાં એ ફરી વળે છે. એકઝીણી સરખી કરચ દાંતમાં ગમે ત્યાં સંતાઈને ભરાઈ બેઠી હોય, તો તેને શોધી કાઢે ત્યારે જ એ જંપે છે. એ વીષયમાં પણ એ અબળાવર્ગ સાથે હરીફાઈમાં ઉતરી શકે એમ છે. મોંમાં કાતરા પડયા હોય કે ચાંદી પડી હોય, તો જીભ વારંવાર ત્યાં જ જવાની. કુતરાં વગેરે પ્રાણીની જીભમાં ઘા રુઝવવાની શકતી છે, ને તેથી તે શરીર પર પડેલા ઘાને જીભ વડે ચાટચાટ કરે છે. પણ ઉત્ક્રાન્તીક્રમમાં આગળ વધતાં વધતાં મનુષ્યની જીભમાંથી ઘા રુઝવવાની શક્તી જતી રહી ને તેને સ્થાને ઘા પાડવાની ને પડેલા ઘાને ચાટીચાટી વીશાળ ને ઉંડા બનાવવાની શક્તી આવી.

બીજા પ્રાણીઓ કરતાં મનુષ્યનું શ્રેષ્ઠત્વ તથા વીશીષ્ટત્વ એની જીભને લીધે જ છે. અન્ય પ્રાણીઓ કરતાં મનુષ્યોનું મગજ વધારે બળવાન હોય છે અથવા એનામાં બુદ્ધી વધારે હોય છે એ વાત મનુષ્ય અને પ્રાણી બન્નેના પરીચયમાં આવનાર કોઈથી પણ મનાય એવી નથી. મનુષ્ય કરતાં આંખની બાબતમાં બીલાડી, હાથની બાબતમાં ગોરીલા, નાકની

બાબતમાં કુતરો, પેટની બાબતમાં વરુ ને પગની બાબતમાં ગધેડો વધારે બળવાન હોય છે એ જાણીતું છે. તેમ જ બીજાં જાનવરોની માફક એને શીંગડાં ને પુંછડી પણ હોતાં નથી. એ પરથી સમજાય છે કે મનુષ્ય કરતાં, જીભ સીવાયની બીજી ઈન્દ્રીયોના વીષયમાં, અન્ય પ્રાણીઓ વધારે નસીબદાર છે. મનુષ્યનો ખરેખરો વીકાસ જીભના વીષયમાં થયો છે. કીડી, મંકોડા, વંદા આદીને જીભ હોતી જ નથી. સુખદુઃખના ધ્વની પણ એનાથી કાઢી શકાતા નથી. બીલાડાં, કુતરાં આદી પશુઓને જીભ હોય છે; પણ તે માત્ર અમુક પ્રકારનો જ ધ્વની કાઢી શકે છે. એથી ઉચ્ચ પ્રકારના પ્રાણીઓ જીભ વડે વીવીધ પ્રકારના ધ્વનીનું ઉચ્ચારણ કરી શકે છે. પોપટ વગેરે પક્ષીઓ કંઈક માણસના અવાજને મળતા આવે એવા પ્રકારના ધ્વની કાઢી શકે છે. પરંતુ એક મનુષ્ય જ એવું પ્રાણી છે, જે જીભ વડે કોઈ પણ પ્રકારનો ધ્વની કાઢી શકે છે. પશુપંખીઓ તેમ કરી શકતાં નથી. માટે જ મનુષ્ય પશુપંખી કરતાં શ્રેષ્ઠ ગણાય છે. એક મનુષ્ય બીજા મનુષ્યને ‘કુતરા, ગધ્ધા, સુવર, હેવાન’ વગેરે કહી શકે છે. જનાવરો એકબીજાને ‘માણસ, આદમી, ઈન્સાન’ વગેરે કહીને ગાળ દઈ શકતાં નથી, એટલે એ માણસ કરતાં ઉતરતાં દરજ્જાનાં ગણાય છે. મનુષ્ય પોતાને શ્રેષ્ઠ કહી શકે છે–જીભ વડે; બીજું કોઈ પ્રાણી પોતાને શ્રેષ્ઠ કહી શકતું

નથી, એ જ બતાવે છે કે મનુષ્યની શ્રેષ્ઠતા એની જીભને લીધે જ છે.

સમયને–સંજોગને અનુકુળ થઈ જવાની જીભની શક્તી પણ સ્ત્રીના જેટલી જ છે. પીતાના ઘરના વાતાવરણ કરતાં તદ્દન ભીન્ન પ્રકારના વાતાવરણમાં આવેલી નવોઢા નવીન પરીસ્થીતીને અનુકુળ થઈ જઈ, જાણે એ જ વાતાવરણમાં નાનપણથી ઉછરી હોય એમ વર્તવા માંડે છે. તે જ પ્રમાણે જીભ પણ સંજોગો બદલાતાં તરત તેને અનુકુળ થઈ જાય છે. સુધારકો પર તીવ્ર બાણ વર્ષાવતી જીભ, સંજોગોમાં ફેરફાર થતાં તરત જ સુધારકની પ્રશંસા કરવા મંડી પડે છે. ઘરને ખુણે ઉપરી અમલદારની સખ્ત ઝાટકણી કાઢતી જીભ એ અમલદારના સાન્નીધ્યમાં એના ગુણગાન ગાવા મંડી પડે છે.

એક ગાડીવાળાએ એક નાના છોકરાને, કંઈક વાંકસર, તમાચો માર્યો. છોકરો રડતો રડતો પોતાના પીતા પાસે ગયો. એનો પીતા ઉશ્કેરાઈ ગયો, ‘‘કોણે માર્યો મારા છોકરાને? એની છાલ ઉખેડી નાખું! જોઉં તો ખરો, મારા છોકરાને આંગળી અડાડવાની હીંમત કોણે કરી?’’ એમ બોલતો એ છોકરાને લઈને આગળ આવ્યો. છોકરાએ ગાડીવાળાને બતાવી કહ્યું, ‘‘આણે માર્યો.’’ છ ફુટ ઉંચા અને બસો રતલવાળા ગાડીવાળાએ આગળ આવી “હા, મેં માર્યો, શું છે?’’ કહીને બાંય ચઢાવવા માંડી. છોકરાના પીતાની જીભે બદલાયેલો રંગ જોઈ કહ્યુઃ ‘‘બહુ

સારું કર્યું, એ તો એ જ લાગનો છે. એક જ તમાચો શું કામ માર્યો! મારવા'તા ને બે ચાર! મારાં દેખતાં મારો એક બીજી થાપટ!'' આ જ પ્રમાણે આપણા બધાની જીભમાં સમયને અનુકુળ થઈ જવાની શક્તી રહેલી છે. જેનામાં એ શક્તી જેટલી વધારે વીકસીત, તેટલો એ વધારે પ્રતીષ્ઠાસંપન્ન, સમજુ ને શાણો ગણાય છે.

કામીની પેઠે જીભનાં જાદુ ને કામણ પણ અનેરાં છે. એ મોહીનીનાં મોહનાસ્ત્ર ભારે અસરકારક છે. નયનબાણ કરતાં પણ જીહ્વાબાણ વધારે કાતીલ નીવડે છે. ઘણી વાર આપણા અમુક ઓળખીતા પુરુષ પર કોઈ સ્ત્રી ફીદા થઈ જવાનું જાણીએ છીએ ત્યારે આપણને અત્યંત આશ્ચર્ય થાય છે. ''એવું એનામાં છે શું? નથી રંગ, નથી રુપ, નથી મર્દાનગી, નથી પૈસો, નથી પ્રતીષ્ઠા. એવું તે એ સ્ત્રીએ એનામાં જોયું શું?'' એમ સામાન્ય રીતે બધાને લાગે છે. પણ તન, મન કે ધનના વૈભવ વડે નહીં, પણ એણે તો જીભના જાદુથી એ સ્ત્રીનું મન હરી લીધું હોય છે એ આપણે જાણતા હોતા નથી. અભીમન્યુ પર નયનોનાં જાદુ અજમાવી ચુકેલી ઉત્તરાને જીભનાં જાદુ અજમાવવાનો વધારે અવસર મળ્યો હોત તો એ વીર પુરુષ બની રણસંગ્રામમાં જઈ સ્વર્ગવાસી બનવાને બદલે ધીર પુરુષ બની નમુનેદાર ગૃહસ્થાશ્રમી થયો હોત. ઈશ્વર પણ જીભને વશ થાય છે. માત્ર મનથી નહીં, પણ જીભ વડે સ્તોત્રો ગાઈ ઈશ્વરપ્રાર્થના કરવી

જોઈએ તેનું કારણ પણ આ જ છે. શેષનાગની હજાર જીભને લીધે જ જગત ગતીમાન રહી શક્યું છે ને એના પર શયન કરવાને લીધે જ ઈશ્વર પણ જાગ્રત રહી શકે છે.

જેમ દેશદેશની જીભો વીશીષ્ટ પ્રકારની હોય છે, તેમ ભીન્ન ભીન્ન વ્યકતીની જીભની ખાસીયત પણ જુદી જુદી જાતની હોય છે. કેટલીક જીભો શ્રોતાના કાનની ઉપાસક હોય છે. આખો વખત સાંભળનારના કાનમાં એ ધુમ્યા કરે છે. કેટલીક જીભો આત્મપ્રશંસાની હેલીમાં પોતાને ને સાંભળનારને ડુબાડી દે છે, તો કેટલીક સાંભળનારની ખુશામદમાં જ રચીપચી રહે છે. કેટલીક જીભો સ્ત્રીમુખને જોઈને વાચાળ બને છે, અન્યથા મુક થઈને પડી રહે છે. કેટલીક જીભો બહુવ્રીહી સમાસની પેઠે અન્યપદ પ્રધાન હોય છે, બીજાના જ મનના વીચારની એ વાહક બને છે. કેટલીક જીભો કાતરનું કામ કરે છે. કેટલીક સોયની ગરજ સારે છે, કેટલીક નેતરની સોટીનો ખ્યાલ આપે છે.

જીભને આપણે ‘લુલી’નું અભીધાન આપ્યું છે. પણ એ લુલી હશે તોયે ઈશ્વરકૃપા પામેલા પંગુના જેવી હશે–આખો ગીરી ઓળંગી શકે એવી. જગતમાં જે કાંઈ થાય છે–સારું નરસું, આનંદ–કંકાસ, આત્મશ્લાઘા, ખુશામદ, વીવાહ ને વરસી, માંદગી ને તંદુરસ્તી તે સર્વ મોટે ભાગે જીભને લઈને જ થાય છે. સીદ્ધાંત તરીકે જીભ પર અંકુશ રાખવાની શક્તી મનુષ્યમાં

છે; પણ ખરી રીતે જોતાં જીભની સત્તા હેઠળ એ દબાઈ જાય છે. સમાજ, ધર્મ ને કાયદાની રુએ પુરુષ, સ્ત્રીનો સ્વામી છે; પણ વસ્તુતઃ એ સ્ત્રીનો ગુલામ હોય તેમ વર્તે છે. એ જ રીતે જીભના એ તાબામાં રહે છે. એની તંદુરસ્તી, એની નીતી, એનો વીવેક, એનો ધર્મ, એનું આખું જીવન એની જીભને આધારે જ વીકસે છે કે વણસે છે. મનુષ્ય એટલે જ જીભ.

મને લાગે છે કે ઈશ્વરે આ માનવયંત્ર ઘડ્યું; પણ ક્યાં તો એણે બહુ ઉતાવળ કરી હશે કે ક્યાં તો યંત્ર ઘડવાનો એને ઝાઝો અનુભવ નહીં હોય. થઈ શકે એવી કેટલીયે સગવડ એણે કરી નથી. સ્ક્રુ મુકવાને બદલે કેટલીક વસ્તુ એણે એમની એમ જડી દીધી છે. જીભને ધારીએ ત્યારે મોંમાંથી છુટી કરી શકાય એવી રચના એણે કરી હોત તો કેટલી સગવડ થાત! નાટક, સીનેમા અથવા સભામાં પ્રેક્ષકો ને શ્રોતાઓ પોતાની જીભનો વધારે પડતો ઉપયોગ કરી બીજાને દખલ કરે છે તેને બદલે સૌને પોતાની જીભ બહાર જુદી જુદી ડબ્બીમાં મુક્યા પછી જ સભાસ્થાનમાં દાખલ કરવામાં આવતાં હોત તો નાટક, સીનેમા તથા સભા આપણને કેટલા આનન્દદાયક લાગત! તેમ જ આખો વખત બોલ બોલ કરી કંટાળો આપનાર વ્યકતીને મળવા જતાં, ‘જીભ અત્યારે એના મોંમાં નથી, પણ એ ઘી ચોપડીને કબાટમાં ઉંચી મુકી છાંડી છે’ એમ ખાતરી કરીને, નીર્ભયપણે આપણે મળવા જઈ શકત. કોઈ પર ગુસ્સે થઈ જઈએ ત્યારે

કલહ અને કંકાસના પ્રસંગ ઉપસ્થીત થતાં પહેલાં આપણે મોંમાંથી જીભ બહાર કાઢી ગજવામાં મુકી દઈ મારામારી ને ગાળાગાળીના પ્રસંગો કેટલી સહેલાઈથી ટાળી શકત? બળવાખોર ભાષણ કરનારાઓને કોઈ પણ દેશની સરકાર કેદમાં પુરે છે તેને બદલે તેની જીભ જપ્ત કરી પોતાની સુરક્ષીતતા વધારે સારી રીતે જાળવી શકત. કદાચ કોઈ વાર જીભની અદલાબદલી પણ થઈ જાત; પણ તેમાં કંઈ નુકસાન ન થતાં ઉલટો ફાયદો જ થાત. બાળકના મોંમાં કોઈ વૃદ્ધની જીભ આવતાં એ અનુભવભરી વાણીના ઉદ્ ગાર કરી શકત. રામનું રટણ કરનારી જીભ ખ્રીસ્તના ઉપાસકના મોંમાં જઈને, રહીમને ભજનારી જીભ બ્રાહ્મણના મુખમાં જઈ ચઢી રામ, રહીમ ને ગૉડની એકતા આપોઆપ સીદ્ધ કરત. હજીયે ઈશ્વરને આટલો સુધારો કરવાનું સુઝે તો ખોટું નહીં.

પ્રતીકુળ સંજોગોમાં પણ આનંદથી શી રીતે કર્તવ્ય બજાવ્યે જવાય એ જીભ આપણને શીખવે છે. આગળ બત્રીસ ભૈયા જેવા મજબુત દાંત, પાછળ ગળાની ઉંડી ખાઈ, અનેક પ્રકારના, ટાઢાઉના, તીખાખારા પદાર્થોનો સતત મારો, સંચલન માટે ઓછામાં ઓછી જગા, સુર્યનો જરાય પ્રકાશ ન આવે એવી સાંકડી, અંધારી જગામાં લપાઈ રહેવાનુઃ આવી અનેક પ્રતીકુળતાઓ છતાં; જીભ આનંદથી નીર્ભયપણે પોતાનું કાર્ય કરી જાય છે. ખાનપાનનો રસાસ્વાદ માણી અંદરનો, ને મન

અને હૃદયના વીચારભાવોને વ્યક્ત કરી બહારનો સંસાર સાચવે છે, અને સુખી થવું હોય તો મનુષ્યે સંસારમાં ‘જલકમલવત્ નહીં; પણ મુખજીભવત્’ રહેવું એવો સાંભળે તેને ઘેરો ને ગુઢ બોધ વગર બોલ્યે સંભળાવે છે.

♦ જ્યોતીન્દ્ર દવે

(રંગતરંગ–ભાગ–૩માંથી સાભાર...પ્રકાશક – ગાંડીવ સાહીત્યમંદીર, સુરત)

@@@

185 : 14-02-2010

નગર તારા વગર

–ડૉ. દીલીપ મોદી

અનુક્રમણીકા

.1.

દોસ્ત! જીવી જવાય છે સાલું,
પળમાં વીતી જવાય છે સાલું!

સુર્યકીરણો સમો ઝુરાપો આ,
રોજ પ્રગટી જવાય છે સાલું!

સર્વ સ્મરણો સળગતાં રહેવાનાં,
નીત્ય દાઝી જવાય છે સાલું!

પાર પેલી જવું હતું ક્ષણની,
કીન્તુ અટકી જવાય છે સાલું!

આવડે છે મને જુઓ તરતાં,
શાને ડુબી જવાય છે સાલું?

તું ન સમજાવવાના યત્નો કર,
આમ સમજી જવાય છે સાલું!

દર્દીલો આ અવાજ તું સાંભળ,
કેમ કણસી જવાય છે સાલું?

.2.

આંસુના તોફાની દરીયાનો અવાજ,
ધ્યાનથી સાંભળ તું સપનાનો અવાજ.

શી રીતે મુકું ભરોસો, હે સમય!
હું નથી ભુલ્યો એ ઘટનાનો અવાજ.

છાતીમાંથી નીકળે છે આરપાર,
વીંધી નાંખે મૌન પડઘાનો અવાજ.

ભયથી કંપી ઉઠતું અસ્તીત્વ આ,
કોણ કરતું રોજ છલનાનો અવાજ?

લ્યો! નસેનસ તુટી ગઈ અરમાનની,
રક્તમાં છલકાય પીડાનો અવાજ.

ક્યાં ગયો છે આજ? પુછે બાગ ખુદ,
ફુલની નજદીક ભમરાનો અવાજ.

ચોતરફ તકલાદી સંબંધોનું વન,
ક્યાં મળે છે દીલાસાનો અવાજ?

કલ્પનાની પાંખ લઈ ઉડે ‘દીલીપ’,
જોઈએ છે વાસ્તવીકતાનો અવાજ.

.3.

આ પવનમાં ખુશ્બુ એવી તો ભળી,
મ્હેકતી હો પ્રેમીકાની પાંસળી.

સત્ય છે કે ચીત્તનો આ ભ્રમ હશે,
કોણ જાણે કે વગાડે વાંસળી!

ક્યાં જવું છે? કેમ? એ પુછ્યા ન કર,
આવવું છે? ઝાલ મારી આંગળી.

ભાગ્યનો શો દોષ એમાં કાઢવો?
એક પણ ઈચ્છા નહીં મારી ફળી.

આમ થાકેલો ને હારેલો છું પણ,
એ દીશામાં દોટ મુકી આંધળી.

ગાઢ અંધારું હતું હમણાં સુધી,
તું અહીં આવી ને બત્તી ઝળહળી.

હાલી કે ચાલી નથી શકતી ‘દીલીપ’,
દોસ્ત! મારી વેદના છે પાંગળી.

.4.

વારતાનું આમ તોરણ હોય ના,
પાત્ર પરીચીત, કોઈ સગપણ હોય ના.

એટલું સાન્નીધ્ય ઝંખું છું સખી,
આપણી વચ્ચે હવા પણ હોય ના.

ઉંઘમાંથી જાગવાનો પ્રશ્ન ક્યાં?
રાતભર આ બંધ પાંપણ હોય ના.

અર્થને સમજાવવાનો અર્થ શો?
વ્યક્તી પાસે યોગ્ય સમજણ હોય ના.

શી રીતે સંબંધ એને તો કહો,
બે હૃદય વચ્ચે જો વળગણ હોય ના?.

આજ ઉત્સવ છે જુદાઈનો 'દીલીપ'
બારસાખે આજ તોરણ હોય ના.

.5.

શબ્દથી હું આમ તો પ્રગટી ગયો છું,
હું કલમથી ઉમ્રભર જીવી ગયો છું.
તું નથી સમજાતી, હું સમજી ગયો છું,
હું સરળ ભાષા સમો ઉકલી ગયો છું.

તેથી રોમાંચક બની છે ભીતરે પળ,
રુપ તારું આંખથી સ્પર્શી ગયો છું.

સ્વપ્ન ખુટ્યાં, સ્વપ્ન તુટ્યાં, સ્વપ્ન છુટ્યાં,
હા, પીડા ઉંઘે છે, હું જાગી ગયો છું.

કાન દઈને સાંભળ્યું ના હોય તેં પણ,
મોરના કંઠે કદી ટહુકી ગયો છું.

માહીતી જખ્મી થયાની હા, મળી છે,
હું અજાણ્યે કોઈને વાગી ગયો છું.

.6.

ના સમજવાનું કદી સમજી ગયો,
આખરે પસ્તાઈને જીવી ગયો.

આવીને તું ફ્રેમમાં લટકાવશે,
ભીંત પર હું ખીલી જ્યાં ઠોકી ગયો.

ઉમ્રભર કીસ્સો સમયને પીડતો,
દર્દની મીજબાની હું માણી ગયો.

જીન્દગીને યાદ મેં રાખી અને,
જીવવાનું હું પછી ભુલી ગયો.

આમ તો જાણે હતું ખાબોચીયું,
એક માણસ શી રીતે ડુબી ગયો?

ચાંદની વરસી રહી છે આભથી,
રાતને ખોબો ભરી હું પી ગયો.

કોઈપણ પરીણામ ના આવ્યું 'દીલીપ',
હું વરસની જેમ લ્યો, વીતી ગયો.

.7.

એક કાગળ પર હું સંબોધું તને,
આ ગઝલની ભેટ હું આપું તને.

શબ્દનો આગ્રહ હતો ને હઠ હતી,
અર્થના હોઠો વડે ચુમું તને.

હે સખી! આથમતી સંધ્યાના કસમ,
પુષ્પના આ શ્હેરમાં શોધું તને.

આ પવનને એમ હું સ્પર્શું, સખી!
કે મને લાગ્યા કરે – સ્પર્શું તને.

એક ટહુકાની અછત વર્તાય છે,
ડાળ લીલી પર હવે ઝંખું તને.

રીક્તતા જન્મોજનમ છુટે નહીં,
ગાંઠથી મજબુત હું બાંધું તને.

: મુક્તકો :

છોકરાએ છોકરીને કૈં કહ્યું,
છોકરીના રક્તમાં ઝરણું વહ્યું,
આજ નહીં વરસાદ વરસ્યો તે છતાં;
બેઉમાંથી કોઈ ના કોરું રહ્યું.

****

જડ હશે કે એ પછી ચેતન હશે,
જે હશે, ચોક્કસ એ મારું મન હશે.
બંધ ઘરના ઓરડે હું રણ શ્વસું,
દ્વાર ખોલું, બ્હાર લીલું વન હશે.

****

ક્યાં મળે છે મારી ઉલઝનનો ઉપાય?
પ્રેમનો આ રોગ શા કારણથી થાય?
છું તરસ રણની, તું દરીયો લાવજે,
શી રીતે દીનરાત લંબાવી શકાય?

****

થાય ઈચ્છા તો ભરોસો કર સખી!

તારી પાસે આવું, રસ્તો કર સખી!
વૃક્ષ લીલુંછમ ઉમળકાનું છું હું,
ડાળ પર બેસીને ટહુકો કર સખી!

****

ચોરીછુપીથી પ્રણય ક્યાં થાય છે?
શબ્દ વીના કોણ ગીતો ગાય છે?
પ્રીયજનની હાજરીમાં શી ખબર,
આ પવન પણ કેમ મ્હેકી જાય છે!

****

આજ સરવાળો પ્રણયનો કર સતત,
કર વીરહની બાદબાકી હર વખત.
ટુંકમાં, આવું ગણીત મુજને ગમે છે,
દીલ ઉપર મારા કરી દે દસ્તખત.

–ડૉ. દીલીપ મોદી

કવી સંપર્કઃ 10, નવનીર્માણ સોસાયટી, ટીમલીયાવાડ,
નાનપુરા, સુરત–395 001
ફોનઃ 0261- 2474700 / 2662200
Email: drdilipmodi@yahoo.com
કવીનું સર્જનઃ ગઝલસંગ્રહો– 'પંથ' (1983),
'દાખલા તરીકે તું....' (1990),

'અહેસાસ' (2007), 'એક અલ્લડ છોકરી' (2008),
'નગર તારા વગર' (2009)
મુક્તકસંગ્રહોઃ 'હે સખી! સંદર્ભ છે તારો અને–' (1997),
'હે સખી! સોગંદ છે
મારા તને–' (2004)

@@@

186 : 28-02-2010

માઈકલ સાથે મૈત્રી

–રસીક ઝવેરી

અનુક્રમણીકા

તે દીવસે મોસમ ખશનુમા હતી. બે અઠવાડીયાં પછી મારે (લંડનથી) કૉન્ટીનેન્ટ સફરે નીકળવું એમ આગલે દીવસે નક્કી થયું અને વહેલી સવારે ઘરેથી ખુશીખબરના પત્ર મળ્યા હતા. એટલે મારું મન પણ આનન્દમાં હતું. નીરુદ્દેશે પગપાળા રખડતાં રખડતાં મને કકડીને ભુખ લાગી. હાઈડ પાર્ક, મારબલ આર્ચ, રીજન્ટ સ્ટ્રીટ વટાવતો હું ટોટન રોડ કોર્ટ રોડ ટ્યુબ સ્ટેશન પાસે પહોંચ્યો ત્યારે એક વાગ્યો હતો.

હું મારા મનપસંદ ‘અલ્હાબાદ રેસ્ટોરાં’ તરફ વળ્યો. ત્યાંનું જમણ મને ફાવી ગયું હતું. આછા બ્રાઉન ‘ટાન’વાળી હસમુખી વેટ્રેસ મારી જરુરીયાતો જાણે. હું જાઉં કે તરત ‘ગુડ ડે, સર!’ કહેતી મોટું જગ, ઠંડા પાણીનું ભરી મુકી જાય. મેં સ્મીત ફેંકીને કહ્યું, ‘સેઈમ એસ યુઝવલ.’ પેલી સમજી જાય. પરોઠા, શાક, વઘાર કરેલી દાળ, પુલાવ, પાપડ, રસગુલ્લાં અને છેવટે બ્લેક કૉફી. કેમેરા, હેવી કોટ, હૅટ અને છત્રી વેટ્રેસને હવાલે કરી હું બારી પાસેની મારી રોજીન્દી બેઠક પર ગોઠવાયો. ત્યાં બેસવું મને ગમે. ત્યાંથી મને સ્ટ્રોબેરી વેચતી પેલી ત્રીપુટી દેખાય.

યુવાન દમ્પતી અને ભટુરીયું. હું રોજ ત્યાંથી સ્ટ્રોબેરી ખરીદું. હવે તો ખાસ્સી પહેચાન થઈ ગઈ હતી. લંચ અવરમાં ત્યાં ખાસ્સી ભીડ જામે. લાલ ઝાંયવાળી તાજી સ્ટ્રોબેરી અને સ્ફુર્તીલા એ યુગલ કરતાંયે મને વધુ આકર્ષણ તો હતું એ રોજગારને રળીયામણો બનાવનાર કીલકીલાટ કરતા બાળક માઈકલનું.

સ્ટ્રોબેરીની બાંકડાગાડી, પતીપત્ની અને ભટુર એ ચારેયના સહયોગમાંથી એક રુપાળી રોનક ફેલાતી હતી – એકથી બીજાને વીખુટા ન પાડી શકાય તેવી. યુવતી મીઠી હલકે, ‘‘ફ્રેશ સ્ટ્રોબેરીઝ, થ્રી એન્ડ સીક્સ!’’ એક ટહુકે અને ગ્રાહકની માંગ ઝીલી, ‘‘યસ લવ! યસ ડાર્લીંગ!’’ એમ કહેતી મીઠું મલકીને સ્ટ્રોબેરીને પ્લાસ્ટીકના ચમચાથી ઉંચકીને ત્રાજવામાં નાખતી જાય. યુવક એ મુખમલકાટને તાલેતાલે સીફત અને ચપળતાથી સ્ટ્રોબેરી થેલીમાં ઠલવી ‘‘થેંક યુ સર! થેંક યુ લવ!’’ કહી ગ્રાહકને આપતો જાય; અને પેલો તંદુરસ્તીમસ્ત, લાલ ટમેટાં જેવા ગાલ અને સોનેરીવાળવાળો ભટુર ગ્રાહકો પાસેથી પૈસા લઈ એની માને આપે અને ચેન્જ લઈ, ‘થેંક યુ સર! થેંક યુ મૅમ!’’ કહેતો પાછું આપે.

લંચ પતાવી હું બહાર નીકળ્યો. ટોમ, મેરીયાના અને માઈકલ હવે તો મીત્ર જેવાં થઈ રહ્યાં હતાં. અડધો પાઉન્ડ મારું સ્ટ્રોબેરીનું પેકેટ, મને જુએ કે તરત વગર પુછ્યે તૈયાર કરી આપે. હું બાળક માઈકલ સાથે વાતે વળગ્યો. સામે જ

આઈસક્રીમનો સ્ટૉલ હતો. મેં એક બાર ખરીદી માઈકલને આપ્યો. પહેલે દીવસે આઈસ્ક્રીમ લેતાં એ અચકાયો હતો. મા સામે મીટ માંડી. માએ કહ્યું, ‘‘ટેક ઈટ ડાર્લીંગ!’’ માઈકલે બાર લઈને કહ્યું, ‘‘થેંક યુ સર!’’ પછી તેણે મને પુછ્યું, ‘‘તમારું નામ શું?’’ મેં કહ્યું, ‘‘ઝવેરી.’’ એ નામ જાણે એને ન ફાવ્યું હોય એમ એણે એનું ‘અંકલ જેરી’ કરી નાખ્યું અને ત્યારથી અમારી દોસ્તી જામી ગઈ. માઈકલ મા સામે મીટ માંડ્યા વગર હવે ચૉકોબાર લઈ લેતો. માઈકલ ગ્રાહકોનો લાડકો. બધાં એને ‘બીઝી યંગમૅન’ કહે. એ બધા ગ્રાહકોને દીઠે ઓળખે. ટોમ જેટલો ભલોભોળો એટલી મેરીયાના ચાલાક અને નટખટ. પૈસાનો હીસાબ ચોકસાઈથી રાખે. નાના કૉટેજના હપતા કાળજીથી ભરે. માઈકલ તો એને મન જાણે રાજકુંવર. ગ્રાહકોને પણ ઠાવકાઈથી સાચવે. પાઉન્ડ માગનાર બે પાઉન્ડ લઈ જાય એવી મીઠી જબાન. ચાર વાગ્યે બાંકડો ખાલી થઈ જાય. પછી સ્કુટર ઉપર ત્રણે ઘરભેગાં.

મારે હજી પંદર દીવસ લંડનમાં ગાળવાના બાકી હતા. ત્યાં તો ગળાડુબ કામ અથવા થોકબંધ નાણું હોય તો જ ગમે. મેં માઈકલને પુછ્યું, ‘‘ફરવા આવવું છે મારી સાથે?’’ સવાલ અથડાયો કે તરત તેણે મારી આંગળી પકડી લીધી. કહે, ‘‘કમૉન અંકલ, લેટ્સ ગો!’’ મેરીયાના સામે જોઈ કહ્યું, ‘‘મને એકલા ફરતાં અડવું લાગે છે.’’ એ આંખ મીચકારીને કહે, ‘‘મને સાથે

કેમ નથી લઈ જતા? અડવું નહીં લાગે. માઈ હસબન્ડ ઈઝ અ સ્પોર્ટ. વાંધો નહીં લે!'' ટૉમ મોટેથી હસવા લાગ્યો. મજાક ઝીલતાં મેં કહ્યું, ''મને માઈકલ સાથે વધુ ફાવશે. જો રજા આપો તો ચાર વાગ્યા પહેલાં મુકી જઈશ.'' માની આંખમાંની મંજુરી પારખી, એને અંગુઠો બતાવતો માઈકલ મારી આંગળી ખેંચી ચાલવા લાગ્યો.

ઓક્સફર્ડ સ્ટ્રીટ, પીકેડેલી, અને સ્ટ્રેન્ડ વટાવી ચાલતાં ચાલતાં અમે ટ્રાફાલ્ગર સ્ક્વેર –લંડનના કબુતરખાના પાસે પહોંચ્યા. નાનાંમોટાં સૌ સરખાં બનીને કબુતરોને ચણ ખવરાવતાં હતાં. માઈકલ કહે, ''અંકલ, આપણે શીંગ લઈએ?'' મેં શીંગની ડબ્બી ખરીદવા માંડી. માઈકલે મને રોક્યો. કહ્યું, ''અહીંથી ના લેશો. અહીં તો ખુબ પૈસા બેસે. ચાલો, આપણે સામેના સ્ટોરમાંથી મોટું પૅકેટ લઈ આવીએ. એ સ્ટોરવાળી મારી ફ્રેન્ડ છે.'' રસ્તો ઓળંગી અમે સામે ગયા. સ્ટોરવાળી બાઈએ હસીને પુછ્યું, ''કેમ માઈકલ! તારી મમ્મી કેમ છે? હમણાં કેમ દેખાતો નથી?'' માઈકલ ઠાવકું મોં રાખીને કહે, ''સ્ટ્રોબેરીની સીઝન ચાલે છે. હમણાં અમે ખુબ બીઝી છીએ.'' પેલી હસી પડી. માઈકલે 'અંકલ જેરી'ની ઓળખાણ કરાવી. પછી પીનટનું મોટું પૅકેટ માગ્યું. મેં કહ્યું, ''આપણે મેરીયાના માટે કંઈક લઈએ.'' એ કહે, ''મમ્મીને કાજુ બહુ ભાવે છે.'' કાજુ લેવાયાં. માઈકલ ગોઠવાઈ ગયો. કબુતરો એના હાથ પર, ખભા પર,

માથા પર કુદાકુદ કરતાં શીંગ ખાતાં જાય. હાથમાંની શીંગ ખુટતાં માઈકલ કહે, ‘‘કમોન અંકલ, હવે તમારો વારો. તમે ડરતા નહીં. એ કંઈ ચાંચ નહીં મારે. બસ, ચુપચાપ ઉભા રહેવાનું શીંગ લઈને, મારી જેમ જ.’’

બાજુમાં એક યુવતી ઉભી હતી તે હસવા લાગી. મને પુછ્યું, ‘‘વોટ અ સ્વીટ ડાર્લીંગ! તમારો પૌત્ર છે?’’ મેં કહ્યું, ‘‘ના. મારો દોસ્ત છે. લંડનમાં હી ઈઝ માય ઓન્લી ફ્રૅન્ડ.’’ પેલી કહે, ‘‘તમારો કૅમેરા મને આપો. હું તમારા બન્નેનો એક સ્નેપ લઈ દઉં.’’ મેં કૅમેરા આપ્યો. ચાંપ દબાઈ. છબી પડી ગઈ. અમારી ભાઈબંધીને મહોર લાગી ગઈ. સાડા ત્રણ થવા આવ્યા હતા. માઈકલ કહે, ‘‘હવે આપણે જઈએ, મા રાહ જોતી હશે.’’ બાંકડા પાસે પહોંચીને માઈકલે તરત જ માને કાજુનું પડીકું આપ્યું. કહે, ‘‘તારે માટે અંકલ લાવ્યા.’’ મેરીયાનાએ મીઠું ‘થેંક યુ–’ મારા ભણી ફેંકી માઈકલને કહ્યું, ‘‘તો પછી આપણે અંકલને કૉફી પાવી પડશે.’’ પાસેના કાફેમાં મીજલસ જામી ગઈ. છુટા પડતાં માઈકલ કહે, ‘‘અંકલ, કાલે આપણે ઝુ જોવા જઈશું?’’

એ પછી મને લંડનમાં અડવું નહોતું લાગતું. ઘણી બપોર માઈકલની સોબતમાં આનન્દમાં વીતતી. એને માટે ચૉકલેટ, કૅન્ડી, રમકડાં ખરીદતાં મજા આવતી. ભુરી આંખો, ભરાઉ બદન અને સોનેરી વાળવાળી મેરીયાના મારી પાસે

અડધો પાઉન્ટ સ્ટ્રોબેરીના પૈસા ન લેતી કહે, ‘‘તમે મારા માઈકલના અંકલ–ફ્રેન્ડ. તમારા પૈસા ન લેવાય.’’

પંદર દીવસ જોતજોતામાં વીતી ગયા. બીજે દીવસે મારે ‘કૉન્ટીનેન્ટલ ટુર’ પર જવાનું હતું. ટૉમ, મેરીયાના અને માઈકલને મેં ‘ઈન્ડીયા ક્લબ’માં મીજબાની આપી, ઈડલી, ઢોંસા અને ગુલાબજાંબુની. છુટા પડતાં આમારાં હૈયાં કંઈક ભારે હતાં. મેં કહ્યું, ‘‘માઈકલ, હું પાછો આવીશ ત્યારે તારે માટે ખુબ રમકડાં લાવીશ. તને શું ગમે?’’ માઈકલે યાદી બનાવીઃ ટૉમીગન, ભમરડો અને ટેડીબેર. પછી ખીસામાંથી એક નાનું માઉથ–ઑર્ગન કાઢી એણે મને આપ્યું. કહે, ‘‘આ તમને મારા તરફથી પ્રેઝંટ! મને આ ઑર્ગન બહુ ગમે છે.’’ વગાડીને કહે, ‘‘જુઓ અંકલ, કેટલા સ્વીટ ટ્યુન છે?’’ હું ગળગળો થઈ ગયો. પોતાની સૌથી પ્રીય ચીજ એ બાળક હેતથી મને આપી રહ્યો હતો. ‘‘ગૉડ બ્લેસ યુ!’’ કહીને મેં માઉથ–ઑર્ગન ઑવરકોટના ખીસામાં જતનથી મુક્યું. ટૉમ–મેરીયાનાને કહ્યું, ‘‘તમે અને તમારી સ્ટ્રોબેરી વીના મને અડવું લાગશે.’’ ટૉમે ઉષ્માપુર્વક મારો હાથ દાબીને કહ્યું, ‘‘તમે પણ અમને ખુબ યાદ આવશો.’’ મેનીરીયાનાની આંખમાં ઝાકળ હતું.

એક મહીનો હું કૉન્ટીનેન્ટ પર ફર્યો. જર્મની, ઈટાલી, ફ્રાંસ, સ્વીટ્ઝરલૅન્ડ અને સ્કેન્ડીનેવીયા. પાછા ફરતાં ટૉમીગન, ભમરડો, ટેડીબેર લેવાઈ ગયાં. સારું એવું એક્સચેંજ એમાં

વપરાયું; પણ મને એનો રંજ નહોતો. રોમથી કાલે લંડન પહોંચવાનું. સાંજે ઑક્સફર્ડ સ્ટ્રીટમાં ટૉમને બાંકડે.

બીજે દીવસે રમકડાંનાં પૅકેટ લઈ ઑક્સફર્ડ સ્ટ્રીટ પહોંચ્યો ત્યારે ચાર વાગવાની તૈયારી હતી. મને થયું, ટૉમ–મેરીયાના ચાલ્યાં તો નહીં ગયાં હોય ને? દુરથી જોયું તો બાંકડો સંકેલાતો હતો. હું ઝડપથી પહોંચી ગયો. રમકડાં ખાલી બાંકડા ઉપર મુકી મેં ટૉમ અને મેરીયાના સાથે હાથ મીલાવ્યા. પછી પુછ્યું, ‘‘માઈકલ ક્યાં?’’ બન્ને બે પળ મારી સામે જોઈ રહ્યાં. પછી ધ્રુજતે અવાજે મેરીયાના બોલી, ‘‘માઈકલ? માઈકલ તો હવે નથી!’’ મારા ગળાના શબ્દો થીજી ગયા. ફરી મેરીયાના જ બોલી, ‘‘કાલથી અમે અહીં નહીં આવીએ. બધાં...બધાં એ જ સવાલ પુછે છે કે, ‘‘માઈકલ ક્યાં? પોલીયો ભરખી ગયો! આ થાનક સાથેની લેણાદેણી પુરી થઈ. ખરું પુછો તો અમે જાણે તમારી જ રાહ જોઈ રહ્યાં હતાં.’’ ટૉમની આંખો ટપકતી હતી. મેરીયાના ખામોશ હતી. હું સુનમુન હતો!

છેવટે મેરીયાના બોલી, ‘‘અમે આ રમકડાં ખુબ જતનથી રાખીશું.’’ મેં ઑવરકોટના ખીસામાં હાથ નાખ્યો. મારી આંગળીઓ માઈકલના માઉથ– ઑર્ગન સાથે ટકરાઈ!

મૌનના પરીવેશને છંછેડ્યા વીના હું પાછો વળી ગયો. મારું મન ખુબ ભારે હતું.

–રસીક ઝવેરી

(જન્મઃ 24 ઑક્ટોબર 1911 અવસાનઃ 12 ઑક્ટોબર, 1972)

સ્વ. રસીક ઝવેરીના લંડનના પ્રવાસ–વર્ણનના પ્રસીદ્ધ પુસ્તક 'અલગારી રખડપટ્ટી'માંથી સાભાર....પ્રકાશક : નવભારત સાહીત્ય મંદીર, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦ 001, ઈ–મેઈલ : info@navbharatonline.com પૃષ્ઠ : 124, મુલ્ય : 66 રુપીયા, પ્રથમ પ્રકાશન વર્ષ : 1969.. પછી તેની કુલ તેર આવૃત્તી થઈ..!

@@@

187 : 14-03-2010

અહો વૈચીત્ર્યમ્!

– દીનેશ પાંચાલ

અનુક્રમણીકા

કયું કારણ હશે, ખબર નથી; પણ માણસને વાળ કાળા જ ગમે. દાંત ધોળા જ ગમે. ચામડી ગોરી જ ગમે. પત્ની રુપાળી જ ગમે. પુરુષોને પગાર પુછો તો થોડોક વધારે કહેવાનું મન થાય.. સ્ત્રીને ઉંમર પુછો તો તે ઓછી કહે. બોર્ડમાં જે ફર્સ્ટ આવ્યો હોય એ ઝંખે કે કોઈ એને રીઝલ્ટ પુછે; પણ જે નાપાસ થયો હોય એ ઈચ્છે કે કોઈ એને રીઝલ્ટ ન પુછે તો સારું. છોકરી ડૉક્ટરને પરણી હોય તો ગૌરવભેર કહે–'મારો વર ડૉક્ટર છે!' પણ ધારો કે એનો પતી સ્મશાનમાં ભાડુતી ડાઘુની નોકરી કરતો હોય તો? (આ માત્ર કલ્પના નથી, આવું થતું હોય છે. એક યુવતીને દાતણ વેચતા યુવક જોડે પ્રેમ થઈ ગયો. લગ્ન કરી નાખ્યા. તે ચબરાક યુવતી તેની સહેલીઓને કહે છેઃ 'મારો હસ્બન્ડ ટીમ્બર મર્ચન્ટ છે!') કોઈ માણસ વેશ્યાગામી હોય તો પણ વેશ્યાના ગળામાં વરમાળા પહેરાવવાનું પસંદ નથી કરતો. સંડાસનો ઉંબરો આરસનો ભલે હોય પણ શ્રદ્ધાળુઓ સવારે તેની પર ફુલ મુકતાં નથી. અને ગાય ગંદીગોબરી હોય તો

ય લોકો તેને માથે–પુંછડે હાથ અડાડે છે! સમાજમાં દરેક વસ્તુની કીંમત પ્રસ્થાપીત થયેલી છે. આપણા મનના કમ્પ્યુટર પર દરેકના ભાવ લખેલા હોય છે. સમાજ જોડે વર્તતી વખતે આપણી નજર એ ‘પ્રાઈસલીસ્ટ’ પર રહેતી હોય છે.

ઘણી બાબતોમાં માણસે સ્થળ, કાળ અને સમય પ્રમાણે બદલાવું પડે છે. એ જુદી વાત હતી કે હરીશ્ચંદ્ર સ્મશાનમાં નોકરી કરતા હતા ત્યારે ખુદના દીકરાની લાશ બાળવાના પૈસા પત્ની પાસેથી માંગ્યા હતા. પણ આજે ફાઈવસ્ટાર હૉટલના દરવાજે દરેકને સલામ મારતો દરવાન ઉભો હોય અને તેની પત્ની અને બાળકો હોટલમાં ગ્રાહક બનીને આવે તો દરવાન તેમને સલામી ભરતો નથી. મંદીરમાં માથું ઓઢીને પુજા કરતી નવોઢા મધુરજનીમાં પણ માથું ઓઢી રાખે તો મધુરજની કટુરજની બનતાં વાર ન લાગે. કોઈનું મૈયત થાય ત્યારે મીષ્ટાન્નની અપેક્ષા રાખતો સમાજ, કોઈના છુટાછેડા થાય ત્યારે પેંડા માંગતો નથી. (જો કે અમારા મીત્રના વીવાહ તુટી ગયા ત્યારે મીત્રોએ પાર્ટી માંગેલી. વાત કંઈક એમ બનેલી. મીત્ર એક છોકરી જોવા ગયા. છોકરી ગમી ગઈ. વીવાહ થઈ ગયા. પણ બીજે દીવસે તે છોકરી એક ટપોરી સાથે ભાગી ગઈ. મીત્રે દુઃખી દીલે પોતાના ભાઈબંધોને એ વાત જણાવી. સૌએ તેને અભીનંદન

આપી કહ્યું, ‘તું આબાદ બચી ગયો. વીચાર કર લગ્ન થઈ ગયા પછી એ ભાગી ગઈ હોત તો? તારી પાસે ફર્સ્ટક્લાસનો પાસ હતો. પણ તું થર્ડક્લાસમાં બેસવા જઈ રહ્યો હતો.. તે ભાગી ના ગઈ હોત તો જીન્દગીભર તારે ‘ચાલુ’ કલાસમાં મુસાફરી કરવી પડી હોત!’)

માણસને ખાળકુવાની ગંદકી ગમતી નથી, એથી એણે ઢાંકણ શોધ્યું. મૃત્યુ દર્શનીય ચીજ નથી એવું સમજાયા બાદ કફન શોધ્યું. કહે છે–‘ઝભલામાં અને કફનમાં ખીસું નથી હોતું. માણસ ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે!’ વાત સાચી, પણ ઝભલા અને કફન વચ્ચે વીસ્તરેલી જીન્દગીમાં ઠેરઠેર ગજવાં હોય છે તેનું શું? ખાલી ગજવાવાળી જીન્દગીના બુરા હાલ થાય છે. ભીખારીના દીલમાં પ્રવેશ કરીએ તો સમજાય કે ખીસા ખાલી હોય તો ઝભલું ક્ષણવારમાં કફન બની જાય છે. ખીસું જન્મ કે મૃત્યુની જરુરીયાત નથી, જીન્દગીની જરુરીયાત છે. સીનેમા હૉલમાંથી બહાર નીકળ્યા પછી ટીકીટનું અડધીયું ઉપયોગી રહેતું નથી. જીન્દગીનો ‘શો’ પતે પછી ચલણી નોટ, સીનેમાની ટીકીટના અડધીયા જેવી બની રહે છે.

એવી જ વાત બેફામ સાહેબે કહી છે. ‘બેફામ, તોય કેટલું થાકી જવું પડયું, નહીં તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી!’ આવું ચબરાકીયું ચીંતન સાંભળી દીલ કીલ્લોલી

ઉઠે. પણ પછી દીમાગ બોલી ઉઠે–ખોટી વાત! ઘરમાંથી પગ ઉંચકીને માણસ બીજો પગ કબરમાં મુકતો નથી. ઘર અને કબર વચ્ચે પુરા કદની જીન્દગી પસાર કરવી પડે છે. એ રસ્તે માત્ર જીવવાનું નથી હોતું–ભાગવાનું, સંતાવાનું, રડવાનું, રીબાવાનું, શોષાવાનું – બધું જ કરવાનું હોય છે. ઘરથી સીધું જ કબરમાં જવાનું હોય તો થાક ન લાગે; પણ ઘર ઉત્તર ધ્રુવ પર હોય તો? બચુભાઈએ ‘બેફામ‘ માટે એક આવેદનપત્ર તૈયાર કર્યું છે; ‘બેફામ, તમારે કેમ જુઠું લખવું પડયું? નહીં તો પુરી જીન્દગી વીસ્તરી છે ઘરથી કબર સુધી!’

અમે ભણતા ત્યારે અંગ્રેજીમાં એક પાઠ હતો. ‘હાઉ મચ લૅન્ડ ડઝ એ મેન નીડ?’ (માણસને કેટલી જમીનની જરૂર હોય છે?) એના લેખક સંભવતઃ મોપાસાં હતા. સુરજ ઉગે ત્યારથી આથમે ત્યાં સુધીમાં માણસ ચાલીને જેટલી જમીન કવર કરે તે બધી તેને વીના મુલ્યે મળી જાય એવી શરત હતી. એક માણસ લોભી બની વધુને વધુ જમીન કવર કરવાની લાયમાં સુરજ ડુબતાં સુધી ચાલ્યે રાખે છે (સુર્ય આથમતાં સુધીમાં કઈ રીતે પાછો ફરીશ? મુળ સ્થાને આવવા પાછો હજી વળતો નથી! - મનસુખ નારીયા) અને અંતે મૃત્યુ પામે છે. તેને છ ફુટ ખાડો ખોદી દફનાવવામાં આવે છે. લેખક અંતે પુછે છે– ‘આખરે માણસને કેટલી જમીનની જરુર હોય છે?’ અહીં વ્યંજનાત્મક રીતે લેખક સુચવે છે, ‘માણસે

લોભ કરવો જોઈએ નહીં.' કથાસંદેશની દૃષ્ટીએ એ યોગ્ય છે. નહીંતર સત્ય એ છે કે માણસનો મૃતદેહ છ ફુટની કબરમાં સમાઈ શકે; પણ પુરી જીન્દગી જીવવા માટે તો એને છસો ચોરસફુટ પણ ઓછા પડે.

ખેર, જેમનાં પેટ બાસુંદીથી ભર્યા હોય તેઓ કહે છેઃ 'ગરીબની ભડકીમાં જે સુખ છે તે અમીરોની બાસુંદીમાં નથી!' આ પણ એક *છળચીંતન* છે. ભડકી ગરીબોનો વૈભવ નથી; મજબૂરી છે. સંસારના લાખો ગરીબો ચટણી–રોટલો ખાઈને જીવે છે. તેથી ચટણી અને રોટલો સુખનાં પ્રતીક બની જતાં નથી. ગરીબ માણસો આવી *'પુઅર કલાસ ફીલોસોફી'* વડે મન મનાવે છે. અન્યથા મનને છાને ખુણે તેઓ અનુભવે છે કે ભર ઉનાળામાં પતરાંના ડેલામાં સુવા કરતાં એ..સી. રુમમાં સુવાની જ મજા આવે. સંસારની સુખસાહ્યબીમાં જે મજા છે તે સાધુની સાદગીમાં નથી. સાદાઈથી જીવવું એ વ્યકતીના અંગત વીચારો હોઈ શકે. પરંતુ તે કારણે એ.સી., ટીવી., કાર, વીડીયો, કમ્પ્યુટર, ઈન્ટરનેટ, મૉબાઈલ એ સર્વ ભૌતિક સુખો નીરર્થક છે એમ માનવું ભુલભરેલું છે. સત્ય એ છે કે બધાં સુખોમાં આનંદ સમાયેલો છે. સંસાર છોડી સાધુ બનેલા સ્વામીઓ કે બાબાઓ બધાં જ સુખો ભોગવે છે. સંસારની માયા અને સુખસુવીધા છોડવાનું પ્રબોધતા સાધુઓ પોતે જ પુરેપુરું તેમ કરી શક્યા હોતા નથી. તેમના આશ્રમમાં ટીવી જ

નહીં; વીસીઆર પણ હોય છે. અને સંસારીના ઘરમાં ન હોય તેવી સીડીઓ પણ હોય છે. એસી કાર વીના તેઓ મુસાફરી કરતા નથી.

રૅશનાલીઝમની ઈમારત નક્કર સત્ય અને વાસ્તવીકતાના બીમ–કૉલમ પર ઉભી છે. ચાલો, જીવનમાં વ્યાપક બનેલી એવી ઘણી *ઈરરૅશનલ અફવાઓને* ફગાવી દઈએ. જેમ કે (૧) પૈસો હાથનો મેલ છે. એને કુતરાંય સુંઘતાં નથી. (૨) હંમેશાં સત્યનો જ જય થાય છે. (૩) ગરીબો પ્રામાણીક હોય છે. (૪) દેશના બધા જ રાજકારણીઓ દુષ્ટ અને ભ્રષ્ટાચારી જ હોય છે. (૫) સંસારની મોહમાયા છોડી ઈશ્વરને ભજશો તો જ જીવનનું કલ્યાણ થશે. (૬) વ્રત, ઉપવાસ, કથા, કીર્તન કરવાથી મોક્ષ મળે છે. (૭) જે મજા સંસારનો ત્યાગ કરીને પ્રભુભજન કરવામાં છે તે સંસારમાં નથી. (૮) ઈશ્વર સંસારીઓને નહીં સાધુ, સંતો અને ધર્મગુરુઓને પ્રેમ કરે છે. એથી ગુરુ કર્યા વીના મોક્ષપ્રાપ્તી થતી નથી. (૯) બ્રહ્મચર્ય પાળનાર વધુ શકતીશાળી અને તેજસ્વી હોય છે. (૧૦) મર્યા પછી શ્રાદ્ધ ન કરો તો જીવ અવગતે જાય છે.

દોસ્તો, આ યાદી હજી લાંબી થઈ શકે; પણ તેનો કશો ફાયદો નથી. માનવીએ પરાણે ઝાલી રાખેલા જર્જરીત જુઠાણાંઓનો અહેવાલ તૈયાર કરવામાં મહેનત કરીએ તો એ

અંધકાર માટે તપાસપંચ નીમવા જેવી ભુલ ગણાય. ઉત્તમ એ જ કે સત્યની દીવાદાંડી તરફ જ ધ્યાન કેન્દ્રીત કરીએ. સત્યનો સુરજ મધ્યાહ્ને તપશે તો અજ્ઞાનનાં અંધારાં એની મેળે દુર થશે.

<u>ધુપછાંવ</u>

માણસને મીઠું અસત્ય ગમે છે. કડવું સત્ય નથી ગમતું. જુઠી પ્રશંસા શીરાના કોળીયાની જેમ ગળે ઉતરી જાય છે. ટીકાનું ગોખરુ ગમે તેટલું ગુણકારી હોય તો પણ ગળે ઉતરતું નથી. અનુભવીઓ કહે છે કે, સંસાર એવો સાગર છે જે પાર કરવા માટે સત્યના સઢ ભેગાં અસત્યનાં હલેસાંયે જરુરી હોય છે.

– દીનેશ પાંચાલ

સુરતના દૈનીક 'ગુજરાત મીત્ર'ના તા. ૧૫ જુન ૨૦૦૮ના અંકમાં પ્રગટ થયેલી લેખકની કટાર 'જીવન સરીતાને તીરે' માંથી સાભાર...

લેખકસંપર્કઃ

શ્રી દીનેશ પાંચાલ, સી-12, મજુર મહાજન સોસાયટી, ગણદેવી રોડ, જમાલપોર, નવસારી- 396 445 ફોનઃ 02637– 242 098 સેલફોનઃ 94281 60508



'માણસોની માગણીથી થાકી ગયેલા ઈશ્વરનું ગીત–

–મનસુખ નારીયા

હું હવે થાકી ગયો છું માણસોથી, રાત ને દીવસ સતત એ
કંઈ ને કંઈ માગ્યા કરે;
બંધ આખે હાથ જોડે, શીશ ઝુકાવે, ઘુંટણીયાભેર થઈ જઈને
પગે લાગ્યા કરે.
હું હવે થાકી ગયો છું માણસોથી.....

ધુપ ને દીવા કરે, પુજન કરે, અર્ચન કરે છે ને કથા, કીર્તન,
હવન, હોળી કરે,
મારી સર્જેલી પ્રસાદીથી જ લલચાવે મને, ફળ–ફુલ ને નીવેદ
ને શ્રીફળ ધરે,
માગણીની રોજ માળા ફેરવે, મણકા ગણે ને કોથળીમાં હાથ
સંતાડ્યા કરે...
હું હવે થાકી ગયો છું માણસોથી.....

આ સકળ બ્રહ્માંડ ચૌદે લોકમાં નીવાસ મારો છે, ધરા–
પાતાળને આકાશમાં,

તો પણ મને પુરે છે મન્દીર–મસ્જીદોની જેલમાં, છું હું ઘણા યુગોથી કારાવાસમાં;

હું એક ઉર્જારુપ છું ને સૌ અલગ નામે, અલગ રુપે હજારો ધર્મને સ્થાપ્યા કરે...

હું હવે થાકી ગયો છું માણસોથી.....

માણસો સર્જીને કીધી ભુલ મેં, આ માણસો મારી પ્રતીમાઓ જ સર્જે છે હવે,

એ ડુબાડે છે, વીસર્જન પણ કરે છે, ઉત્સવો નામે સતત ઘોંઘાટ ગર્જે છે હવે,

રોજ શોભાયાત્રા કાઢે, ડી.જે. સાઉન્ડના તાલે બધા જાહેરમાં નાચ્યા કરે...

હું હવે થાકી ગયો છું માણસોથી.....

માગણી છે એડમીશન ને પરીક્ષામાં ટકા ને નોકરી–ધંધો, સગાઈ ને સીમન્ત,

બંગલો ને કાર, સીદ્ધી–સમ્પત્તી ને રોગમુક્તી, એવી અઢળક માગણીઓ છે અનન્ત,

એ મન્તરેલા દોરા–ધાગાઓ અને તાવીજ બાંધી મારી કાયમ માનતા માન્યા કરે...

હું હવે થાકી ગયો છું માણસોથી.....

આંખ ખુલે તો સારૂં!

– મનસુખ નારીયા

વહેલી મોડી આપણ સૌની આંખ ખુલે તો સારું!
નહીંતર સુરજ સામે જુઓ; તોય હશે અંધારું!

હોમ–હવનનાં કુંડાળાંનો રહ્યો છે ઘેરાવો,
વીચારોનાં માંદળીયાંઓ માણસને પે'રાવો
ક્યાં સુધી સૌ પીધા કરશે ચરણામૃતનો દારુ? ... વહેલી મોડી
આપણ સૌની...

ચમત્કારને નામે પોલંપોલ બધાયે ખેલ,
સમજી લે વીજ્ઞાન, બધાયે સામે છે ઉકેલ,
પુરાવા આધાર વગર કાં સ્વીકારે પરબારું? ... વહેલી મોડી
આપણ સૌની...

તું સદીઓએ બાંધેલા દોરા–ધાગાઓને છોડ,
તું વહેમો પાછળ ઉંધે માથે કર મા દોડંદોડ,
જે ઘેટાંઓની જેમ જીવે છે એને કેમ સુધારું? ... વહેલી મોડી
આપણ સૌની...

દુર દુરના ગ્રહો અમસ્તા તને જ શાથી નડે?

જ્યોતીષ, વાસ્તુ, જંતરમંતર, ચક્કરમાં કાં પડે?

અંધ બનેલી શ્રદ્ધાઓમાં કર મા જીવન ખારું. ... વહેલી મોડી આપણ સૌની...

– મનસુખ નારીયા,

આચાર્ય, એ.વી.પટેલ હાઈ સ્કુલ, વર્ષા સોસાયટી, માતાવાડી, વરાછા રોડ, સુરત – 395 006

ફોનઃ (0261) 254 5772 મોબાઈલ– 94268 12273 ઈ–મેઈલઃ vu2mnariya@gmail.com

@@@

188 : 28-03-2010

ગઝલ–સંધ્યા

–સંધ્યા ભટ્ટ

અનુક્રમણીકા

.1.

વીતી ગયેલી પળ વીશે તો આખરે શું કહી શકો?
વરસ્યાં ન તે વાદળ વીશે તો આખરે શું કહી શકો?

સંવેદનાઓ કેટલી વહેતી કરી જેના ઉપર
પહોંચ્યા ન તે કાગળ વીશે તો આખરે શું કહી શકો?

જીવન હતું દાહક છતાંયે પુષ્પ સૌ આપી ગયાં,
મીરાં, અખો, શામળ વીશે તો શું કહી શકો?

સરકી જવાની શક્યતાઓ ખુબ છે છતાં,
નીશ્ચલ, સરલ ઝાકળ વીશે તો આખરે શું કહી શકો?

આંસુની સાથે વહી શકે ને હર્ષથી ચમકી ઉઠે,
નયનોનાં એ કાજળ વીશે તો આખરે શું કહી શકો?

.2.

એક નકશીકામ કરવું જોઈએ,
આંસુમાં અક્ષરથી તરવું જોઈએ.

બાગમાં ફુલોની ગોષ્ઠી માણવા,
વાયરાની જેમ ફરવું જોઈએ.

ભાવનાથી મેં સજાવ્યું પાત્ર આ,
ભાવનાશીલને જ ધરવું જોઈએ.

હું સહજતાને પામું તો પછી,
નાવ થઈ જળમાં ઉતરવું જોઈએ.

જાણવું છે તને શું મૃત્યુ વીશે?
તો પછી જાતે જ મરવું જોઈએ.

.3.

જીન્દગીના આગવા આ દ્વાર પર ઉભા અમે,
ઘર અમારું વાસવા આ દ્વાર પર ઉભા અમે.

અહીં સમયની લ્હેરખીઓ કેટલી આવી ને ગઈ,

એ ક્ષણો વાગોળવા આ દ્વાર પર ઉભા અમે.

કેટલાં રંગોથી જીવનને અમે શણગાર્યું'તું,
નેજવાથી ભાળવા આ દ્વાર પર ઉભા અમે.

ઓરડાઓને અમે અળખામણા લાગ્યા હવે,
જાતને તરછોડવા આ દ્વાર પર ઉભા અમે.

મીત્ર–દુશ્મન, લીલી–સુકી કેટલાં અહીં દ્વંદ્વ છે!
એ બધાંથી પર થવા આ દ્વાર પર ઉભા અમે.

.4.

વીચારો આવતાં રહે છે, જતાં રહે છે હવામાં પણ...
મને રડવુંય આવે છે અને રડું છું મઝામાં પણ.

રચાયાં કેટલાં મંત્રો, વેદો, ગ્રંથો અને શાસ્ત્રો,
થયાં છે કોઈનાં પ્રવચન અહીંની આ સભામાં પણ.

ક્ષણેક્ષણે આપતી રહે છે પરીચય જીન્દગીનો દોસ્ત,
મળી છે કેટલી ભેટો, કંઈક પામ્યા સજામાં પણ.

મળ્યું છે આજ એવું જે લઈ મ્હેફીલમાં બેઠા છે,

અમે તો એકલા છીએ અને પાછા બધામાં પણ.

થયો વ્યાપાર એવો કંઈ હૃદયમાં લાગણીઓનો,

અમે પણ ખોટ ખાધી છે અને છીએ નફામાં પણ.

.5.

જીન્દગીને ઉદાસ જોઈ છે,

મેં નદીનીય પ્યાસ જોઈ છે.

સુખ ને દુખ બેય આપે જે,

ખુદમાં વસતી એ ફાંસ જોઈ છે.

જ્યાં હૃદયનું પ્રવર્તે સામ્રાજ્ય,

લાગણી બનતી દાસ જોઈ છે.

ફુલને જોઈને કહી શકશો,

કે અમે તો સુવાસ જોઈ છે?!

ગર્વથી જોશે પુર્ણીમાને, પણ

કોણે રસથી અમાસ જોઈ છે?

.6.

કેમ પીડા આવી પારાવાર દે?
આંસુઓ તું કેમ અનરાધાર દે?

બેઉ કાંઠા સાવ મુકી વેગળા,
કેમ અમને છોડી તું મઝધાર દે?

પામવાની હોય ત્યાં મુક્તી જો,
તો પછી તું કેમ આ સંસાર દે?

સુખની આપે સાવ ખાલી ઓરડી,
દર્દનો ભરચક પણ દરબાર દે.

સામટાં સૌ કાપી નાંખે બંધનો,
તીક્ષ્ણ એવી ધારની તલવાર દે.

.7.

તરસ વીશે લખી તો જો,
અગન વીશે લખી તો જો.

મટી ઝરણું ખડક બનતાં,

બરફ વીશે લખી તો જો.

ઉકેલાશે ઘણી ગાંઠો
વતન વીશે લખી તો જો.

સતત વહેતાં સમંદર સમ,
નયન વીશે લખી તો જો.

અલખની સાધના કરતાં
શબદ વીશે લખી તો જો.

પ્રગટ થાવા મથે છે તે
ગઝલ વીશે લખી તો જો.

.8.

આવી જવું અચાનક મોસમ સમું તમારું,
ચાલી જવું અવાચક વાદળ સમું તમારું.

આવો પવનલહેરી જેવું તમે જીવનમાં,
ઝબકી જવાનું બે ક્ષણ તારક સમું તમારું.
કોઈ મધુરું સપનું સરકી જશે હસીને,

રણકી જવાનું છમછમ ઝાંઝર સમું તમારું.

મોજાંની જેમ આવી વીખરાઈ જાઓ પળમાં,
અસ્તીત્વ છે પરંતુ સાગર સમું તમારું.

છો દુર તે ગગન પર ને તોય સર્વવ્યાપી,
અદ્ ભુત સ્પર્શવાનું સુરજ સમું તમારું.

.૭.

સમય તો થયો (પૃથ્વી)

સવાર ઉઘડી, ક્ષણીક તમ આ ગયું તો ખરું,
બધું ગળી જતું કરાલ સૃપ શું ટળ્યું તો ખરું.
ચલો સરસ આ પ્રભાત! શમણું ફળ્યું આખરે
બધીય દીશથી છુટ્યાં સકલ એ તુટ્યાં બંધનો.

ઘણા સમયથી નીરભ્ર નભ શું કશું સાંપડ્યું?
વળી મધુર ને સદા વરસતું સ્મીતેય ક્યાં મળ્યું?
હવે હૃદયમાં ભરીશું, નરવી હવા પ્રેમની,
અને ગગનમાં ઉડીશું, મળશે ધુરા ક્ષેમની.
પરંતુ સપનું મહામનુજે જોયું તે ક્યાં ફળ્યું?
સમસ્ત જગને અલભ્ય પય તેં ધર્યું તે ઢળ્યું.

નદી રુધીરની વહી, બધીર કાં થયો દેશ આ?
સવાલ તરતા રહ્યા, સરલ ના મળ્યા ઉત્તરો.

બહુરતનની ધરા ઉપર શું મળે એક કે?
હવે સમય તો થયો, પ્રગટ ના થતો તોય તે!

–સંધ્યા ભટ્ટ–

કવયીત્રી સંપર્કઃ 'સ્નેહલ', પ્રજાપતી વાડી સામે, ગાંધી રોડ,
બારડોલી–394 601, જીલ્લો– સુરત
ફોન– 02622-225 536 મોબાઈલ– 982 533 7714
E-mail: sandhyanbhatt@gmail.com

સર્જનઃ 'સ્પર્શ આકાશનો' (કાવ્ય સંગ્રહ), પ્રકાશક તથા
પ્રાપ્તીસ્થાનઃ આદર્શ પ્રકાશન, જૈન દહેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ, મુલ્યઃ 80 રુપીયા

@@@

189 : 11-04-2010

શ્રુતી અને સ્મૃતી

–ચન્દ્રકાન્ત બક્ષી

અનુક્રમણીકા

શ્રુતીને અગીયાર પુરાં થઈને શનીવારે બારમું બેસવાનું હતું. સાંજે ઑફીસેથી આવીને તરત જ એને માટે એક બર્થ–ડે પ્રેઝન્ટ લેવા જવાનો પ્રોગ્રામ મેં મારી પત્ની પ્રીયા સાથે કર્યો હતો. સાંજે હું ઑફીસેથી સકારણ થોડો વહેલો આવી ગયો. બારણું ખુલતાં જ પ્રીયાએ કહ્યું, 'મેં તને ઑફીસે ફોન કર્યો હતો; પણ તું નીકળી ગયો હતો–'

'મેં...'

થોડા દીવસથી જ અમારી ટ્રાન્સ્ફર કલકત્તાથી મુંબઈ થઈ હતી.

'સાંભળ, ખરાબ સમાચાર આપવાના છે, હમણાં ફોન આવ્યો, શ્રુતીને અકસ્માત થઈ ગયો છે.'

'શું?' હું અટૅચી મુકી ઉભો રહી ગયો.

'તારદેવ પર મીલીટરીની મોટરસાયકલનો ધક્કો વાગી ગયો છે. બચે તેમ લાગતું નથી, હૉસ્પીટલમાં લઈ ગયા છે. તું કપડાં બદલતો નહીં. આપણે બન્નેએ સીધા હૉસ્પીટલ જવાનું છે.'

શ્રુતી મારા મીત્ર સુહાસ દેસાઈની નાની દીકરી હતી. એક જ. બીજા બે છોકરા હતા. શ્રુતી જન્મથી જ બહેરી અને બોબડી હતી.

‘કઈ હૉસ્પીટલમાં?’ મેં પુછ્યું.

ooo

સુહાસ દેસાઈ અને હું સ્કુલમાં સાથે ભણતા હતા. એ ભણવામાં હોશીયાર હતો. મૅટ્રીકમાં એનો ફર્સ્ટ ક્લાસ આવ્યો હતો. હું મુશ્કેલીથી પાસ થઈ શક્યો હતો. પાસ થયા પછી સુહાસ મુંબઈ આવી ગયો હતો. એમ. એ. સુધી ગયો હતો. હું કલકત્તા ચાલ્યો ગયો હતો. વચ્ચે વચ્ચે મળવાનું થતું હતું. એનાં લગ્ન પર આમન્ત્રણપત્રીકા આવી ત્યારે મારી ખાસ આવવાની ઈચ્છા હોવા છતાં અવાયું ન હતું. કંઈક તબીયત ખરાબ થઈ ગઈ હતી. સુહાસ બબડ્યો પણ હતોઃ ‘તું મારાં લગ્નમાં આવ્યો નથી; હવે હું તારાં લગ્નમાં ન આવું.’ એની પત્ની, મને મળેલા રીપોર્ટ મુજબ, સામાન્ય ભણેલી હતી; પણ ખુબસુરત હતી. થોડું ગુજરાતી જાણતી હતી, સુશીલ હતી; એનું જુનું નામ પણ સુશીલા હતું, જે સુહાસે ‘શીલા’ બનાવી દીધું હતું. અંગ્રેજી એ મુદ્દલ જાણતી ન હતી.; પણ ગૃહસ્થી સરસ ચલાવી શકતી હતી. જો કે સુહાસને એ રંજ ઘણી વાર રહ્યા કરતો હતો કે શીલા અંગ્રેજી તદ્દન જાણતી નથી; એટલે બુદ્ધીની બહુ વાતો

થઈ શકતી નથી. મને મળ્યો ત્યારે એણે મને આવા જ મતલબની વાતો કરી હતી અને મને હસવું આવી ગયું હતું.

‘કેમ, સાલા હસે છે?’

‘તું હસવા જેવી વાતો કરી રહ્યો છે.’

સુહાસ ચુપ રહ્યો.

‘તું તકદીરવાળો છે.’ મે કહ્યું, ‘તારી પત્ની ખરેખર સરસ છે. અંગ્રેજી ન જાણતી હોય તેમાં શું લુંટાઈ જવાનું?’

‘નહીં, યાર, અંગ્રેજી બોલતાં તો આવડવું જ જઈએ. અંગ્રેજી બોલનારી છોકરી ખરેખર ખુબસુરત લાગે છે; અને ઘરની શોભા વધી જાય છે.’

મને થયું, મારે એનો પક્ષ લેવો જોઈએ. ‘તારી વાત સાચી છે. એ એટલી બધી મહત્ત્વની વસ્તુ નથી. અંગ્રેજી બોલતાં આવડે તે સારું લાગે, મજા આવે, મીત્રો–પરીચીતોમાં જરા જલદી જલદી સંબંધો વધી શકે; પણ...’

‘અંગ્રેજી ન જાણનાર સ્ત્રી બાળકોને ટ્રેનીંગ શું આપવાની?’

‘બાળકોના સંસ્કારને અને અંગ્રેજી જાણવા સાથે કોઈ જ સમ્બન્ધ નથી. અંગ્રેજી જાણનાર કેટલાંય કુટુમ્બોનાં ઉલ્લુના પઠ્ઠા જેવાં છોકરાં તને બતાવું. જો કે અંગ્રેજી જાણવાથી ફર્ક પડે છે; પણ તું અંગ્રેજીને બહુ મોટું સ્વરુપ આપી રહ્યો છે અને મારી દૃષ્ટીએ તો શીલાને તું અન્યાય કરી રહ્યો છે.’

સુહાસ ફરી ચુપ થઈ ગયો.

‘અંગ્રેજી જાણતી હોય તો વાંચે, વીચારે. બાળકોને નવું શીક્ષણ આપી શકે–’

સુહાસ મારી સામે જોઈ રહ્યો.

‘પણ તું નકામો નીરાશ થાય છે. હું એવી સ્ત્રીઓને ઓળખું છું જે પરણ્યા પછી ભણી છે. અંગ્રેજીમાં વાતો કરી શકે છે, વાંચે છે; રેડીયો સમજી શકે છે. તું પણ પરણ્યા પછી તારી સ્ત્રીને ભણાવજે.’

સુહાસ મંદ હસ્યો. ‘સ્ત્રીનું ભણવાનું તો પરણતાં સુધી જ ચાલુ રહે છે. પરણી લીધા પછી એનું કામ ભણાવવાનું છે, પતીને. પછી તો... પતીનું ભણતર શરૂ થાય છે.’

‘બન્નેએ સાથે ભણવાનું. તું તો એવી વાત કરે છે કે જાણે નીરક્ષર સ્ત્રીને પરણ્યો હોય!’

સુહાસ દેસાઈ સજ્જન હતો. કદાચ એને કંઈક કહેવાની ઈચ્છા હતી અને એ બરાબર કહી શકતો ન હતો.

ooo

શીલાનું અને સુહાસ દેસાઈનું લગ્નજીવન બહુ સરસ, સુખી ચાલી રહ્યું હતું. બે વર્ષ પછી એનું પહેલું સંતાન –પુત્ર– અવતર્યું ત્યારે એણે મને પત્ર લખ્યો હતો. મેં મુબારકબાદી લખી હતી. પુત્રજન્મ પછી, બાપ બન્યા પછી, મને લાગ્યું,

પત્નીની અંગ્રેજીની કમજોર જાણકારી વીશે એને બહુ રંજ નહીં રહ્યો હોય. બે વર્ષ પછી બીજા પુત્રના જન્મ વખતે હું એને મળ્યો ત્યારે શીલા અને સુહાસ બન્ને બહુ સુખી લાગતાં હતાં. વજન વધી ગયું હતું અને શીલાની ‘નીરક્ષરતા’ વીશેના એના વીચારો વીશે મેં એને યાદ કરાવ્યું ત્યારે એ ખડખડાટ હસી પડ્યો હતો.

શીલાને મેં કહ્યું, ‘તમને ખબર છે, તમને અંગ્રેજી આવડતું ન હતું એનું સુહાસને બહુ દુઃખ હતું!’

‘મને ખબર છે.’ શીલા હસી.

‘હવે તમને અંગ્રેજી શીખવાની ઈચ્છા થતી નથી?’ મેં શીલાને પ્રશ્ન કર્યો.

‘ઈચ્છા? હવે આ બેમાંથી ટાઈમ જ ક્યાં મળશે શીલાને?’ સુહાસે જ પ્રતીપ્રશ્ન કર્યો.

‘હા, એ પણ ખરું છે.’

બીજો બાબો મોટો થતો ગયો ત્યારે અમારે પરીવાર–નીયોજન વીશે વાતો થઈ. મેં કહ્યું, ‘હવે સુહાસ, તારે ઑપરેશન કરાવી લેવું જોઈએ, તારે અથવા શીલાએ–’

‘કેમ?’

‘બે બાળકો થઈ ગયાં છે. હવે કેટલાં જોઈએ?’

‘શીલાની ઈચ્છા છે એક બેબીની. મને પણ ઈચ્છા છે. એક બેબી આવવી જોઈએ –’

હું કટાક્ષમાં હસ્યો. ‘વીચાર કરું છું, એક જમાનામાં તું અંગ્રેજી ભણાવવાની વાતો કરતો હતો. અને જોઉં છું કે તું સામાન્ય હીન્દુસ્તાનીથી ઓછો જુનવાણી નથી.’

‘બે યા ત્રણની તો સરકાર પણ રજા આપે છે; અને મને ત્રણ પોષાઈ શકે એમ છે.’ પછી એક પશ્ચાત્ વીચારરુપે એણે કહ્યું, ‘શીલાને હજી એક બેબી જોઈએ છે.’ જરા ગંભીર થઈને ઉમેર્યું, ‘એની પ્રતીકૃતીરુપે, યાદરુપે પણ એક બેબી જોઈએ. એ નહીં હોય ત્યારે એ બેબીને જોઈ હું એને યાદ કરીશ.’

સુહાસ શીલાને ખુબ પ્યાર કરતો હતો, હું જોઈ શક્યો.

પાછળથી મને સમાચાર મળ્યા કે શીલાએ બેબીને જન્મ આપ્યો હતો. સુહાસે મને લખ્યું કે, બેબીનો ચહેરો બીલકુલ એની માના જેવો છે. મેં એને પત્રમાં લખ્યુ કે, ‘આ દુનીયામાં કેટલાક માણસો ખરેખર તકદીરવાળા હોય છે. બધું જ એમને એમની ઈચ્છા પ્રમાણે મળતું રહે છે.’

ત્યારે, છ–આઠ મહીના પછી સુહાસના જીવનમાં પહેલી ટ્રેજેડી આવી. બેબીને – બેબીનું નામ ‘શ્રુતી’ પાડ્યું હતું – ટાઈફૉઈડ થયો હતો અને એના પરીવારના ડૉક્ટરે કંઈક એવી ગરમ દવાઓ આપી દીધી કે બાળકની શ્રવણશક્તીને નુકસાન થઈ ગયું. પાછળથી ખબર પડી કે બાળકની શ્રવણશક્તી લગભગ ખલાસ થઈ ગઈ હતી. એણે મને લખ્યું ત્યારે મને પણ ખુબ આઘાત લાગ્યો. સારા ઈ.એન.ટી. સ્પેશીયાલીસ્ટોને

બતાવવા મેં એને લખ્યું. એણે જાતજાતના નામી ડૉક્ટરો પાસે શ્રુતીનું ચેક–અપ કાવ્યું. પણ શ્રુતીના બહેરાપણાનો કોઈ ઈલાજ થયો નહીં.

નાની આયુમાં બહેરા થઈ જવાને કારણે શ્રુતી બોલતાં શીખી નહીં. એ અરસામાં મારે એને મળવાનું થયું.

'આ બધું શું થઈ ગયું, સુહાસ? બેબીને જન્મથી જ આ તકલીફ હતી?'

શીલા રડી પડી. હું ખીન્ન થઈ ગયો. થોડી વાર કોઈ કંઈ બોલી શક્યું નહીં.

'રડી પડવાથી શું થઈ જવાનું છે?' સુહાસે દર્દભરી હીમ્મતથી કહ્યું, 'હવે રીયાલીટીનો સામનો કરવાનો, બહાદુરીથી.'

શ્રુતી બહુ જ સરસ, નાજુક બેબી હતી. અવાજો એ સાંભળી શકતી ન હતી. એક વાર હાથમાંથી દુધનો ગ્લાસ પડી ગયા પછી પણ એ જરાયે ધ્રુજી શકી ન હતી. ટેલીફોનની પાસે બેસીને એ વાગતા ટેલીફોન પાસે નીરાંતે રમી શકતી. શીલા એકાદ વાર એના પર જોરથી ગુસ્સે થઈને બોલવા ગઈ હતી, પછી એની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં હતાં. અમે બધાં ન હોત તો એ ખરેખર રડી પડત. અમને સૌને પારાવર ગ્લાની થઈ આવી હતી.

'આ બેબી માટે મારે બધું જ કરી છુટવું છે.' સુહાસે મારાથી છુટા પડતાં કહ્યું. એ બહુ ભાવાવેશમાં બોલી રહ્યો હતો.

'હીમ્મત રાખ, સુહાસ, હજી એ બાળક છે. બેબી મોટી થાય અને એની ફેકલ્ટીઝ ડેવલપ થાય એવું બને. ઘણી વાર એવું બનતું પણ હોય છે. શ્રુતી હજુ તો બાળક છે...'

સુહાસ અને હું, અમે બન્ને સમજતા હતા, આ જુઠ હતું, સરાસર ખોટું હતું. અમે બન્ને સ્થીતીને સમજીને ચુપ રહ્યા.

OOO

શ્રુતી મોટી થઈ. એના બન્ને મોટા ભાઈઓ એને રમાડતા. શીલા રોજ સાંજે એને ફરવા લઈ જતી. સુહાસ આવીને એની સાથે વધુ સમય ગુજારતો. આખા કુટુમ્બ માટે શ્રુતીનું સુખ એક ચેલેંજ બની ગયું હતું.

એક સ્પેશ્યાલીસ્ટે સુહાસને સમજાવ્યું, 'મી. દેસાઈ, અમેરીકામાં 'ડેફ એન્ડ ડમ્બ' શબ્દો વપરાતા નથી. વાસ્તવમાં વ્યક્તી માત્ર બહેરી હોય છે. જો જન્મથી જ બાળક સાંભળી ન શકે તો એ અવાજો વચ્ચેનો ફર્ક, જુદા જુદા ઉચ્ચારો વચ્ચેનો તફાવત સમજી શકતું નથી. એને માટે 'ક' અને 'ડ' વચ્ચે કોઈ ફરક નથી; કારણ કે, એ કાનથી બન્ને ઉચ્ચારો વચ્ચેનો ફરક સમજવા અસમર્થ છે. જો એની શ્રવણશક્તી પાછી આવી જાય, તો આખી સમસ્યાનું નીરાકરણ આવી જાય. મોટી વયે બહેરા

થઈ ગયેલા બાળકને વાંધો આવતો નથી; કારણ કે ત્યારે એ ભાષા શીખી ગયું હોય છે; પોતાને જે કહેવું હોય તે કહી શકે છે; ફક્ત સાંભળી શકતું નથી. આ આખી તકલીફ જન્મજાત બહેરાપણાની છે. શ્રુતી બહેરી છે. કોઈ જ 'બહેરું અને બોબડું' હોતું નથી. વૈજ્ઞાનીક રીતે માત્ર બહેરું જ હોય છે અને બહેરાઓએ જીભના, હોઠોના હલનચલન દ્વારા ભાષા શીખવી પડે.' સ્પેશીયાલીસ્ટે કહ્યું, 'હાથના હલનચલન અને હોઠોના આન્દોલનથી એમની સાથે સમ્પર્ક રાખી શકાય છે.'

સુહાસે શ્રુતી માટે સ્કુલો જોવા માંડી અને બહેરાઓની એક સ્કુલમાં દાખલ કરી. ધીરે ધીરે એ શીખવા લાગી. મારે સુહાસને મળવાનું થયું ત્યારે શ્રુતીની વાત નીકળી – 'ના, હવે એટલું બધું દુઃખ થતું નથી અને એને સારામાં સારી ટ્રેનીંગ અપાઈ રહી છે.'

'એ હવે વાત સમજી શકે છે?'

'એકદમ. જો હું તને બતાવું – '

સુહાસે શ્રુતીને બોલાવવા બાબાને કહ્યું. શ્રુતી નીચે રમતી હતી; ઉપર આવી. મોટી થઈ ગઈ હતી. મોટી અને બહુ નીર્દોષ. ખુબ સરસ લાગતી હતી. અન્ય બાળકો અપરીચીતને જોતાં શરમાઈ જાય અથવા કૉન્શ્યસ થઈ જાય; એવું શ્રુતીમાં ન હતું. એ મને જોઈ રહી.

'યુ નો અંકલ!' સુહાસે શ્રુતીને પુછ્યું.

શ્રુતીએ માથું હલાવ્યું.

પછી સુહાસે ટુંકાં ટુંકાં અંગ્રેજી વાક્યોમાં શ્રુતીને મારા વીશે કહેવા માંડ્યું. પછી મને બતાવવા એ શ્રુતી સાથે ‘વાતો’ કરવા લાગ્યો. શ્રુતી હાથથી, આંખોથી વાતો કરતી હતી. હોમવર્કની, લેસનની, સ્કુલની રમતની, દોસ્તોની વાતો શ્રુતી રુંધાયા વીના. સ્વસ્થતાથી કરી શકતી હતી. મને આશ્ચર્ય થવા લાગ્યું. સુહાસની મર્દાઈ માટે, વરસોની મહેનત અને ધગશ માટે ખરેખર માન થયું.

એટલામાં શીલા આવી ગઈ. એ બહાર ગઈ હતી. મને જોઈને જ સ્મીતસહ એણે પુછ્યું, ‘અરે, તમે ક્યારે આવ્યા?’

‘હમણાં જ.’ પછી ઉમેર્યું, ‘તમારી બેબીની વાતો સાંભળતો હતો.’

શીલાએ શ્રુતીની સામે જોઈ ઉમેર્યું, ‘અંકલ હેઝ ડૉટર જસ્ટ લાઈક યુ.’

હું એકાએક નવી દુનીયામાં આવી ગયો! શીલા અંગ્રેજી બોલી રહી હતી!!

શ્રુતી રમવા ચાલી ગયા પછી મારા પ્રશ્નોના ઉત્તરમાં સુહાસે સમજાવ્યું, ‘લીપ–રીડીંગ માટે મેં શ્રુતીને બહેરાંઓની સ્કુલમાં મુકી ત્યાં અંગ્રેજીમાં શીખવે છે. અને બહેરાંઓ માટેની ગુજરાતીની સ્કુલો બરાબર નથી. અને અહીં મુંબઈમાં અંગ્રેજીની વ્યવસ્થા હતી. શ્રુતી સ્કુલમાં ભણવા જાય. હું જ ઘરમાં એની

સાથે અંગ્રેજીમાં વાત કરી શકું. પછી બન્ને બાબાઓ પણ શ્રુતી સાથે અંગ્રેજીમાં જ વાતો કરવા લાગ્યા કે જેથી એ સ્કુલમાં શીખવ્યા પ્રમાણે લીપ–રીડીંગ કરી શકે અને પછી શ્રુતીને માટે શીલાએ પણ અંગ્રેજી શીખી લીધું. હવે શ્રુતીને કંઈ તકલીફ પડતી નથી. એને માટે ઘરમાં બધા જ અંગ્રેજીમાં બોલે છે. એ અમારી વાતો લગભગ સમજી જાય છે. મોટી થશે પછી, એની શીક્ષીકા કહે છે કે અભ્યાસથી એ ગુજરાતીનું પણ લીપ–રીડીંગ કરી શકશે; પણ હમણાં ગુજરાતી શીખવતા નહીં. બન્નેમાં ગોટાળા થઈ જશે અને એને તકલીફ પડશે.'

શીલા અંદર ચાલી ગઈ હતી. મને એ સુહાસ યાદ આવ્યો જે શીલા અંગ્રેજી બોલી શકતી ન હતી માટે દુઃખી થઈ ગયો હતો. મને આખા કુટુમ્બ માટે માન થઈ ગયું અને શીલા માટે પણ. શ્રુતી ખરેખર તકદીરવાળી હતી કે આવા સંસ્કારી કુટુમ્બમાં જન્મી હતી.

સુહાસે કહ્યું, 'બીજી એક વાત છે. આંધળા બાળકને લોકો હમદર્દીની દૃષ્ટીએ જુએ છે, મદદ કરે છે. આઉટ ઓફ ધ વે જઈને મદદ કરે છે; પણ બહેરું બાળક બોબડું પણ હોય, ત્યાં હાવભાવ કરીને વાત સમજે છે અને સમજાવે છે. એટલે એ જરાક વીદુષક જેવું લાગે છે. લોકો ઘણી વાર મજાક કરતા હોય છે. બહેરાંઓની આ ટ્રેજેડી છે!

OOO

હું અને પ્રીયા હૉસ્પીટલમાં પહોંચ્યાં ત્યારે સુહાસ બહાર બેંચ પર બેસીને સીગારેટ પી રહ્યો હતો. સુહાસને મેં ભાગ્યે જ સીગારેટ પીતો જોયો હતો.

‘કેમ છે શ્રુતીને?’ મેં અને પ્રીયાએ લગભગ એક સાથે જ પુછી નાખ્યું –પુછાઈ ગયું.

‘શીલા અંદર જ છે. બેબી હજી કોમામાં છે. આ ચોવીસ કલાક નીકળે પછી બરાબર ખબર પડે.’

સુહાસે ટુકડે ટુકડે ગમગીન સ્વરે કહ્યું, ‘સારું થયું તું આવી ગયો. તું મારી પાસે જ રહેજે.’

‘હા, હા, તું ચીંતા કરતો નહીં. હવે હું તારી સાથે જ છું.’ મેં કહ્યું.

પ્રીયાને પછી અંદર જવા મળ્યું. મીલીટરીની એક મોટરસાઈકલે અવાજ કર્યો હતો; પણ શ્રુતી સાંભળી શકી ન હતી. મોટરસાઈકલવાળો કંટ્રોલ કરે એ પહેલાં જ શ્રુતી અડફટમાં આવી ગઈ અને એના પડી જવાથી માથું ફુટપાથની કીનારી સાથે અફળાયું હતું. બહારથી લોહી નીકળ્યું ન હતું; પણ અંદર માર લાગ્યો હતો અને એ બેહોશ થઈ ગઈ તી.

પ્રીયાને મોડી રાતે ઘરે મોકલીને આખી રાત હું સુહાસ પાસે જ હૉસ્પીટલમાં બેસી રહ્યો. પરોઢીયે ડૉક્ટરે આવીને કહ્યું, ‘શ્રુતીને હેમરેજ થઈ ગયું છે. ચારપાંચ મીનીટમાં જ કેસ ખલાસ

થઈ ગયો. સુહાસને રડતો જોઈને મને આખા શરીરે પસીનો ફુટી નીકળ્યો.

અન્તીમ ક્રીયા વખતે હું ચીતાનાં લાકડાંમાંથી દેખાતા શ્રુતીના સુંવાળા વાળ ઝળઝળીયાંમાંથી લહેરાતા જોઈ રહ્યો હતો. ત્યારે દબાયેલા સ્વરે બીજાને કહેતો મેં સાંભળ્યોઃ 'ઠીક થયું – સુહાસભાઈ છુટી ગયા નહીં તો આ છોકરીનું દુઃખ જીન્દગીભર રહેત,'

પહેલો ગરમ ધુમાડો આંખોમાં ફુંકાતાં હું આંખો લુછતો ચીતાથી દુર ખસી ગયો.

–ચન્દ્રકાન્ત બક્ષી

'ચન્દ્રકાન્ત બક્ષીની શ્રેષ્ઠ વાર્તાઓ' (પ્રથમ આવૃત્તી–1987, બીજી આવૃત્તી–1996, પુનર્મુદ્રણ–2003, મુલ્ય–રુપીયા 95, પ્રકાશક–નવભારત સાહીત્ય મંદીર, 134–પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–400 002) વાર્તા બાવીસમી, પૃષ્ઠ–185થી 193 ઉપરથી સાભાર...

અને બક્ષીસાહેબની વાર્તા પ્રગટ કરવાની પરવાનગી આપવા બદલ રીવાબહેનનો ખુબ જ આભાર.. ઉત્તમ ગજ્જર...



190 : 25-04-2010

(1) બરફ જેવાં સ્વજનો

–જ્યોતી ઉનડકટ

અનુક્રમણીકા

'મારાં સ્વજન કોલ્ડ સ્ટોરેજમાં જામતા બરફ જેવાં છે. કોઈ દીવસ ઓગળતાં નથી. હું પણ એ જ કોલ્ડ સ્ટોરેજની જણસ છું. છતાં રોજ ટીપે ટીપે પીગળું છું. મનમાં જામેલો બરફ ઓગળીને આંખોમાં થીજી જાય છે. શું એ લોકોને કંઈ નહીં થતું હોય?'

દીવાળીની આતશબાજીની જેમ મીતાલીના અવાજમાં દર્દ લબકારા લેતું હતું. લગ્ન પછી એની આ સાતમી દીવાળી છે. એ કહે છે કે દર વર્ષે ટોડલે દીવો મુકતી વખતે પપ્પાના ઘરે દીવાળીએ દીવો કરતી હતી એ વાત યાદ આવી જાય છે. શું ત્યાં હજી એ જ દીવો થતો હશે? એ જ જગ્યાએ રંગોળી પુરાતી હશે?

શું પપ્પાને કંઈ કરતાં કંઈ યાદ નહીં આવતું હોય? કપડાંની ચૉઈસ કે ફટાકડાની જીદ. પચીસ વરસની હતી તો પણ હું દાઝી ન જાઉં એ માટે ફટાકડા ફોડતી વખતે પપ્પા મારી સાવ પાછળ ઉભા રહેતા. 'ફટાકડા ફોડવા છે તો પહેલાં કૉટનનાં

કપડાં પહેરો. બૉમ્બ હાથમાં નહીં સળગાવવાનો'...નાની નાની વાતોનું કેટલું ધ્યાન રાખતા હતા!

આ સાત વરસમાં કોઈ દીવસ એમને એવું નહીં થયું હોય કે મારી દીકરી ક્યાંક દાઝી તો નહીં હોય ને? એક ફોન નહીં; કોઈ વાતચીત નહીં! આવું કેમ બની શકે? ભલેને મેં ભાગીને લગ્ન કર્યાં હોય. ભલેને પપ્પાએ કહ્યું હોય કે, 'મારે માટે એ મરી ગઈ છે.' એ જ પપ્પા પહેલાં કહેતાં, 'તું તો મારા ઘરની કોયલ છે.' હવે કયો ટહુકો એમને સંભળાતો હશે?

ક્યારેક ગુસ્સો આવી જાય છે. શું એમના કાને બહેરાશ આવી ગઈ છે કે એમની કોયલનો ટહુકો યાદ આવતો નથી? પછી થાય છે કે ના એવું નહીં જ હોય. દીવાળીના દીવસે લાપસીનો પહેલો કોળીયો મોંમાં મુકતી વખતે હું જરુર યાદ આવતી હોઈશ. ફુલઝરના ઝગમગાટમાં પપ્પાને મારો ચહેરો દેખાતો હશે.

જીન્દગીની હાર્ડ ડીસ્કમાં સેવ થયેલા સ્મરણ એમ ડીલીટ થતાં નથી. રીસાઈકલ બીનમાં પડી રહેલાં આવાં સ્મરણ વારે વારે તાજાં થઈ જાય છે. આંખમાં એક રંગોળી ઉઠે છે અને આશીર્વાદ માટે ઉઠેલા હાથોનો સ્પર્શ અનુભવાય છે.

મીતાલી કહે છે કે હું જરાયે દુઃખી નથી. મેં પણ આજે નવાં કપડાં પહેર્યાં છે. આંગણે રંગોળી પુરી છે. ટોડલે દીવો કર્યો છે. મને કોઈ ફરીયાદ નથી, તો પછી એ લોકોની ફરીયાદ કેમ

દુર થતી નથી? મારા દરેક વર્તનમાં એમના જ સંસ્કાર રિફ્લેક્ટ થાય છે. હજુયે એ જ રીતે પગલાં ભરું છું, જે રીતે પપ્પાએ શીખવ્યું હતું. તો પછી આ દુરી કેમ આવી ગઈ?

‘હાથ છુટે ભી, તો રીશ્તે નહીં તુટા કરતેં’... હાથ છુટી ગયો છે; પણ સમ્બન્ધ? દીવાલ પર ટીંગાયેલાં તારીખીયાનાં પાનાં ખરતાં રહે છે. એ હાથ દુર ને દુર જતો રહે છે. જે હાથ મારા માથા પર વહાલ થઈને ફરતો હોય છે એ હાથ તમાચો કેમ બની જતો હશે?

ખેર! અગેઈન કહું છું, હું જરાયે દુઃખી નથી. પ્રીયજન સાથે ભાગીને લગ્ન કર્યાં છે એનો પસ્તાવો નથી. પપ્પા માટે ભલે હું મરી ગઈ હોઉં; પણ મારા માટે એ બધા જ જીવે છે. હું પણ જીવું છું.

એમણે કદાચ પોતાનાં સ્મરણ મનમાં દફનાવી નફરતની એક કબર ઉભી કરી દીધી હશે. એ વીચાર આવે છે ત્યારે પણ થાય છે કે લોકો કબર પર પણ ક્યારેક ફુલ ચડાવવા આવે છે. મૃત્યુતીથીએ પણ માણસો યાદ કરે છે. કમ સે કમ ‘તું મરી ગઈ છે’ એવું બોલવાની તારીખને મારી મૃત્યુતીથી સમજીને યાદ નહીં કરતા હોય? સૉરી, સારા દીવસે આવી વાત બોલવી નહીં જોઈએ; પણ બોલાઈ જાય છે.

ઘણી વખત એવું થાય છે કે હુંય બધું ભુલી જાઉં; પણ હું ભુલી શકતી નથી કે પપ્પા–મમ્મીની વાતો પર હું કેવી હસી

પડતી હતી. મમ્મી કહેતી કે તું હસે છે તો જાણે ઘરની બધી જ દીવાલો મહેકી ઉઠે છે. એ દીવાલ પર મારો જે ફોટો હતો એ તો એમણે તોડીને ફેંકી દીધો છે; પણ મનની દીવાલો પર અંકાયેલી યાદો પણ ભુંસાઈ ગઈ હશે?

જીન્દગી છે; ચાલતી રહેવાની છે. એમની પણ અને મારી પણ. કંઈ જ નથી જોઈતું. કોઈ અપેક્ષા નથી. કોઈ ફરીયાદ નથી; છતાં પણ એવું શું છે, જે વારેતહેવારે કુંપળ બની ફુટી જાય છે, એ કુંપળનો સ્પર્શ થઈ જાય છે અને કેટલીક કુમાશ તાજી થઈ જાય છે! હું એ કોલ્ડ સ્ટોરેજના દરવાજા તોડીને બહાર આવી ગઈ છું એટલે જ ક્યારેક પીગળી જાઉં છું; પણ પેલો બરફ પીગળતો નથી.

હું સુખી છું. પછી જેમણે કાયમ મારું સુખ ઈચ્છ્યું એ લોકો કેમ સુખી નથી? હું તો પ્રાર્થના કરું છું કે તમે સુખી રહો– મને ભુલીને પણ. ભલે તમારાં આંસુ પણ તમારા કોલ્ડ સ્ટોરેજની જેમ જામીને બરફ થઈ જાય. પણ મારે બરફ થવું નથી. મારે તો ઝરણાની જેમ વહેતું રહેવું છે. એક જગ્યાએ થીજી નથી જવું.

મીતાલી પુછે છે કે મારા જેવી કેટલી પ્રીયદર્શીની હશે? હું તો આ નવા વર્ષે એવી પ્રાર્થના કરું છું કે એમનાં આપ્તજનો કોલ્ડ સ્ટોરેજના બરફ જેવાં ન હોય... (પાનઃ ૨૧–૨૨)

(2) સન્તાનોને એમની રીતે જીવવા દો...

‘દીકરી વહાલનો દરીયો કે અરમાનોનો જનાજો?’ આવા હેડીંગ સાથે સરસ અક્ષરે લખાયેલો એક પત્ર મળ્યો. આખી જીન્દગી બાળકોને પોતાના જીવની જેમ ઉછેરીને મોટાં કર્યાં પછી એમને માબાપનાં અરમાનોનું ખુન કરવાનો અધીકાર કોણે આપ્યો એવી ફરીયાદ એ પત્રમાં કરવામાં આવી છે.

ભાવનગર રહેતા રમણીકભાઈ અને દીવ્યાબહેને આવા અનેક સવાલો ઉઠાવ્યા છે. આ દમ્પતીને સન્તાનમાં એક દીકરી અને એક દીકરો. મધ્યમ વર્ગનો પરીવાર. પતી–પત્ની બન્ને નોકરી કરે. બાળકોને વ્યવસ્થીત રીતે ભણાવ્યાં, ઉછેર્યાં અને મોટાં કર્યાં. દીકરો કામે લાગી ગયો ને દીકરી પણ ટીચર બની નોકરીએ લાગી.

પરીવારની આંખોનો તારો તો દીકરો; પણ મા–બાપનો જીવ દીકરીમાં. આખા ઘરને ચહેકતું રાખતી રીયા જેમ કહે તેમ ઘરમાં થાય. નાની નાની વાતમાં પણ રીયાનો ઓપીનીયન જ માનવામાં આવે. સમજુ અને સારી નીર્ણયશક્તી ધરાવતી રીયા, મા–બાપ અને ભાઈ માટે જાણે જીવનનું ધ્યેય હતી.

રમણીકભાઈ કહે છેઃ ‘બે મહીના પહેલાંની વાત છે. રીયાએ અમને ફોન કરીને કહ્યું કે મારી સાથે નોકરી કરતા પરનાતના યુવક સાથે મેં લગ્ન કરી લીધાં. અમે ઘડીભર તો

અવાક્ થઈ ગયાં કે આ કોઈ દુઃસ્વપ્ન તો નથી ને? પછી અમે હકીકત સ્વીકારીને દીકરીને ગુજરાતી રસમ પ્રમાણે પરણાવી તથા કરીયાવર કરીને વળાવી.

દીકરીને એના સાસરે વાર–તહેવારે મળવા માટે જતાં આ મા–બાપનાં મનમાં એક સવાલ હમેશાં ઉઠે છે કે અમારાં અરમાનોનું ખુન કરવાનો અધીકાર દીકરીને કોણે આપ્યો?

રમણીકભાઈ કહે છેઃ 'આખી જીન્દગી બાળકોની સુખાકારી માટે અમે બન્નેએ દીવસ–રાત જોયા વીના નોકરી કરી. દુનીયાની દરેક સવલત આમને આપવાની કોશીશ કરી. અમને એવું યાદ નથી કે બન્ને બાળકોએ કદી અમને પરેશાન કર્યાં હોય કે ટૅન્શન આપ્યું હોય. બેય ડાહ્યાં હતાં. જો કે રીયાની એક ભુલે અમારા હસતા–રમતા પરીવારને વીખેરી નાખ્યો.'

મનમાં ને મનમાં હીજરાતાં મા–બાપે એક દીવસ રીયાને પુછ્યું કે તેં કર્યું એ વાજબી છે? રીયાએ હસીને જવાબ આપ્યોઃ 'વાજબી છે કે નહીં એ મને ખબર નથી; પણ હું બહુ ખુશ છું એટલી મને ખબર છે.' આ મા–બાપને એમ થાય છે કે દીકરીને પોતાની ખુશીથી વધુ મહત્ત્વનું કંઈ જ નથી. અમારી આંખોનું જે નુર હતી એ દીકરીને હવે અમારી આંખોની વ્યથા વંચાતી નથી.

દીવ્યાબહેન કહે છે કે રીયા ખુબ ભણેલી છે એટલે અમારે એને સારા અને શ્રીમંત પરીવારમાં વળાવવી હતી. પણ

રીયાની એક ભુલથી અમારા પરીવાર પર વ્યથાનાં વાદળ આવી ગયાં છે.

દીવ્યાબહેન અને રમણીકભાઈની વ્યથા કદાચ એમની જગ્યાએ સાચી હશે; પરન્તુ આજનો જમાનો જરા જુદો છે. હમ્મેશાં આપણે ધારીએ તેમ થતું નથી હોતું. એવું જરુરી પણ નથી કે બાળકો મોટાં થયાં પછી પણ એમની જીન્દગીના દરેક નીર્ણય એ તમને પુછીને જ લે. એવું માનવું પણ વધુ પડતું છે.

બાળકોને એમની રીતે જીવવાનો અધીકાર છે. એમને પોતાનાં નીર્ણયો જાતે લેવા દો. માર્ગદર્શન આપો; પણ તમારો ઓપીનીયન સંતાનો પર ઠોકી નહીં બેસાડો. કદાચ મોટો થયેલો દીકરો કે દીકરી તમારું માન રાખશે. મૅચ્યોર થયેલાં બાળકો તમારાથી કદાચ ડરે પણ ખરાં; પરંતુ એમની પાસે તમારાં સપનાં પુરાં કરવા સીવાયની પણ જીન્દગી છે. બાળકોનાં પોતાનાં પણ સપનાં હોય છે. એમની જીન્દગી પર એમનો પોતાનો પણ અધીકાર હોય છે.

બાળકોને મન એમનાં મા–બાપ આદર્શ હોય છે. પણ એ આદર્શ મુર્તીને પુજ્યે જ રાખે એવું તમે માનતા હો તો એ ખોટું છે. બાળકોને એમની રીતે નીર્ણયો લેવાનો, ભુલો કરવાનો, ભુલો સુધારવાનો પુરો અધીકાર છે. એમની પાસે એવો આગ્રહ ન રાખો કે એ તમારી વાત માને જ.

હમણાંની જ એક વાત કરું. એક બહેનપણીની વીસ વરસની દીકરીનું વેવીશાળ નક્કી થયું. મુરતીયો વીદેશથી ભારત આવવાનો છે. એ છોકરી અને છોકરાએ નક્કી કરી નાખ્યું કે સગાઈ પહેલાં બન્ને સાથે શૉપીંગ માટે મુંબઈ જશે. દીકરીએ આ નીર્ણય તેની મમ્મીને કહ્યો. મમ્મીએ ના કહી; પણ દીકરી ન માની એટલે મમ્મીએ પોતાની નારાજગી દર્શાવીને છેવટે નાછુટકે દીકરીને મંજુરી આપી.

રમણીકભાઈ, દીવ્યાબહેન અને એ બહેનપણી એમ ત્રણેય પોતાનાં સંતાનોને રાજી રાખવામાં પોતાની ખુશી સમજે છે. બાળકો તમારી મરજી કે તમારા સ્વભાવ વીરુદ્ધ કોઈ વાત કરે તો એને પણ સમજવાં જોઈએ. કદાચ બાળકો એમની રીતે સાચાં પણ હોઈ શકે. મા–બાપને એક જ વાત કરવાની કે સંતાનો એમના નીર્ણયમાં ખોટાં પડે તો, એમને પોતાની જ વાત સાચી હતી એવું પ્રતીત કરાવવાને બદલે એના કપરા સમયમાં સાથ આપવાનું કદી ન ભુલશો. (પાનઃ૯૧–૯૨)

–જ્યોતી ઉનડકટ

લેખીકાના પુસ્તક ‘વાચા’ (પ્રથમ આવૃત્તી–2009, પ્રકાશક – ‘નવભારત સાહીત્ય મંદીર’ દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ–380 001 E–mail : info@navbharatonline.com પાનાં–200, મુલ્ય– રુપીયા : 225)માંથી સાભાર...

લેખીકા સંપર્કઃ જ્યોતી ઉનડકટ, 206, આર્યન એપાર્ટમેન્ટ, 37–પ્રતાપગંજ, વડોદરા -390 002 Phone: (0265) 278 8333 Mobile: 093762 25591

e-mail: jyotiu@gmail.com

&&&

191 : 09-05-2010

ચરર ચરર મારું ચકડોળ ચાલે!

– 'હરીશ્ચન્દ્ર' –

અનુક્રમણીકા

સસરાને એકાદશી. એટલે સાબુદાણાની ખીચડી કરી. હજી નાનકાને નવડાવવાનો બાકી છે. વચલીની રડારોળ ચાલુ છે. મોટી પાછળ પડી છે, 'મમ્મી, મારું હોમવર્ક!'

'લાવો હોમવર્ક. ભણો છો તે જાણે અમારા પર ઉપકાર!'

'તને નવી તરાહના દાખલા આવડશે?'

'કેમ ન આવડે? તારી મમ્મી ફર્સ્ટ ક્લાસ બી.કૉમ. છે.'

એને દાખલા કરાવ્યા અને એ નીશાળે ગઈ. ત્યાં તો નાનકાએ ભેંકડો તાણ્યો. તેને કેડે લઈ વીદ્યા ગૅલેરીમાં આવી. એની નજર સામેની બૅન્કમાં નોકરી કરતી છોકરી ભણી ગઈ. કેટલાં સફાઈદાર કપડાં પહેરીને આવે છે! પર્સ પણ કેટકેટલી જાતની! ચાલવામાંયે ઠસ્સો!

કેમ ન હોય? જાતે કમાય છે. પોતાના શીક્ષણનો ઉપયોગ કરે છે. એ છોકરીને જુએ છે ને વીદ્યાનું મન ચકડોળે ચડે છે. બસ, ઘર ને છોકરાંવમાં જ બધી ઈતીશ્રી! તો ભણ્યાગણ્યાનો શો અર્થ? હુંયે નોકરી કેમ ન કરું?

તેવામાં એનું ધ્યાન ગયું કે ઘાઈ ઘાઈમાં મોટી નાસ્તાનો ડબ્બો ભુલી ગઈ હતી. ઝટ ઝટ એ ડબ્બો લઈ અંજુને ત્યાં ગઈ.

‘અંજુ ને એની મમ્મી ગયાં?’

‘લાવો, હું પહોંચાડી દઈશ. આજે અમારી રસોયણ નથી. મા–દીકરી ચા–બ્રેડ ખાઈને ગયાં છે. હવે હૉટેલમાંથી પુરી–શાક લઈ બન્નેને ડબ્બા પહોંચાડી હું ઑફીસે જઈશ. તમારો ડબ્બો તો ગરમ ગરમ છે ને? શું છે આમાં?’

‘સાબુદાણાની ખીચડી.’

‘ઓહ, મારી ફેવરીટ ડીશ! હમણાં ઘણા વખતથી ખાધી નથી... અને હા, તમારી સોનુ પહેલો નંબર છોડતી જ નથી. અમારી અંજુ પર તો અમે ધ્યાન નથી આપી શકતાં. એની મમ્મી કૉલેજના લેક્ચરની તૈયારીમાં અને હું મારા ધંધાધાપામાં. એટલી બધી દોડધામ હોય છે! જુઓને, આજે દુધ પીંજરામાં મુકવાનું ભુલી ગયાં અને બીલાડીને મીજબાની થઈ ગઈ! રસોયણ નથી હોતી ત્યારે તો અમારા ઘરમાં ભારે અંધાધુંધી!

પાછા ફરતાં વીદ્યાનું મન પુછ્યા જ કરતું હતું કે તારે તારો સંસાર નોકરને હવાલે કરવો છે? પણ ફરી પેલી બૅન્કની છોકરી પર નજર જતાં એને થયું – તેમાં શું? કેવળ સંસાર ચલાવવા જ સ્ત્રીનો જન્મ? શીક્ષણ, બુદ્ધીમત્તા, વ્યક્તીત્વ – એ બધાંનો વીકાસ નહીં કરવાનો?

'બહુ મોડું થયું?' સસરાએ પુછ્યું. 'થયું' – એ કડવાશથી બોલી. અને મનોમન બબડી – ચોવીસ કલાક વહુ સેવામાં હાજર જોઈએ. ખીચડી કરીને તો ગઈ'તી. હાથે લઈને ખાઈ ન લેવાય? પેલા પરદેશીઓ વૃદ્ધાશ્રમમાં નાહક નથી ધકેલતા.....

'હું જાતે ખાઈ લેવાનો જ હતો. પણ થયું કે તારે કાલનો ગુરુવાર. સવારે પણ કંઈ તેં ખાધું નથી. એટલે તુંય સાથે થોડું ખા!'

એ ગદ્ગદીત થઈ ગઈ. એણે પ્રેમથી સસરાને જમાડ્યા. ખાઈને ઉઠ્યા ત્યાં સુધીમાં પથારીયે ઠીકઠાક કરી દીધી. એને પોતાના વીચારની શરમ આવવા લાગી. પોતે નોકરી કરવા જશે, તો આમની સંભાળ કોણ લેશે? કેટલી બધી લાગણી રાખે છે! એમને વૃદ્ધાશ્રમ દેખાડવો!

શું કામ બળે છે જીવ? અને એ બાબતે જીવ પેલી બૅન્કની છોકરીને જોઈ પાછો ગાંડો શું કામ થઈ જાય છે? આ બધાં પ્રેમનાં બંધન તોડવાની તૈયારી છે? કે એ બંધનમાં જ આનન્દ લુંટવો છે? એના મનનું ચકડોળ ચાલતું રહ્યું.

સામે ડ્રેસીંગ ટેબલ જોઈ ફરી વીચારમાં પડી – પતી કેટલા પ્રેમથી લાવ્યા હતા આ ડ્રેસીંગ ટેબલ! 'રાણી, તું મારો સંસાર સજાવે છે. તને સજાવવા આ ટેબલ!' અને વારંવાર કેટલા પ્રેમથી કહે છે – 'તું બાપુની મારા કરતાંય વધુ કાળજી લે છે. છોકરાંવનેય તું જ સંભાળે છે. તું છે તો આ ઘર છે!'

બે બાળકી પછી એ તો ઑપરેશન કરાવી લેતા હતા; પણ પોતે જ આગ્રહથી વધુ એક ચાન્સ લેવાનું નક્કી કર્યું. દીકરો જોઈતો હતો ને!

કેમ એમ? છોકરો–છોકરી સમાન છે ને આ યુગમાં? જુના વીચારોની બેડી પુરતી તુટી જ નથી પગમાંથી અને નવા પાછળ દોડવાની ચડશ પણ પગ વાળીને બેસવા દેતી નથી!

નાનકાના રડવાથી એ તંદ્રામાંથી જાગી. અને તેને હીંચોળવા લાગી. ત્યાં તો હાથમાંથી દોરી લેતાં સસરા બોલ્યા, ‘તું જરા આડી પડ.’

એને થયું, વૃદ્ધાશ્રમની કલ્પના જ કેટલી નીર્દય છે! અને પડી પડી માસીક ઉથલાવવા લાગી. જાગતીક મહીલા વર્ષનો વીશેષાંક હતો. વીવીધ ક્ષેત્રોમાં યશ મેળવનાર સ્ત્રીઓના ફોટા ને ગાથાઓથી પાને પાન ભરેલું હતું. ફરી એનું મન ચકડોળે ચડ્યું. પોતાનું જીવન ઘરમાં જ પુરું થશે? પેલી બૅન્કની છોકરી કરે છે તે પોતાના શીક્ષણના ઉપયોગ ખાતર કરતી હશે કે ગરજ ખાતર? એને છોકરાં નહીં હોય? એનાં છોકરાં ને પતી ને સસરાનું શું થતું હશે? પણ ના, આવા લાગણીવેડા કરીએ, તો કદી આગળ વધાય?

તેવામાં મોટી નીશાળેથી આવી એને વળગી પડી. ‘આજની કેક મસ્ત હતી. ક્યાંથી આણી?’

‘કેક?’ એ ચમકી.

'અંજુના પપ્પા કહેતા હતા કે દર એકાદશીએ આવી રીતે ડબ્બો ભુલી જજે. મમ્મી, એ એમ કેમ કહેતા હશે?'

અને પછી શું શું થયું હશે તે ધ્યાનમાં આવતાં વીદ્યા હસી પડી. પણ પછી ગમ્ભીર થઈ મનોમન બબડી, 'બીચ્ચારા!' ફરી એને વીચાર આવ્યો – તારે પણ તારાં પતી, બાળકો, સસરા બધાંને આવાં 'બીચ્ચારા' બનાવી મુકવા છે?

તેવામાં બહાર નજર ગઈ તો બૅન્કમાંથી પેલી છોકરી વેણી અને સાડી સરખી કરતી બહાર નીકળતી હતી. ઠસ્સાથી તોરમાં ચાલી જતી એને વીદ્યા જોઈ રહી.

– 'હરીશ્ચન્દ્ર'

(શ્રી સુનીતા આફળેની મરાઠી વાર્તાને આધારે)

તા. 1 નવેમ્બર 2009ના 'ભુમીપુત્ર' પાક્ષીકના અંકમાંથી સાભાર..



192 : 23-05-2010

વહી જતા આભાસનાં રેખાચીત્રો

– રમણીક અગ્રાવત

અનુક્રમણીકા

.1.

પાંચ હજાર વરસથી

કાચ–પેપર ઘસ્યા કરું છું આયના પર

ઝાકળપડ ભુંસવા.....

ટેરવાં ઘસાઈ ગયાં છે

નખ લીરેલીરા તોય નડે છે

છાલાં ઉતરી ગયેલો આદીમ હાથ

ઘસ્યા કરે છે ઘસ્યા કરે છે....

ક્યારેક તો એવું લાગે છે

હાથને બદલે આખેઆખા વંશવેલાથી

ખોદ્યા કર્યો છે આયનો

કે આ સમગ્ર પરીશ્રમ

આયનાનો જ ભ્રમ છે?

ઘસાવાનો કર્કશ અવાજ

આયનાથી આયના લગી

ખુદ આયના જેમ ખડો છે.

.2.

હથેળીમાં નકરી ખંજવાળ લઈ જનમ્યા નટવરલાલ

લ્યે તાળી તો લબકે ખંજવાળ

દ્યે તાળી તો ઉપડે ખંજવાળ

મુઠ્ઠી ભીંસીને બેઠા રહે તો એને ગલીગલી આઠે પ્હોર....

આમ સાજાસમા છે બે હાથ

તોય ક્યારેક ના ભીડાયે બાથ

પોતે ડાહ્યા ને વળી ડમરા, લટકામાં ઉંડી ખંજવાળ

હોય પારકાનું તોયે સમજાય

આ તો પોતીકી હથેળી કજાત

આદમી આમ સીધી લેનનો ને વળી બચરવાળ

હથેળીમાં વકરી ખંજવાળ ને અથર્યા નટવરલાલ.

.3.

આ મને ભુંસવા બેઠેલી પરીસ્થીતીની સામે

મારી નાનકડી સમજણ લઈને બેઠો છું

જાણું છું
વાર નહીં કરું તો મને હતો ન હતો કરી નાંખશે આ સમય
પણ વાર કરું છું નીયમોથી ઉફરો
મારી ઉગતી સમજણને દબાણ નહીં કરું
દબાણોની પોલી બીક સમજી લીધી છે
સમજી લીધી છે શક્યતાઓની ભરમાર
સમજી લીધી છે વેચાતી કે ભાડાપટ્ટે મળતી નીરાંત
કંઈ સાત પગ ને નવ માથાંવાળી તો નહીં હોય ને પરીસ્થીતી?

.4.

સ્ફટીક નીર્મળી ક્ષીતીજ તગતગતો સુરજ લાલ
ગંધાસવ ચકચુર થનગનતાં વૃક્ષ અપાર.

હવા પાતળું વસ્ત્ર સુગંધી નજર ભરી લહેરાય
ઘ્રાણપ્રીયાના કેશ મનને મથે મથે લગાર.

છાતીમાં ટમક્યા કરે કંપ હજીય અનેક
ખળખળ મુઠ્ઠી ભીંસતી સંઘર્યા સ્પર્શ ડસેલ.

વહી જતા આભાસ સામટા સ્તબ્ધ ખડા રહી જાય
વીહ્વળ મનનો વેશ બાવરો ફરી ફરી ભજવાય.

.5.

અંધારાને ભુંસવા ઝુઝે ચન્દ્ર અધીર
ઝાડ તળેની ચાંદની ડ્હોળે ઝટ સમીર

ગંધ કહે કે 'હું ચઢું' પવન કહે કે 'હું'
વડછડ મીઠી વેરતી રાત કહે કે 'છું'

ઓચીન્તા જાગી પડી કોકીલ બોલે 'કુ...'
પળને પો'રે ઠેકતો વાયરો હભળક છું...

સન્નાટાના સાપને ચઢીયા ઘેન મદીર
જળ જપ્યાં દશ દીશનાં, કાળવતીને તીર.

.6.

તારી આંખમાં કેટલા આયના છે?
પળે પળ પ્રતીબીમ્બ નવીન
મને કર્યો મોહીત મારા પર!
આયનાની જેમ સાચવે છે તું મને
ગ્રસી ચસોચસ
છેક દુર જતાં ટપકું બની જાઉં
ત્યાં લગી સચવાતો જોયો છે મને

તારામાં.

મારી જ સામે હર પળે

તું મુકે મને ને મુંઝવે

વીખરાતા આભાસમાંથી વીણી વીણીને

ક્યાં લગી મને એકઠો કર્યા કરીશ....

.7.

રાતે પથારીમાં પડતાં પહેલાં વઝુ કરું છું

આ ધુળભર્યા પગે સપનામાં નથી જવું

દીવસભરના સ્પર્શોથી ખરડાયા છે હાથ

વીવીધ વર્ણ અને લયના અવાજ

હજી ચોંટ્યા છે કાનમાં

ચામડીનાં છીદ્રેછીદ્રમાં ઘર કરી ગયેલો દીવસ

થોડોક ભુંસીને

આઠ કલાકની નમાજ આદરું છું....

.8.

ક્યારેક મારી બા હસી પડતી

ત્યારે એના ચહેરા પર જે આભા પથરાઈ વળતી

તેવા ચળકતા લાલ રંગનું ઘર

દુર દુર દેખાય છે

એની આજુબાજુ ઝાંખાં પડી ગયેલાં સ્મરણોની ઝાંય

લાલ દીવાલો અને કેસરી છાપરાંવાળું મારું ઘર

બારીમાંથી ઢોળાતાં ફાટફાટ લીલાં આશ્ચર્યો

ગાઢા ભુરા રંગની પશ્ચાદ્–ભુમાં

સફેદ લસરકે ટપકું થતાં જતાં પંખી

દેખાય કે ન દેખાય

પણ આખાય ચીત્રને બાથમાં લઈને

હજીય મારી બા ઉભી છે

અવીચળ અવીશ્રાંત....

.9.

લીલી લટને નેજવે હીંચે લાલમલાલ ફુલ

નાક–નમણી દાંડીએ બેઠું પતંગીયું

જ્યાં ઉડે

જાંબલી જાંબલી સપનામાં મારું

આજુબાજુનું પાતળું આયખું

સાવ સડેડાટ ગુલ....

પોપચે ઢાંકી વાત તું તો સાવ હળવે હળવે ખોલે

ઘેનલચીલાં ઘુઘવે કપોત મદનીતરતું બોલે

પાંચ પાંચ ફુલ સામટાં ખીલે

રંગ–ભભકની છોળ મચી રે

ઝાલું તો કયે હાથથી ઝાલું
કાન સોંસરવું મુખ, ને મારા હાથ ઘડીમાં ગુમ

આથમતી આ વેળા ઢળે ત્યાં
આવ તને હું અડકી
મેલું મનને સાતમે મોલ
ભીના સુરને દોરે પરોવી રોજને ટેરવે ગુંથશું ગમતા બોલ
રોજનો સુરજ રોજનો ચાંદો
રોજનું ભુલવું રોજની યાદો
ભીંજવી એમાં
ધારશું એને જાંબલી રંગનું ફુલ..

.10.

અક્ષરમાંથી શબ્દ થયો, શબ્દ ભયો ભૈ ભાવ,
ભાવ ભાવ ઘુંટ્યા કર્યું, છેડે આવ્યો અભાવ.
અભાવ અઢળક આવતો, છલક છલકાય,
છલકીને ખાલી કરે, ભરચક ભયે મનભાવ.

અધલખ અક્ષર આળખ્યા, અધલખ સહ્યા તણાવ,
તણાવ તળાવ નીલ ભયું, શબ્દ નાવ જળ–ભાવ.
શબ્દ બાંધ્યો અક્ષર વડે, શબ્દ ભાવને ઘડે,

ઘડે ભાવ વળી શબ્દ નવા, ભાવ ધજા નવી ચડે.

.11.

ક્યારેક મીત્રો એમનું વધારાનું

રહસ્ય

મારી કને ઠાલવી જાય

હરખાઈને ઉપાડી લઉં ભાર

દાઢી કરી લીધા પછી

કાનમાં ચોંટેલાં સાબુફીણમાં

ઝીણા ઝીણા ઝીણા દરીયાઈ શંખ ગુંજ્યા કરે એમ

મીત્રોનું નકામું રહસ્ય કાનમાં વાગ્યા કરે

અવારનવાર.

રમણીક અગ્રાવત

કવીસંપર્કઃ 7, મુક્તાનંદ, નર્મદાનગર, 392 015– જી. ભરુચ.

ફોન– 02642-245 172, મોબાઈલ– 96620 58243

E-mail: rgagrawat@gnfc.in

કવીસર્જનઃ (1) ‘ક્ષણ કમળ’ કાવ્યસંગ્રહ (1991), પ્રકાશકઃ ભાવના અગ્રાવત, 7, મુક્તાનંદ, નર્મદાનગર, 392 015– જી. ભરુચ, પાન–40, મુલ્યઃ રુપીયા–21 (2) ‘વહી જતા આભાસનાં રેખાચીત્રો’ કાવ્યસંગ્રહ (1995), પ્રકાશકઃ ઉપર મુજબ, પાન–

68, મુલ્યઃ રુપીયા–45 (3) ‘અવસર આવ્યા આંગણે’(લગ્નગીતો) (2008) પાન– 104 મુલ્યઃ રુપીયા–140

પ્રકાશક–Arunodaya prakashan, 202 Harsh complex, Khatri pol, Opp. Pada pol, Gandhi Road, Ahmedabad, 380 001 Phone: 079-2211 4108, 079-6523 0135, Mobile- 94262 78199.

અને છેલ્લે...

.12.

શરીરાયણ

શરીર બધું સમજે છે.
સમજદારીના ઝીણા ઝીણા ઝીણા સંદેશા
માંહ્યોમાંહ્ય વહ્યા કરે શરીરમાં અવીરત.
જરાક જેટલુંય વાંકું પડે ત્યાં
વીરોધનો સુર વહેતો મુકે શરીર.
ને આપણે –
શરીરમાં રહીનેય
        જાણે શરીરની સામે!
વીતે વરસોનાં વરસ શરીરમાં
તેની જરાયે પીછાણ વીના

પોતાના શરીર બહાર નીકળ્યાં જ નથી જે કદી

એ શું જાણે શરીરને?

શરીર પાર જવાની હામ ખોઈ બેઠેલા

 વળગી રહે માત્ર ટેવને, ઈચ્છાને.

જનમ–મરણના બે કાંઠા વચ્ચે

વહે સરસર વહેણ

ઘટનાઓનાં ઝાંખરાં, ફીણ,

બનાવોનાં જાળાં, ભાતભાતનાં અફીણ,

લાગણીઓના સ્રાવ

અને નકરું લાવલાવલાવનું ધમસાણ

અનન્ત સમયની અવધીમાંથી

વેતરી લે શરીર

 એનો ટચુકડો પનો..

 કવી *રમણીક અગ્રાવત*ની આ તાજી કૃતી, *‘ગુજરાતી સાહીત્ય પરીષદ’*ના મુખપત્ર ‘પરબ’ના એપ્રીલ, 2010ના અંકના પાન 8 પરથી સાભાર..

&&&

193 : 06-06-2010

માની અનેક ઈચ્છાઓમાં એક અદ્ભુત ઈચ્છા

– ખલીલ ધનતેજવી

અનુક્રમણીકા

ભરબપોરે મારી માનાં સૌભાગ્યાકાશનો સુરજ આથમી ગયો ત્યારે હું પાંચ વર્ષનો હતો અને ત્રીસેક વર્ષની વયે મારી માની પહેલવહેલી ઈચ્છા એ જ હતી કે હું ઝટ મોટો થઈ પગભર થઈ જાઉં! મારી માની એ ઈચ્છા હતી, દુવા હતી કે ખીલતાંની સાથે જ મુરઝાઈ ગયેલા ફુલ જેવા બદનસીબ આયખાનો હાયકારો હતો કે નીસાસો હતો? કે પછી એ બધું એકસામટું હતું? એ જે હોય તે પણ એ બધું અસરકારક નીવડે છે અને હું નાની વયે મોટો થઈ જાઉં છું. બાર વર્ષની ઉમ્મરે જ નીશાળ છોડી એ સાથે જ દાદાજીની આંગળી પણ છોડીને રાસપરોણો હાથમાં લીધો અને હળ સાથે જોતરેલા બળદ હંકારતો થઈ ગયો. ત્યારે એમને મારું ભણતર છુટ્યાનો સહેજે વસવસો નહોતો. ઉલટાનું દીકરો મોટો થઈ ગયાનું મનોમન આશ્વાસન મેળવી લીધું હતું! આમેય ગામની નીશાળમાં ગુજરાતી ચાર ધોરણ સુધીના જ અભ્યાસની જોગવાઈ હતી. વધુ ભણવા માટે બહારગામ જવું પડે. માને બહાનું મળી ગયું - 'ગામમાં જ ભણવાનું હોત તો જેટલું ભણવું હોત તેટલું

ભણાવત, પણ બહાર તો હું મારા દીકરાને નહી મોકલું!' એમાં દાદાજીની ઈચ્છાનોય ઉમેરો થયો - 'ભણાવીને અમારે ક્યાં નોકરી કરાવવી છે! ખેતી કોણ કરશે?'

એ વખતે સ્થીતી જ એવી હતી. ભરજુવાનીમાં અવસાન પામેલા મારા પીતા, એ મારા દાદાનું એક જ સંતાન અને મારા પીતાને પણ હું એક જ સંતાન. આમ મારા પીતાના અવસાન પછી પોતાનો વંશવેલો આગળ વધારવા દાદાજીએ મારા ઉછેરમાં કાળજી લેવા માંડી અને હું જવાબદારી સાથે ખેતીનો કારભાર કરતો થઈ જાઉં તો કોઈનો ઓશીયાળો ન થાઉં એવી એમની પણ ગણતરી હતી. માની ઈચ્છા અને દાદાજીની ગણતરી પુરેપુરી સંતોષાઈ. હું ખેતી કરતો થઈ ગયો; પણ હળ હાંકતા ખડતલ ખેડુત જેવો હાડમાંસે હું દેખાતો થઈ જાઉં એ માટે માએ ઘી, દુધ, ગોળ અને કોપરાં, વસાણું અને અસાળીયો મને ખવડાવવા પીવડાવવા માંડ્યાં. આ બધા ખોરાકની થોડીક અસર મારા શરીરમાં કુટવા માંડી કે તરત જ માને દીકરો પરણાવી દેવાની ઈચ્છા થઈ! બસ પતી ગયું! માની ઈચ્છા એટલે ટાળી ન શકાય તેવો વટહુકમ! એ વટહુકમની અવગણના એટલે આખું ઘર માથે લેવા જેવી સ્થીતીનું નીર્માણ. માની ઈચ્છા તો પ્રબળ હતી. એથી પ્રબળ એમની જીદ હતી, ને એથી પ્રબળ એમનો ગુસ્સો! આ ગુસ્સો અને જીદ એમને અકાળે મળેલા વૈધવ્યની દેણ હતી, એવું ઘરના બધા સમજતા હોવાથી

દાદાદાદી સહીત ઘરનાં બધાંએ એમની ઈચ્છાને વળગીને ચાલવાનું સ્વીકાર્યું હતું. આમાં મારી મરજીનો તો પ્રશ્ન જ ક્યાં આવતો હતો? આમેય લગ્ન વીશે વીચારવાની સમજ પણ મારામાં ક્યાં કેળવાઈ હતી? ઓગણીસમું વર્ષ બેસતાંવેંત મને પરણાવી દેવામાં આવ્યો! મા રાજી રાજી થઈ ગઈ!

પણ કુદરતે મારા વીશે કંઈક જુદું ધાર્યું હતું. મારા માટે તો મારી મા કરતાં કુદરત વધુ જીદ્દી પુરવાર થઈ! માએ મને નીશાળ છોડાવી અને કુદરત મને ખેતી છોડાવવાની જીદ્દે ચડી હતી. હું ખરાબામાં ઢોર ચરાવતો હોઉં કે દાતરડું લઈને ખેતરના શેઢે ચાર વાઢતો હોઉં ત્યારે પણ મારા મન-મસ્તકમાં કવીતાની પંક્તીઓ આવવા માંડી. મેં કયારેય કવીતા જેવું વાંચ્યું નહોતું અને નીશાળમાં ચોથા ધોરણમાં ભાષા કે વ્યાકરણ કોઈએ ભણાવ્યું નહોતું! મારા ગામમાં કોઈ કવી કે સાક્ષર નહોતો. મારા ગામમાં પાંચ હજાર વર્ષ પુર્વેય કોઈ કવી કે સાહીત્યકાર જનમ્યો હોવાનું જાણવા મળ્યું નહોતું. મેં કોઈ કવી નામના માણસ સાથે વાત કરી નહોતી અને મારામાં કવીતાની પંક્તીઓ ફણગાવા માંડી! એ કુદરતની જીદનું જ પરીણામ હતું કે રાસપરોણો કે હળનો દાંડો અથવા દાતરડું ઝાલવા ટેવાઈ ગયેલ મારા હાથમાં કલમ પકડાવી દીધી! મેં કશું લખવા માંડ્યું, એ વાત છાની રહી નહીં.

પ્રથમ ગામમાં અને પછી ગામ બહાર ફેલાવા માંડી. પડખેના ગામની માધ્યમીક શાળાના શીક્ષકો મને મળવા આવવા માંડયા અને એમણે પણ કુદરતની જીદને સમર્થન આપવા માંડ્યું અને છેવટે મને ગામ છોડાવ્યું!

ગામ છોડીને વડોદરા જેવા શહેરમાં આવીને સ્થીર થવા સુધીની બહુ લાંબી અને રસપ્રદ વ્યથા-કથા છે; પણ અત્યારે તો માની ઈચ્છાઓને સાંકળતી ઘટનાઓની જ વાત કરવી છે. માની જીદ એટલે ન ખમાય એવો એમનો ગુસ્સો! ખવડાવવા–પીવડાવવામાં પાછી પાની ના કરે. વહાલ પણ એવું જ! પણ એમનું અનુસાશન એવું કડક કે ન કશું કહેવાય કે ના કશું બોલાય! રડવાનું મન થાય તો ખેતરમાં ચાલ્યા જવાનું અને ખેતરના શેઢે બેસીને રડાય એટલું રડી લેવાનું! અથવા અંદર ને અંદર રીબાયા કરવાનું! આપણું એ દુખ ભુલીને નારાજ થયેલી માને રીઝવવા કંપને કાબુમાં રાખવાના પ્રયાસો કરવાના! માને રાજી કરવામાં બે દીવસ તો લાગી જ જાય એટલે એમને નારાજ કરવાની અમારી હીમ્મત ચાલતી નહોતી. મારાં પત્ની અને બાળકો પણ એમના અનુશાસનને માન આપે. એમનો ગુસ્સો એટલે ત્રીસ વર્ષની ઉંમરે મળેલા વૈધવ્ય પછીની જીવનયાત્રાના થાક સીવાય બીજું કશું નહોતું. કદાચ કુદરત પ્રત્યેનો રોષ પણ હોઈ શકે.

મેં ગામ છોડીને શહેરમાં જવાનું મનોમન નક્કી કરી લીધું. પણ એ માટે મા સમક્ષ પ્રસ્તાવ મુકવાની હીમ્મત પ્રાપ્ત કરવાનું અઘરું હતું. એમાં મારી પોતાની અંગત લાગણીઓ પણ મને કમજોર કરતી હતી. ગામ છોડવું એટલે માને છોડીને જવું! માને છોડવી એટલે એક વીધવા માને નીરાધાર કરીને ચાલ્યા જવું! જે માએ ભરજુવાનીમાં વીધવા થયા પછી દીકરાના આધારે આયખાની વૈતરણી તરી જવાનો મનસુબો કેળવ્યો હોય, એ માને છોડવી એટલે રીતસરની તરછોડવા જેવું જ થયું! આવી બધી લાગણીઓને ઓળંગી જવું ખુબ જ અઘરું હતું, પણ કુદરતે મારા માટે કંઈક જુદું જ ધાર્યું હતું અને મા કરતાં કુદરત વધારે જીદ્દી હતી! એ કુદરતે જ શહેર જવા અંગેનો મા સમક્ષ પ્રસ્તાવ મુકવાની હીમ્મત પણ એકઠી કરી આપી - 'મા! મારે હવે આ ગામમાં રહેવું નથી. મેં શહેરમાં જઈને રહેવાનું વીચાર્યું છે!'

માએમારા આ પ્રસ્તાવને ગંભીરતાથી ન લેતાં કહ્યું, - ' બેસ, બેસ હવે! પગરખાં લેવા માટે તાલુકાના ગામે જવાનું હોય તોય મામાની જોડે લઈ જાય છે - બહુ મોટો શહેર જવાવાળો ના જોયો હોય તો!'

'પણ મા! મામા સાથે તાલુકાના ગામે જતો એ વાત તો બહુ જુની થઈ ગઈ. હવે હું એકલો શહેરમાં જઈ શકું છું.'

'શું દાટ્યું છે તારા બાપનું શહેરમાં? અહીં કોણ? ખેતી કોણ તારો બાપ કરશે? તારો બાપ તો આપણને રઝળતા મુકીને ક્યારનો ઉપર પહોંચી ગયો છે! ત્યારે જ મેં પણ તને છોડી દીધો હોત તો?'

માના આવા આગ ઝરતા શબ્દો મને છેક ભીતર સુધી દઝાડી ગયા! પણ એ આગ મારા શહેરમાં જવાના નીર્ણયને બાળી શકી નહીં! થોડા દીવસો પછી મેં એ જ પ્રસ્તાવ મુક્યો. એ પછી ત્રણ-ચાર વખત પ્રસ્તાવ મુક્યો. છેવટે માએ શરત મુકી - 'તારે જવું હોય તો જા. પણ અહીંની આશા નહીં રાખવાની. અહીંથી એક મુઠ્ઠી જુવાર તને નહીં મળે!' મેં માની એ શરત મંજુર કરી લીધી. કોઈ પણ શરતે મા મને શહેર જવા દે એ જ મારે માટે મહત્ત્વનું હતું. જે દીવસે વડોદરા જવા નીકળ્યો ત્યારે માની ઈચ્છાઓ, માની જીદ અને માનો ગુસ્સો પ્રવાહી બની માની આંખમાં પ્રગટ્યો. માનાં કડવાં વેણ કરતાં એમની આ અશ્રુભીની આંખની વાચાળતાએ મને ભાંગી નાખ્યો. હવે માએ જીદ કરવા માંડી- 'ના, હવે તું જા!' પણ એ દીવસે ના જઈ શક્યો. ગામના મારી ઉમ્મરના બે ત્રણ છોકરા શીક્ષકની નોકરીમાં લાગી ગયા હતા. બે ત્રણ એસ.ટી. બસના ડ્રાઈવર કન્ડક્ટર બની ગયા હતા. એટલે નોકરી માટે મારું શહેર જવું માને સ્વાભાવીક લાગ્યું! એમણે બીજી એક શરત મુકી - 'સારી નોકરી મળે તો કરજે; પણ કારખાનામાં મજુરી કરવા ના જતો.

ત્યાં હથોડા પછાડવા કરતાં અહીં ખેતરમાં માટી ઉથામવી શી ખોટી છે?' માની એ શરત પણ મેં મંજુર રાખી. આમેય મારો પોતાનો નીર્ણય પણ સ્ટેટસવાળી નોકરી કરવાનો જ હતો.

હું વડોદરા આવી ગયો. માએ ખેતી અડધા ભાગે સોંપી દીધી. એમની શરત પ્રમાણે બે વર્ષ મને કોઈ મદદ કરી નહીં અને બે વર્ષ જ મારે માટે ખુબ અઘરાં હતાં. માએ મદદ નહીં કરવા પાછળ હું થાકીને પાછો ગામમાં આવી જઈશ, એવી એમની ધારણા હતી. નોકરી માટેની શૈક્ષણીક ડીગ્રી મારી પાસે નહોતી એટલે પાછો ગામમાં આવી જઈશ એવું એમણે ધાર્યું હતું. હું દર અઠવાડીયે ગામમાં જઈને માને મળી આવતો. મહીને પંદર દીવસે મારાં મા પણ મને મળવા અને મારી પરીસ્થીતી જાણવા વડોદરા આંટો મારી જતાં હતાં! પણ મા આવે ત્યારે મારે ગમે તે રીતે બસો પાંચસો રુપીયાની જોગવાઈ કરી રાખવી પડતી. મા કશાની માગણી કરે અને પૈસા માટે એમની સામે હાથ લંબાવવો પડે તો એમને બહાનું મળી જાય - 'આટલા પૈસાય તારી પાસે નથી હોતા? તો અહીં શા માટે પડ્યો છે? ચાલ, પાછો ઘરે ચાલ!' મા આવું બહાનું શોધે એવું મને લાગતું હતું. જો કે માએ કશી માગણી કરી નહોતી.

મને એક મારા જેવો જ મીત્ર મળી ગયો. એને પણ લખવાનો શોખ હતો. એણે, સાથે મળીને એક વાર્તા-માસીક પ્રસીદ્ધ કરવાનો પ્રસ્તાવ મુક્યો. મેં એ પ્રસ્તાવ સ્વીકારી લીધો.

માસીક શરૂ કર્યું. ચારેક મહીના ચાલ્યું. પછી મીત્રને થાક લાગવા માંડ્યો. એ પ્રેમપુર્વક ખસી ગયો. હવે વાર્તા માસીક ચલાવવાની બધી જવાબદારી મારા એકલાને શીરે આવી. એમાં પત્નીનાં ઘરેણાં ગીરો મુકવાં પડ્યાં. ત્યારે જીવનમાં ક્યારેય નહોતો લાગ્યો એવો માનો ડર લાગવા માંડ્યો; કારણ કે એ ઘરેણાં માએ વહુને ચઢાવ્યાં હતાં. હવે ઘરેણાં ગીરવે મુક્યાં છે, એવું મા જાણે તો માથે આભ તુટી પડે! ગામમાં કે સગાઓમાં લગ્ન ઉજવાય તો ત્યાં જવું જ પડે ને ઘરેણાં પહેરીને જ જવું પડે! માને ખબર પડ્યા વગર રહે જ નહીં! ભારે ચીંતામાં મેં એ દીવસો ગાળ્યા! સદ્ ભાગ્યે મને નોકરી મળી ગઈ. સૌ પ્રથમ મેં ગીરવે મુકેલાં ઘરેણાં છોડાવ્યાં. પછી તો પત્રકાર બન્યો ને બબ્બે એવૉર્ડ મેળવ્યા. શહેરમાં મીલકત વસાવી. છતાં માને કશાકનો અભાવ સાલ્યા કરતો હતો! અને એ અભાવ, એટલે સરકારી નોકરી! મારું સાહીત્યકર્મ કે કવીકર્મ એમની નજરમાં નહોતું આવતું. પત્રકાર તરીકેનો પગાર પણ એમને ક્ષુલ્લક લાગતો હતો, કારણ કે એ સરકારી નોકરીનો પગાર નહોતો. મુળ તો હું જે ક્ષેત્રે કામ કરતો હતો એ ક્ષેત્ર જ એમને માટે ન સમજાય એવું હતું! મારા ગામના અન્ય લોકોને પણ હજી નથી સમજાયું કે હું શું કરું છું? એક મુશાયરામાં મને દસ હજાર રુપીયા પુરસ્કાર મળે છે એ વાત તો ગામમાં કોઈના માનવામાં જ ના આવે.

એક વાર હું લખતો હતો ત્યારે મા મારી સામે આવીને ટેબલ પર હાથ ટેકવીને મારા તરફ ઝુક્યાં. થોડી વાર હું લખતો હતો તે જોઈ રહ્યાં. પછી બોલ્યાં - 'ભઈ! તું આખો દીવસ આ ઉંધું ઘાલીને આંખો ફોડ્યા કરે છે તે કરતાં એસ. ટી.માં કંડક્ટર થઈ ગયો હોત તો?'

વર્ષો જુની માની ઈચ્છા છેક 1999માં આ રીતે પ્રગટ થાય છે. મેં સ્મીત સાથે મા સામે જોયું. એમણે ઉમેર્યું - 'પેલો આપણા ફળીયાવાળા રાવજીનો દીકરો, બસમાં કંડક્ટર થઈ ગયો તે મજાના મહીને ત્રણ હજારા રુપીયા પગાર લાવે છે!' મારી કમાણી એમની નજરમાં હતી. મેં મીલકત વસાવી એ પણ એમણે જોઈ. પણ મારા મુશાયરાના પુરસ્કાર કરતાં બસ કન્ડક્ટરનો પગાર એમને માટે વધુ મહત્ત્વનો હતો; કારણ કે એ સરકારી નોકરીનો પગાર હતો. મેં માને કહ્યું -'મા, પહેલી વાત તો એ કે કન્ડક્ટરની નોકરી મળે એટલું તમે મને ભણાવ્યો નહીં! બીજી વાત એ કે બસમાં કન્ડક્ટર થયો હોત તો પણ અત્યારે રીટાયર્ડ થઈ ગયો હોત!' મને મારા ઓછા ભણતરનો કશો વસવસો નથી. માત્ર એ જ વસવસો કે સરકારી નોકરી મેળવીને માની ઈચ્છા પુરી કરી શક્યો નહીં! એ સીવાય મેં એમને કોઈ દુઃખ પહોંચાડ્યું નથી.

છેલ્લાં પાંચ-સાત વર્ષ તો મેં અને મારી પત્ની-બાળકોએ ઉભા પગે માની જે સેવા-ચાકરી કરી છે તે અંગે

ઈર્ષ્યાખોર પાડોશી કે સગાં–સમ્બન્ધીઓપણ આંગળી ચીંધી શકે નહીં! માના ડરને એમના મરતાંસુધી અમે અકબંધ જાળવ્યો હતો. માની સામે અદબભેર ઉભા રહેવાની અમને ટેવ પડી ગઈ હતી. આવી કડક અનુશાસનવાળી મુલાયમ માને 2003ની 12મી જાન્યુઆરીએ કાંધે ચડાવી ધનતેજના કબ્રસ્તાનમાં સુપુર્દે ખાક કરી આવ્યો છું.

– ખલીલ ધનતેજવી

હમ તો યું હી ટુટકર કબ કે બીખર જાતે મગર,
આંધીયાં લાચાર થી, માં કી દુવા કે સામને.

ડૉ. રામ બારોટ સંપાદીત ‘મારી બાની ઈચ્છા’માંથી સાભાર...(પ્રકાશકઃ ઈમેજ પબ્લીકેશન, મુલ્યઃ રુપીયા 150/-)

તા. 16-03-2010ના ‘નયા માર્ગ’ના 23–24–25 પાન પરથી લેખકશ્રી અને સંપાદકશ્રી અને તંત્રીશ્રીના સૌજન્યથી સાભાર...

@@@

194 : 20-06-2010

નાસ્તીકની તપસ્યા

(અંગત કેફીયત)

-અનીલ શાહ

અનુક્રમણીકા

પ્રાર્થનાએ ઉગાર્યો

18 ઑક્ટોબર – 1961. દશેરાની રાત્રે રાંચી એક્સપ્રેસમાં કલકત્તાથી રાંચી જઈ રહ્યાં છીએ. ચાર બર્થની કેબીનમાં 12 વર્ષની દીકરી પલ્લવી અને 7 વર્ષનો પુત્ર આશીષ ઉપરની બર્થ પર સુતાં છે. નીચેની બર્થ પર હું છું તથા એક બીજા ઉતારુ છે. અડધી રાતે ધડાકો થાય છે. અમે ફંગોળાઈએ છીએ. થોડી ક્ષણો પછી સમજાય છે કે ટ્રેનને અકસ્માત થયો. રાત્રીના આછા અજવાળામાં ખ્યાલ આવે છે કે અમારા ડબ્બાનો ભુક્કો થઈ ગયો છે. હું ઢગલાની ઉપર છું એટલે ઉભો થઈ તુટેલા ડબ્બાના ઢગ ઉપરથી બાજુએ આવી બન્ને બાળકો મેળવવા બુમ પાડું છું. પલ્લવીનો ધીમો અવાજ સંભળાય છે – "પપ્પા, પપ્પા." ડબ્બાના કોઈક ભાગ નીચેથી તેને બહાર કાઢું છું. બે હાથે ઉંચકીને ઉંચાણમાં આવેલા રેલના પાટા પાસે તેને સુવાડી, આશીષને લેવા ડબ્બાના ઢગલા પાસે આવી આશીષના નામની બુમો પાડું છું. જવાબ નથી. અજવાળું વધતું જાય છે

તેમ કેટલો ભયંકર અકસ્માત થયો છે, કેટલા બધા ડબ્બા પાટા પરથી ગબડી ભુક્કો થઈ ગયા છે તેનો અંદાજ આવે છે. આશીષ જો ડબ્બાના ભંગારની નીચે આવી ગયો હોય તો તેની દશા કેવી થઈ હશે એવા વીચાર માત્રથી ગભરામણ વધતી જાય છે. બુમો પાડું છું; પરન્તુ ઘવાયેલા, રઘવાયા ઉતારુના વધતા કોલાહલ, ચીત્કાર વચ્ચે થઈને મારો અવાજ આશીષને કેમ પહોંચશે એ ફીકર થાય છે. ક્ષણો જાય છે તેમ તેમ એ કુમળા બાળકની દશાના વીચારને ઠેલવા પ્રયત્ન કરું છું. મુંઝવણની ભીંસ વધતી જાય છે. દીકરી પાસે જાઉં છું, તપાસું છું. હાશ, કોઈ અંગ કપાયું નથી. કશુંક ઓઢાડી પાછો ડબ્બાના ઢગ તરફ ‘આશીષને લેવા’ જાઉં છું. કલાક વીતી જાય છે. પુત્ર મળતો નથી. તેની શી દશા હશે તેની ચીન્તા ઘેરી રહી છે. ફરી પુત્રી પાસે આવું છું. હવે મારાથી કંઈ થઈ શકે તેમ નથી. પરમાત્મા તેને બચાવે, મને મારો વહાલો પુત્ર પાછો આપે તેવી મનમાં સતત પ્રાર્થના ચાલી રહી છે. બીજું કાંઈ જોઈતું નથી. બસ, આ નાનકો દીકરો મને મેળવી આપ.

અકસ્માતમાં ફંગોળાયેલા માણસોને સ્વયંસેવકો ઉપાડીને પાટા તરફ લાવે છે. કોઈને આશીષ જેવડા બાળકને લઈને ફરતો જોયો. પોકારતો જાય, "યે કીસકા બચ્ચા હૈ?" એ જ આશીષ, મારો ખોવાયેલો લાડલો. તેને તેડી લઈ બહેન પાસે બેસી જાઉં છું. હાશ, અંગો સલામત છે. "તું ક્યાં હતો દીકરા?

તને કંઈ વાગ્યું છે?" આશીષને શું થઈ રહ્યું છે તે સમજાતું નથી. કંઈ વાંધો નહીં. એ મળી ગયો એ જ જગ જીત્યા બરોબર છે. પ્રાર્થના ફળી.

શાને પ્રાર્થું?

વર્ષો વીતે છે તેમ ધાર્મીક અને આધીભૌતીક માન્યતાઓથી વીમુખ થઈ રહ્યો છું. જે કંઈ કાર્ય–કારણના તર્કથી ન સમજાય તેનો અસ્વીકાર કરવા તરફ જઈ રહ્યો છું. કોઈ બનાવનાં કારણો અત્યારે ન સમજાય તો એ પરમતત્ત્વનું સંચાલન છે – એમ હવે મન સ્વીકારતું નથી. હાલ કારણ ન સમજાતું હોય તો ખોજ ચાલુ રાખવાની. 'પરમતત્ત્વ'નો આશરો લઈ છટકવું નહીં એવી વીચારસરણી સાથે પ્રાર્થના હવે નીરર્થક લાગે છે. 1996માં એ મન્થનને શબ્દસ્થ કરવા પ્રયત્ન કરું છું અને એ અધકચરી કવીતાના સ્વરુપ તરફ ખેંચાય છે –

'પ્રાર્થું શાને?

'ઈશ્વર ઉગારે' ભાવેભરી પ્રાર્થનાએ
દીધાં છે આશા, ધૈર્ય, ચીત્તશાંતી
સંજોગો જ્યારે ઘેરી લે છે નીજના, સ્વજનોનાં દર્દ સન્તાપે
રસ્તો જડે ના, ચાવી મળે ના.

કાળક્રમે ઉઠે પ્રશ્નો, શંકા દૃઢ થાય

ઉકલે ખરે શું પ્રાર્થના થકી
દર્દ સન્તાપનાં કારણો જે મુળ ઉંડાં
તેને હરે, કે ગાઢ તન્દ્રા સમા,
છદ્મ આવરણે રક્ષીત ભાવ સર્જે
ચીત્તને શાન્તી ને ધૈર્ય અર્પે?
પ્રાર્થના નીવારે ના દુઃખ સન્તાપ
લઈ ક્ષુબ્ધ ચીત્ત નીજ અંક ધીરે
છાવરે હુંફાળા પાલવે.

હાય, આ પ્રશ્ન, શંકા નીવારીને
મન ચહે પ્રાર્થવા જ્યારે ફરી
સન્મુખે સન્તાપ દર્દો નીજનાં, સુહૃદોનાં,
રસ્તો જડે ના, ચાવી મળે ના,'

ઈશ્વરીય વળગણ

1942થી શરુ કરી મનુભાઈ પંચોળી 'દર્શક'નો ખાસ કરીને સાહીત્ય, સમાજના પ્રશ્નો વીશે મારું ઘડતર કરવામાં ઘણો મોટો ફાળો. ઘણી બાબતોમાં સમાન વીચારસરણી. ડીસેમ્બર–1999માં લોકભારતીના માસીક 'કોડીયું'માં તેમનો લેખ પ્રસીદ્ધ

થયો. *"ઈશ્વરમાં ન માનનાર અભણ છે."* મનુભાઈ જેવા મેધાવી પુરુષને છાજે નહીં તેવાં વીધાનો તેમણે કરેલાં –

- "આપણે ચૈતન્યશક્તી પર પુરી શ્રદ્ધા રાખવી જોઈએ.

- મનુષ્યમાં આસ્થા જ ન હોય તો બધું જ નકામું છે. આસ્થા અને બુદ્ધી બે આંખો છે, બન્ને સાથે જ રહે છે.

- ઈશ્વરમાં ન માનનાર માનવી ઠોકર ખાઈને માનતો થશે. જે ઈશ્વરમાં ન માને તેનું પણ ઈશ્વર તો ભલું જ કરે.

- આ જગતનું સંચાલન એક નીયામકથી ચાલે છે, જે કીડીમાંથી કુંજર સુધીનું ધ્યાન રાખે છે. એ ભક્તજનો માટે દયાળુ છે, પ્રેમી છે.

- "પાપીઓ પાપનો ભોગ બને છે, પુણ્યવાળાઓ પુણ્ય પામે છે."

આવાં વીધાનોને પડકારવા મેં લેખ તૈયાર કર્યો – *"ઈશ્વરીય વળગણ"*. તેમાં મનુભાઈના લેખના ઘણા મુદ્દાઓ વીશે અસંમતી વ્યક્ત કરતાં મેં છેલ્લે લખ્યું –

- બ્રહ્માંડનું એક નીયામક સંચાલન કરે છે તેવું ન માનનારો, એ વીશે સવીસ્મય ખોજ કરતો કે 'Order Without Design' - ('Unended Quest' - Dr. Anil Patel)ની વીચારસરણીને

અપનાવનારને અભણ કહીને ઉતારી પાડવાથી અન્ધશ્રદ્ધામાં ડુબી રહેલા દેશ, પ્રદેશને સત્યપ્રકાશ તરફ લઈ જવામાં સહાય થતી નથી. પરમ્પરાગત ધર્મભાવના, પાપપુણ્ય – કર્મોનાં પરીણામોમાં આસ્થાએ સંસારમાં શેકાતા રીબાતા અનેક જીવોને ધૈર્ય અને શાતા આપ્યાં છે તેથી તેને ઉતારી પાડવાનું સુચવવાનું નથી; પરન્તુ અગમ્યને સત્યનું મહોરું પહેરાવવા કરતાં 'સત્યને જાણતો નથી' એમ કહેનાર, સ્વીકારનારને 'અભણ' ન ઠરાવવાનો પ્રસ્તાવ છે. 'અસત્યમાંથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા'ની પ્રાર્થનાને સ્થાને, સ્વબળે એક એક ડગલું આગળ વધવાની પુરુષાર્થસભર વાંછના રાખનારને 'અભણ' ન કહેવાનું નીવેદન છે.

મારા લેખ પર ટીપ્પણ કરતા મનુભાઈની નોંધ પ્રકાશીત થઈ –

'અભણ કહેવામાં ઉતાવળ થઈ છે. તેને અધુરા કહેવાય.' (આખો લેખ પુસ્તકમાં અન્યત્ર છે)

સત્કર્મ બચાવે

પરમતત્ત્વ જેવી જ દુર્બળ મનની અન્ય માન્યતા કર્મના સીદ્ધાંત વીશેની. જે કાંઈ બને છે તે કર્મનાં ફળ છે. આ જન્મે દુષ્કર્મ કર્યાં ન હોય તો પણ; દુઃખ આવે તો ગયા

જનમનાં ફળનો પ્રતાપ! 2000ની સાલમાં કાર અકસ્માત થયો. ટાયર ફાટ્યું. ગાડી ઉથલીને ઉંડા ખાડામાં પડી. બે વાર પલટી ખાધી. માંડ બહાર કાઢ્યો. લોહીની ઉલટી. બધી તપાસ પછી નક્કી થયું કે બ્રેઈન હેમરેજ નથી. ચાલો, બચ્યા. મનુભાઈ પંચોળી કહે, *'તું સારું કામ કરે છે તેનું ફળ.'* બીજા મીત્રો પણ મારા કામને જશ આપે. સાંભળવું ગમે; પણ કારના ટાયરનું ફાટવું, કાર ઉથલી પડવી, પલટી ખાવી, કાર દબાઈ જાય, હું બચી જાઉં–દેખીતી રીતે અકસ્માત જ અકસ્માત. સત્કર્મને શી લેવાદેવા?

કહેનારની લાગણી દુભાવવાનું મન ન થાય; છતાં વીવેક સાથે પુછું, 'ખરે જ? તો પછી ઘણું જ સારું કામ કરનાર વીઠ્ઠલભાઈ પટેલ અને વજુભાઈ મહેતા કાર અકસ્માતમાં કેમ ન બચ્યા?' જવાબની આશા રાખીએ તો પુર્વજન્મનાં કર્મની વાત સાંભળવી પડે.

ખરી કસોટી

સંતાપ સમયે પ્રાર્થના ન કરવાના પુરુષાર્થની ખરી કસોટી આવી 2001ની સાલમાં. પત્ની ઈન્દુની છાતીમાં ગાંઠ છે. ઑપરેશન કરી તેનો નમુનો બાયોપ્સી માટે લેબોરેટરીમાં મોકલ્યો છે. ચીત્તમાં ઘમસાણ ચાલે છે. કૅન્સર નીકળે તો? ભર્યુંભાદર્યું ઘર વેરવીખેર થઈ જાય. લેબોરેટરીનો અહેવાલ

થોડી મીનીટોમાં આવશે. ચીત્તમાં કરવત ચાલે છે. પરમતત્ત્વની સહાય માટે પ્રાર્થના કરવાની તીવ્ર ઈચ્છા થઈ આવે છે. મનને સમજાવું છું. જે નમુનો તપાસ માટે ગયો છે તેમાં જે કાંઈ છે, તેમાં પ્રાર્થનાથી તલભાર ફેરફાર નહીં થઈ શકે. ચીત્તને શાંત–સ્વસ્થ કરવા પ્રયત્ન કરું છું. જે કંઈ બનવાનું છે તે બની જ ગયું છે. હવે તો જે કંઈ પરીણામ આવે તેને સ્વીકારવું જ પડશે. પ્રાર્થનાની છટકબારીથી પરીસ્થીતી નહીં બદલાય. જે કાંઈ બની રહ્યું છે તે સન્મુખ છે. બીજેથી મદદ માંગવાથી કોઈ ફેર નથી પડવાનો. ચીત્તતંત્રને પ્રાર્થના કરતું રોકવા ગડમથલ ચાલી રહી છે ત્યાં લૅબોરેટરીનો અહેવાલ આવે છે – 'મેલીગ્નન્ટ' – કૅન્સર છે. હવે જીવનમાં નવી પરીસ્થીતીનો સામનો કરવાનો; પણ પ્રાર્થના ન કરી માટે આવું થયું તેમ તો ન જ વીચાર્યું. દુઃસહ કષ્ટ વેઠીને પણ ન જ સ્વીકાર્યું.

ફરી કસોટી

એક વર્ષ પુરું થયું. 2001માં ઈન્દુના શરીરમાં કૅન્સર ફેલાયું નથી એની વાર્ષીક તપાસ. લીવરમાં ડાઘ, બાયૉપ્સી. લૅબોરેટરીમાં નમુનો આપેલો, તેનો અહેવાલ લેવા જાઉં છું. શું નીકળશે? અપાર વીહ્વળતા. ચીત્તમાં શારડી ફરી રહી છે. કોનો સહારો? પ્રાર્થના નહીં જ કરું. જે છે તે તો છે જ. દુઃખ હશે તો હશે જ. પચાસ વરસના ભર્યાંભાદર્યાં દામ્પત્યને વીદારી નાખતો

અહેવાલ આવશે તો? ભલે તેમ હો. અમારા સાહચર્યનું જે ઉત્તમ છે તેને શબ્દોમાં ગોઠવવા પ્રયત્ન કરીને નઠારા વીચારોને ચીત્તની બહાર રોકવા કરું છું. હું કવી નથી; તો પણ કવીતા તરફ કેમ ખેંચાઈ જવાય છે?

"અમે ઓતપ્રોત એવાં,
વસ્ત્રમાં જેવા દોરા.
કાપડ બને 'કપડાં' દોરા થકી,
દોરાવીહીન 'કપડાં' ફરી કાપડ,
લીરા જ લીરા!"

પ્રાર્થના ન કરી. પરીણામમાં ફેર ન પડ્યો. કૅન્સર લીવરમાં ફેલાયું નથી. હાશ, જીવનનું વસ્ત્ર લીરા થતાં બચ્યું. પરમતત્ત્વ થકી નહીં; એમ જ થવાનું હતું.

પ્રાર્થનાવૃત્તી પર કાબુ

આવી બે કપરી કસોટીમાંથી પસાર થયા પછી પ્રાર્થનાવૃત્તી ખાળવાની આત્મશ્રદ્ધા વધી, પ્રોસ્ટેટનું ઑપરેશન જુન 2002માં કરાવેલું. તે વખત બાયૉપ્સી કરાવેલી. કૅન્સરની અસર ન હતી. દોઢ વર્ષ પછી નવેમ્બર–ડીસેમ્બર, 2003માં ફરી તકલીફ શરુ થઈ. PSA તપાસમાં ૪.૫ કાઉન્ટને બદલે ૧૧૮. ફરી તપાસ ૧૧૫. હવે ગમ્ભીર પરીસ્થીતીની શક્યતા. કૅન્સર હોઈ શકે. બોન સ્કૅનીંગ કરાવવાનું આવશ્યક.

ઈન્જેક્શનથી ન્યુક્લીયર ફ્લ્યુઈડ શરીરમાં દાખલ કર્યું. ત્રણ કલાક પછી આધુનીક મશીન પર સ્કૅનીંગ કરવાનું. કૅન્સર ફેલાયું હોય તો સ્કૅનીંગ પ્લેઈટમાં હાડકાંના આકારમાં તેના ડાઘ ઉપસે. ત્રણ કલાક પછી જાણ થવાની. કૅન્સર છે? જે હશે તે હશે જ. પ્રાર્થના કરવાની જરુર નથી. ત્રણ કલાક અગત્યની બે મીટીંગોમાં ગાળ્યા. પ્રવાહી શરીરમાં ફેલાઈ રહ્યું હતું, જે મારી બાકીની જીન્દગીનું સ્વરુપ નક્કી કરવાનું છે. પ્રવાહી ભલેને ફરતું. એ એનું કામ કરે. હું મારું. એ વીશે કોઈને જણાવવાની પણ શી જરુર? નીયત સમયે સ્કૅનીંગ માટે પહોંચ્યો. મશીન પર સુવાડ્યો. મશીને તપાસ શરુ કરી. અડધા કલાકમાં ફેંસલો. ત્યાં સુધી મનને શેમાં રોકું? પ્રાર્થના તો કરવી નથી. જે થવાનું છે તે શરીરમાં મોજુદ છે; પણ પ્રાર્થનાની મંગળ ભાવનાને સ્થાને મનમાં સમાધાનકરી ચેતના કેમ પ્રગટાવવી? મારી વાંછનાને શબ્દબદ્ધ કરેલો મંત્ર યાદ કર્યો –

“રહ્યાં વર્ષો તેમાં.
સેવું, નીશદીન સ્નેહ, સૌન્દર્ય, મુદીતા, ઉમંગે.”

હાડમાં કૅન્સર પહોંચ્યાનું નીદાન થયું. પ્રાર્થના કરી હોત તો પણ એ જ આવવાનું હતું. નીશ્ચીત હતું; પણ સ્નેહ, સૌન્દર્ય, મુદીતા, ઉમંગના ભાવનું સેવન કર્યું તેથી પ્રસન્નતા રહી.

ફરી ઑપરેશન–ટેબલ પર. સીદ્ધહસ્ત સર્જન પાર પાડશે જ. તેમના કૌશલને મારી પ્રાર્થનાની જરુર નથી. એ એમનું કામ

કરે. મન ચાલ, આપણને ગમતી ભાવનાનું મનન કરીએ – સ્નેહ, સૌન્દર્ય... થોડી ઘેનની અસર. ઑપરેશન સફળ.

ઝીંક ઝીલાશે?

હવે અમે બન્ને કૅન્સરની અસરવાળાં. પત્નીમાં એ ફેલાય નહીં તેની કાળજી રાખવાની, મારામાં જેટલું ફેલાયું છે તે વૃદ્ધી ન પામે, વધારે ફેલાય નહીં તેની તપાસ, દવા કરવાની. કરીશું. જે કાંઈ કરવા જેવું છે તે કરીશું. વીજ્ઞાનની પ્રગતીનો પુરો લાભ લઈશું. તેની મર્યાદા સ્વીકારી જે થવાનું હશે તે થતું જોઈશું. પ્રાર્થનાથી મનને તન્દ્રામાં રાખવા પ્રયત્ન નહીં કરું એવો હવે વીશ્વાસ બન્ધાયો છે. વ્યગ્રતા વધશે ત્યારે સ્નેહ, મુદીતાને તાજાં કરી ઉમંગમાં રહેવા પ્રયત્ન કરીશ. આકરું છે. મારી ચીન્તા ખાસ થતી નથી. પત્નીની થાય છે. એની પીડા સહન કરવાની શક્તી સીમીત. એથી હું વ્યગ્ર બનું. મનમાં કરવત ચાલે. ભલે, પણ ‘પરમતત્ત્વ’ને શરણે નહીં જાઉં. આકરું છે. તપસ્યા જેવું. રહ્યાં વર્ષો તેમાં વધારે આકરી કસોટીઓ આવવાની. કરવત અને શારડી વધારે તીવ્રતાથી ચાલવાની. જોઈએ કેટલી ઝીંક ઝીલું છું.

(આ લેખ જાન્યુઆરી 2005ના ‘અખંડ આનન્દ’માંયે છપાયેલો.)

–અનીલ શાહ

શ્રી. મનસુખ સલ્લા સંપાદીત ‘સમુલ્લાસ નીસ્બત’ (પ્રકાશક–ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ–380 001, Phone- 079- 2214 4663 - email - goorjar@yahoo.com પ્રથમ આવૃત્તી – ફેબ્રુઆરી ૨૦૦૫, પૃષ્ઠસંખ્યા – ૨૫૨ – મુલ્ય – રુપીયા ૧૫૦)ના પાનાં ૧૪૬થી ૧૫૧ ઉપરથી સંપાદક શ્રી મનસુખ સલ્લા અને સ્વ. અનીલભાઈ શાહનાં બૉસ્ટન–અમેરીકા સ્થીત દીકરી પલ્લવી ગાંધી ના સૌજન્યથી સાભાર...ઉત્તમ ગજ્જર

સમ્પર્કઃ પલ્લવી ગાંધી (pallavigandhi@yahoo.com) Boston-USA- Phone - 978-264-0039 અને આશીષ શાહ (ahishah@yahoo.com) SC-USA Cell - 864-877-4727

સમ્પાદક–શ્રી મનસુખ સલ્લા (mansukhsalla@gmail.com – અમદાવાદ, Phone - 079-2687 0981) તરફથી પુસ્તકને મળેલી પ્રસ્તાવના ‘સંવેદન અને વીચારનું સાયુજ્ય’માંથી સાભાર..ઉ.મ..

&&&

195 : 04-07-2010

સાઠે બુદ્ધી નાઠી

–ગુણવંત શાહ

અનુક્રમણીકા

કોઈ પણ જાતના પ્રયત્ન વગર પણ વૃદ્ધી પામે તે ઉમ્મર. ઘણાખરા માણસોના જીવનમાં ઉમ્મર સીવાય બીજું કશુંય વૃદ્ધી પામતું નથી. મોટી ઉમ્મરનો આંકડો અળખામણો લાગે છે, સાઠ વર્ષની ઉમ્મરનો કોઈ માણસ કોઈ બફાટ કરે ત્યારે ઘણુંખરું એની ગેરહાજરીમાં એક વાક્ય ઓરડાના અવકાશમાં ફંગોળાય છેઃ ‘સાઠે બુદ્ધી નાઠી.’ આ કહેવત જરુર કોઈ સાઠ વર્ષથી નાની ઉમ્મરના માણસે પાડી હોવી જોઈએ. આટલી સાચી કહેવત વહેતી મુકવાનું સાઠની ઉમ્મર વટાવી ગયેલા આદમી માટે શક્ય જ નથી. આટલી આકરી કહેવતમાં કંઈ તથ્ય ખરું? સાઠ વર્ષ પુરાં થયાં પછી સ્વાનુભવે કહેવા ઈચ્છું છું કે આ કહેવતમાં ખાસ્સું તથ્ય રહેલું છે. આવું કહેવામાં કોઈ નમ્રતા–બમ્રતા નથી; કેવળ હકીકતનું બયાન છે.

થોડીક કબુલાતો કરવા જેવી છે. સાઠ વટાવનારા આદમીની બાયો–કૅમીસ્ટ્રી કે પછી માનસીકતા બદલાતી હશે? કેટલાક ફેરફારો અવશ્ય અનુભવવા મળે છે. જે ફેરફારો થાય તે માણસે માણસે જુદા હોવાના. એક લક્ષણ ખાસ ઉપસી આવતું

જોવા મળે છે. સાઠ પછી આત્મશ્લાઘા પ્રત્યેનું આકર્ષણ ખુબ જ વધી જતું જણાય છે. જુની જાહોજલાલી આથમી ગઈ હોય છે. ઑફીસ છુટી ગઈ હોય છે. નીવૃત્તી પછીનો ખાલીપો વીકરાળ બની જતો જણાય છે. ગાત્રો થોડાંક શીથીલ બનતાં જણાય છે. વગર કારણે મનમાં થોડું ઓછું આવી જાય છે. જે કોઈ કમી જણાય છે તે આપવખાણ દ્વારા પુરી કરવાનો લોભ થઈ જાય છે. લેખકને રૉયલ્ટી અંગે ડંફાસ મારવાનું મન થાય છે; રાજકારણીને પોતા વટની વાતો કરવાનું મન થાય છે; લશ્કરી ઑફીસરને પોતાની કેરીયરમાં કઈ કઈ ધાડ મારેલી તેની વાતો સાંભળનારનો કેડો ન છોડવાની વૃત્તી થાય છે. વાતો કરનારને બદલે વાતો સાંભળનાર ગમવા માંડે, ત્યારે જાણવું કે સાઠ વર્ષ વીતી ગયાં.

સાઠ વટાવ્યા પછી બીનસલામતીનો અનુભવ પણ ઘણા લોકોને થાય છે. મૃત્યુ નજીક આવતું જણાય છે. રોગની શક્યતા ડોકીયું કરતી રહે છે. વીધુર કે વીધવા થવાની નોબત પણ રોકડી જણાય છે. પરાવલમ્બન વધતું જણાય તેથી મજબુરીને કારણે સ્વમાન ભંગ ન થતો હોય તોય મન આળું બની જાય છે. ક્યારેક નકારાત્મક અભીગમ અપનાવાઈ જાય છે. નીન્દાકુથલી વહાલાં લાગવા માંડે છે. બધું બગડવા બેઠું હોય તેવી વાતો સ્વાદીષ્ટ લાગવા માંડે છે. જુનો જમાનો

આપોઆપ ભવ્ય જણાય અને આજનો જમાનો પતીત જણાય ત્યારે અચુક જાણવું કે સાઠ વર્ષ વીતી ગયાં છે.

કેટલાક સમજુ માણસો ઉપર જણાવેલી પીડાઓથી આબાદ બચી જઈને સાઠ પછીનાં વર્ષોને સહજ આનન્દથી છલકાવી દે છે. સાઠ વર્ષના આદમીને એક લાડકું વ્યસન અને એક ખાનગી લત(passion) હોય તે ખુબ જરુરી છે. આપણું સ્વ–રાજ્ય બીજાને હવાલે ન કરવું પડે તે માટે થોડી ખુમારી જાળવી રાખવી પડે. ઉમ્મર વધે તે સાથે બુદ્ધી ઘટે તોય સમજણ ન ઘટે, તેની કાળજી રાખવી પડે. વેદના ઋષીને ઘડપણ જરાયે સતાવતું નથી. ઋગ્વેદનો મંત્ર સાંભળવા જેવો –

શતમિન્નુ શરદો અન્તિ દેવા

યત્રા નશ્ચક્રા જરસં તન્નામ્ ..

પુત્રાસો યત્ર પિતરો ભવન્તિ

મા નો મધ્યા રીરિષતાયુર્ગન્તોઃ

ઋષી કહે છેઃ ‘હે દેવ! અમને સો શરદનું આયુષ્ય આપજો. જ્યાં અમારી કાયા વૃદ્ધાવસ્થાને કારણે ઘરડી થઈ જાય અને જ્યાં અમારા દીકરાઓ પણ પીતા બની જાય, (ત્યાં) અમારી જીવાદોરી અધવચ્ચે કાપશો નહીં.’

ઈશાવાસ્ય ઉપનીષદમાં પણ ‘કર્મ કરતાં રહીને સો વર્ષ જીવવાની ઈચ્છા રાખવાની’ વાત થઈ છે. લાંબું જીવવાની ઈચ્છા ન હોય એવા ઢીલા માણસને રોગ જલદી વળગતા હોય

છે. કેટલાક રોગો એવા છે, જેઓ માણસની મરજી વગર શરીરમાં પ્રવેશતા નથી. તેઓ કદી પણ આમંત્રણ વગર નથી આવતા. રોગને પણ સ્વમાન હોય છે. ક્યારેક કોઈ રોગ ભુલથી આવી ચડે ત્યારે જો તેની આગતાસ્વાગતા બરાબર ન થાય તો ઝટ ભાગી જાય છે. જે માણસ પોતાના આરોગ્યની કાળજી ન રાખે તેને ઘડપણ ખુબ જ કનડે છે. એવાં કેટલાંય તન્દુરસ્ત માતાપીતા હોય છે, જેમણે પોતાના રોગી દીકરાની ચાકરી કરવી પડે છે. ઘણા માણસો માંદગીપ્રીય હોય છે. તેઓ જીવન પ્રત્યેના નકારાત્મક અભીગમને કારણે પોતાની માંદગીને મહોબ્બત કરી બેસે છે. માંદગી કેવળ શરીરની નથી હોતી. ઘણીખરી માંદગી મનની હોય છે. જે રોગને મનનો ટેકો નથી હોતો તે રોગને શરીર પણ ખદેડી મેલે છે. થોરો કહે છે કે માણસે ઈરાદાપુર્વક જીવવું જોઈએ. ઘણા માણસો મરવા વાંકે જીવતા હોય છે.

સાઠ વર્ષે માણસની બુદ્ધીકક્ષા (I.Q.) ઘટતી નથી; પરન્તુ એક વાત જરુર બને છે. એની ઈમોશનલ ઈન્ટલીજન્સ એની બુદ્ધી કરતાંયે વધારે ઝગારા મારતી થાય છે. ડેનીયલ ગોલમેનનું પુસ્તક ‘ઈમોશનલ ઈન્ટલીજન્સ’ સૌએ વાંચવા જેવું છે. ‘ન્યુયૉર્ક ટાઈમ્સ’ની બેસ્ટસેલર યાદીમાં મહીનાઓ સુધી તે ટકી રહ્યું. ડેનીયલ કહે છે કે ઈમોશનલ ઈન્ટલીજન્સમાં ‘સ્વ’ પ્રત્યેની સભાનતા, લાગણીનું નીયમન, ઉત્સાહ તથા સન્નીષ્ઠાનું

મહત્ત્વ છે. આ ઉપરાન્ત અન્દરથી ઉગતી અભીપ્રેરણા (Self-motivation), સમભાવ અને સામાજીક કુશળતા પણ તેમાં અગત્યનો ભાગ ભજવે છે. ડેનીયલે તો આ પુસ્તકમાં એક આખું પ્રકરણ 'The Emotional Brain' પર લખ્યું છે. પાછલી ઉમ્મરે માણસની લાગણી લુલી પડે તો લાગણીવેડા વધી પડે. કહેવતનું મુળ લાગણીવેડામાં રહેલું છે. વણજોઈતો ક્રોધ થઈ જાય છે. વણજોઈતી નીરાશાને કારણે આંસુ અમથાં વહેવા માંડે. વીયોગ અસહ્ય બને છે. વગર કારણે ઓછું આવી જાય છે. આવું બને ત્યારે સ્વજનોને લાગે છે કે ‘સાઠે બુદ્ધી નાઠી.’ એમનો પણ વાંક નથી.

જેઓ જાગ્રત છે, તેઓ ગમે તેટલી મોટી ઉમ્મરે પણ આવી મશ્કરીથી બચી શકે છે. પાછલી ઉમ્મરે માણસ કોમળતા, ઋજુતા, માધુર્ય અને મમત્વ ઝંખે છે. યુવાન વયે પણ એની ઝંખના તો એવી જ હોય છે; પરન્તુ ઝંખના અધુરી રહે તોય એ ટકી રહે છે. પાછલી ઉમ્મરે એ ટકી રહેવાને બદલે ભાંગી પડે છે. જેઓ પોતાની દુનીયા રચીને મસ્તીથી જીવે તેમને ભાંગી પડવાની નોબત આવતી નથી. એકાંત, મૌન અને અલગારી જીવનશૈલી એમાં મદદે આવે છે. જેઓ આપણી ઉપેક્ષા કરે તેમની ઉપેક્ષા કરવાની હઠ પાછલી ઉમ્મરની મુડી છે. મજબુરી શરીરની હોઈ શકે; મનની નહીં. લાગણીવેડા ત્યજીને સાચા પ્રેમનો મહીમા કરવાની વૃત્તી કેળવાય તો સાઠ વર્ષ પછીનું

જીવન પરમ આનન્દમય બની શકે છે. આર્થીક બચત ન કરી હોય તો એ ગુનાની સજા તો ભોગવ્યે જ છુટકો. જાયે તો જાયે કહાં?

ઘણા માણસો મરતાં પહેલાં મરી જતા હોય છે. તેઓ લાગણીવેડાને કારણે અલગારી મસ્તીના માલીક બનતા નથી. પોતાનાં દુ:ખનાં રોદણાં ગાવામાં તેઓ સુખને હડસેલો મારતા રહે છે. માર્ક ટ્વેઈન સાચું જ કહે છે: તમે તમારી સમ્મતી વગર સુખી થઈ શકો નહીં.

એક્સ–રે

કોઈ પણ માણસ ગુસ્સે થઈ શકે

એ તો બહુ સહેલી વાત છે.

પરન્તુ

યોગ્ય માણસ પર, યોગ્ય માત્રામાં,

યોગ્ય સમયે અને યોગ્ય હેતુસર

ગુસ્સે થવાનું સહેલું નથી.

–એરીસ્ટોટલ

–ગુણવંત શાહ

૨૭ ડીસેમ્બર ૧૯૯૭ના ‘અભીયાન’ સાપ્તાહીકમાંથી સાભાર...

સમ્પર્ક: ‘ટહુકો’–૧૩૯, વીનાયક સોસાયટી, જે.પી, રોડ,

વડોદરા–૩૯૦ ૦૨૦

&&&

196 : 18-07-2010

વહાલ વાવી જોઈએ

–ગૌરાંગ ઠાકર

અનુક્રમણીકા

.1.

ચાલને, માણસમાં થોડું વહાલ વાવી જોઈએ,
ને પછીથી વાડ થઈ વેલા ટકાવી જોઈએ.

બસ, બને તો એક દીકરાને મનાવી જોઈએ,
એ રીતે ઘરડાંઘરો ખાલી કરાવી જોઈએ.

કેવી રીતે જળ અહીં આંસુ બને તે જાણવા,
વ્હાલસોયી દીકરી ઘરથી વળાવી જોઈએ.

કાખઘોડી લઈ અહીં ચાલે નહીં સંબંધ, દોસ્ત,
એકબીજાના ખભે એને ચલાવી જોઈએ.

બહુ સરળતાથી જગત જીતી જવાતું હોય છે,
આપણી આ જાતને પહેલાં હરાવી જોઈએ.

.2.

એક તો તારો મને પર્યાય દેખાતો નથી,

ને ઉપરથી તું સરળતાથી અહીં મળતો નથી.

તું હવે વરસાદ રોકે તો હું સળગાવું ચુલો,

રોટલો આ છત વગરના ઘરમાં શેકાતો નથી.

ફુંક મારી તું હવાને આટલી દોડાવ ના,

ધુળ છે કે મ્હેક એનો ભેદ પરખાતો નથી.

એક માણસ ક્યારનો આંસુ લુછે છે બાંયથી,

આપણાથી તોય ત્યાં રુમાલ દેવાતો નથી.

ડાળથી છુટું પડેલું પાંદડું પુછયા કરે,

વૃક્ષ પરનો એક ટહુકો કેમ ભુલાતો નથી?

ભીતરી આખી સફર પર ચાલવાની છે મજા,

એકલા બસ આપણે એ ભીડનો રસ્તો નથી.

.3.

એક મોકો મેં ગુમાવ્યો, કોઈને ક્હેશો નહીં,

હું મને ના ઓળખાયો, કોઈને ક્હેશો નહીં.

આંખને બદલે હૃદયથી એ મને વાંચી ગયો,
મેં અભણ એને ગણાવ્યો, કોઈને ક્હેશો નહીં.

શબ્દ કેવળ દૃશ્યથી કૈં શ્લોક થઈ જાતો નથી,
ક્રૌંચવધ હું જોઈ આવ્યો, કોઈને કહેશો નહીં.

બસ ખુશીથી જાળમાં એ માછલી કુદી પડી,
જીવ પાણીથી ધરાયો, કોઈને કહેશો નહીં.

આયનો પ્રતીબીંબ મારું જોઈને બોલ્યો હતો,
જાતમાં તું ભેરવાયો, કોઈને ક્હેશો નહીં.

એક વેળા ઈશ્વરે પુછયું તને શું જોઈએ?
માગવામાં છેતરાયો, કોઈને ક્હેશો નહીં.

.4.

જે ઘડી બે હાથનો ખોબો થયો,
ત્યારથી આ જીવનો સોદો થયો.
ત્યાં હવાની હેસીયત બીલકુલ નથી,

જો ગઈ જળમાં તો પરપોટો થયો.

મોભ થઈ માથે સતત રહેતો હતો,
એ જ માણસ ભીંત પર ફોટો થયો.

બાગ પરણાવે પવનથી મ્હેંકને
જાણે કન્યાદાનનો મોકો થયો.

કોઈને નાનો ગણે તો માનજે,
એટલો તારો અહમ મોટો થયો.

.5.

પડઘાની વાત છોડો, પણ બુમ તો પડાશે,
ખુદને મળી જવાનું, વાતાવરણ રચાશે.

ઘરડાં થયેલા વૃક્ષે, ફુટપાથને કહ્યું કે,
મારાથી છાંયડો નહી, બસ બાંકડો થવાશે.

અત્તરની પાલખી લઈ, ઉભો હશે પવન, પણ,
તારાથી દોસ્ત કેવળ, બારી સુધી જવાશે?

દીવાનગીનો ફાળો ઓછો નથી પ્રણયમાં,
હારી ગયાં કે જીતી, બન્ને ભુલી શકાશે.

મીત્રો, તમે જવાદો, આ ભાગ્યની છે પીડા,
પાણીમાં માછલીનાં આંસુ નહીં લુછાશે.

.6.

લ્યો, દીવાની આબરુ જળવાઈ ગઈ,
દ્વાર પર આવી હવા ફંટાઈ ગઈ.

ફુલની ફોરમ બધે ચર્ચાઈ ગઈ.
માવજત માળીની બસ વીસરાઈ ગઈ.

વાંસળીને કાજ ક્યાંથી લાવશું?
ફુંક તો ચુલા ઉપર વપરાઈ ગઈ.

કોણ પડછાયા ઉપાડી જાય છે?
એ જ જોવા સાંજ પણ રોકાઈ ગઈ.

સોયમાં દોરાને બદલે બા હતી,
ગોદડીમાં હુંફ પણ સીવાઈ ગઈ.

મેં ગુમાવી એમ મારી મુગ્ધતા,
જેમ દરીયામાં નદી ખોવાઈ ગઈ.

.7.

તું એક વખત સઘળું લઈ લે, આ દર્દ હજારો શા માટે?
આ પાન વગરનાં વૃક્ષો પર, આ ડાળનો ભારો શા માટે?

હું શ્વાસ લઉં તારી જોડે, બીજે તો બધે બસ હાંકું છું,
આ ફુલ બગીચામાં ખુશ છે, અત્તરથી પનારો શા માટે?

અવતાર મળ્યો છે ઝરણાંનો, સંભાળ હવે પર્વત લેશે,
તું મસ્ત રહે બસ વહેવામાં, પથ્થરમાં ઉતારો શા માટે?

આ રાત પડી આડે પડખે, ને ચાંદ કરે ચોકીદારી,
કૈં લાખ સીતારા ચમકે છે, આ નભનો નજારો શા માટે?

સૌ શ્વાસ લખાવી આવ્યા છે, બે–ચાર વધારે કે ઓછા,
પળવાર રહે ઝાકળ ફુલે, ઉપવનનો ઈજારો શા માટે?

વીશ્વાસ ગયો માણસમાંથી, શ્રદ્ધાય ખુટી ગઈ ઈશ્વરમાં,
અખબાર મળે લોહી છાંટી, એવી જ સવારો શા માટે?

તું જાય મળી મુજને પ્રીતમ, મંજુર નથી એ કારણથી,

*જે શોધમાં ગુમ થઈ જાવું હો, એ શોધનો આરો શા માટે?

(* તરહી પંક્તી)

.8.

પહેલા અંદર પછીથી બ્હાર થશે,

એમ બદલાવ આરપાર થશે.

મત્સ્યને લાગે જો હવાની તરસ,

તો જ પાણીમાં ફેરફાર થશે.

ફુલ પાસે છે મ્હેંકની મીલ્કત,

શું પવન પણ પગારદાર થશે?

ટોચ...પર્વતની ખીણ જોઈ ગઈ,

એ હવેથી ઈમાનદાર થશે.

જોઈ લેજે તું જાત જલદીથી,

માત્ર અજવાળું એકવાર થશે.

.9.

જેના પડછાયા વડે છાંયો પડ્યો,

પહેલાં એના પર અહીં તડકો પડ્યો.
દીકરા સાચે જ તું મોટો થયો,
બાપનો આ મહેલ પણ નાનો પડ્યો?

રુપ તો સાબીત થશે પણ ગુણ વીશે?
ફુલની ફોરમનો ક્યાં ફોટો પડ્યો?

વાડ તો વેલા તળે ઢંકાઈ ગઈ,
ફુલ, ડાળી, પાનનો મોભો પડ્યો.

પાંખ પીંખાઈ અને પીંછાં ખર્યાં,
ક્યાં હવામાં એક પણ ગોબો પડ્યો?

જળના જાણે શ્વાસ લાગી માછલી,
જાળ નાંખી હુંય છોભીલો પડ્યો.
શ્વાસનો ફુગ્ગો લઈ માણસ અહીં,
ટાંકણીના શહેરમાં ભુલો પડ્યો.

.10.

સાવ ખાલી મેં હથેળીને છુપાવી રાખી,
એ રીતે આબરુ ઈશ્વરની બચાવી રાખી.

તું પવન છે અને ફુંકાય અહીં, માનું છું,
મેંય નીસબત પછી ખુશ્બુથી બનાવી રાખી.

ચારબાજુથી અહીં તીર સતત વરસે છે,
જીવવું કેમ આ ટહુકાને દબાવી રાખી?

મ્યાન તલવાર કરી ત્યાં જ જગત જીતાયું,
જંગની એ જ છબી ઘરમાં મઢાવી રાખી.

કોઈ કારણ ન હતું તોય તમે વાત કરી,
એ જ કારણથી અમે વાત વધાવી રાખી.

.11.

આ જગત અમને ઝુકાવે વાતમાં કૈં દમ નથી,
પણ હ્રદયના મામલે હારી જતાં નાનમ નથી.

સુખની કીંમત માણસે માણસમાં નોખી હોય છે,
ખારવાને માછલી મોતીથી સ્હેજે કમ નથી.

આ હવાની એક મર્યાદા જુઓ કાયમ રહી,
હરઘડી એ શ્વાસ બનવાને અહીં સક્ષમ નથી.

આ બધાં પ્રતીબીંબ અંદર બ્હારથી બદલાય બસ,
માત્ર દર્પણ વેચવાનો આપણો ઉપક્રમ નથી.

બસ તમે નક્કી કરી લ્યો, ઝુલવું કે ઝુરવું?
એક પણ મોસમ તમારી ડાળ પર કાયમ નથી.

.12.

ભીડ સાથે ચાલવાનું, આપણાથી નહીં બને,
ને બધા જેવા થવાનું, આપણાથી નહીં બને.

તું હ્રદય મારું તપાસી દોસ્તી કરજે અહીં,
જાતને શણગારવાનું, આપણાથી નહીં બને.
હું અઢી અક્ષરની વાતો જાણવા માંડ્યો બધી,
પણ તને સમજાવવાનું, આપણાથી નહીં બને.

તું ભલે વરસાદ જોજે બારીએથી દોસ્ત, પણ,
સાવ કોરા રહી જવાનું, આપણાથી નહીં બને.

આપણું અળગા થવું મંજુર રાખું પણ તને,
કાળજેથી કાપવાનું, આપણાથી નહીં બને.

મારી રીતે જીવને હું શીવ બનાવું છું પરંતુ;

રોજ પથ્થર પુજવાનું, આપણાથી નહીં બને.

.13.

જન્મ દઈ પહેરાવી ખુદની ચામડી,

રોજ સીવતી હુંફની બા ગોદડી.

એમ જોયું બા વગરનું ઘર અમે,

જળ ગયું ને કાંઠે રહી ગઈ નાવડી,

અમને ચાંચે ચણ ને પાંખે પીંછાં દઈ,

તું અચાનક કેમ બહુ ઊંચે ઊડી?

જીવતી ગીતા હતી બા કૃષ્ણની,

કર્મથી એ ના કદી છુટી પડી.

સાવ સાદું ને સરળ જીવન જીવી,

એણે પગમાં પહેરી ન્હોતી પાવડી.

હે પ્રભુ, હર જન્મમાં આ બા મળે,

તું કહે તે રાખું બાધા .આખડી,

હું કવીતા શું લખું ‘ધનુબા’ વીશે,

લ્યો, મને ઓછી પડી બારાખડી.

(‘ધનુબા’– સ્વર્ગવાસઃ 14/10/2006)

કવીના ગઝલસંગ્રહઃ ‘વહાલ વાવી જોઈએ’માંથી સાભાર...

ગૌરાંગ ઠાકર

સર્જન– પ્રથમ ગઝલસંગ્રહઃ ‘મારા હીસ્સાનો સુરજ’ પ્રકાશક અને વીક્રેતાઃ પોતે (સરનામું નીચે મુજબ),

પ્રથમ આવૃત્તીઃ 2006, પૃષ્ઠઃ 68, મુલ્યઃ 50 રુપીયા

બીજો ગઝલસંગ્રહઃ ‘વહાલ વાવી જોઈએ’ પ્રકાશક અને વીક્રેતાઃ ‘સાહીત્ય સંગમ’, બાવા સીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા, સુરત–395 001, Phone: 0261-259 7882, 0261-259 2563, પ્રથમ આવૃત્તીઃ 2010, પૃષ્ઠઃ 80, મુલ્યઃ 60 રુપીયા


કવી–સમ્પર્ક –

બી–103, શુકન એપાર્ટમેન્ટ, સહજધામ રો હાઉસ સામે,

અડાજણ, સુરત–395 009

ફોનઃ – 0261-273 5534, મોબાઈલ– 98257 99847

ઈ–મેઈલ : gaurang_charu@yahoo.com



197 : 01-08-2010

વર્ગખંડની બહારનું શીક્ષણ

– જીતેન્દ્ર દેસાઈ

અનુક્રમણીકા

મારું પ્રાથમીક, માધ્યમીક અને મહાવીદ્યાલયનું એમ બધું જ શીક્ષણ ગાંધીજીના શીક્ષણના પ્રયોગ જેવી નઈ તાલીમની પ્રાયોગીક શીક્ષણપદ્ધતીમાં થયું. એ શીક્ષણપદ્ધતીની એક વીશેષતા યા લક્ષણ હોય તો તે વર્ગની ચાર દીવાલો બહારનું શીક્ષણ યા ઘડતર. તેનું સાધન નાના–મોટા પ્રવાસો અને શીબીરો. શીબીરો પણ જુદે જુદે સ્થળે થાય એટલે પ્રવાસ બની જાય. વર્ગબહારનું આ શીક્ષણ યા ઘડતર કાયમી પ્રભાવ મુકી ગયું છે. સીત્તર થયાં મને, તોય સહાધ્યાયીઓ ભેગા થઈ જઈએ ત્યારે પ્રવાસ અને શીબીરનાં સંસ્મરણો વાગોળવા સમય ઓછો પડતો હોય તેમ લાગે છે.

પ્રાથમીક તથા માધ્યમીક શીક્ષણનાં વરસોમાં, વરસના અન્તે વેકેશનો પહેલાં, અઠવાડીયા–દસ દીવસનો પ્રવાસ ખરો જ. તે સીવાય શની–રવી ને ક્યારેક તહેવારના દીવસે સ્થાનીક પ્રવાસો થતા તે જુદા; તે પણ મહીને એક યા બે તો ખરા જ. હરીજન આશ્રમ, સાબરમતીનું પાવર હાઉસ, દુધેશ્વરનું વોટર–વર્કસ, કેમ્પનાં હનુમાન, ભીમનાથનું મન્દીર, હઠીસીંગનાં દેરાં ને વાડી, સ્વામીનારાયણ મન્દીર, અડાલજની વાવ, ઝુલતા

મીનારા, ચંડોળા તળાવ, કાંકરીયા અને નગીના વાડી, દરીયાખાનનો ઘુમ્મટ ને સરખેજનો રોજો, જેતલપુરનો મહમ્મદ બેગડાનો મહેલ ને કીલ્લો અને ત્યાંથી આગળ ઉંટડીયા મહાદેવ! બધું સીનેમાની પટ્ટીની જેમ આંખ સામેથી સરી જાય છે. નાના બગલથેલામાં નાસ્તાનો ડબ્બો સાથે લઈ, બબ્બેની જોડીમાં લાઈનસર, રસ્તાની કોરે કોરે ચાલતા જવાનું ને ચાલતા પાછા આવવાનું! ક્યારેક એએમટીએસની લાલ બસમાં એક તરફના પ્રવાસની છુટ મળતી ત્યારે આખી બસ અમારાથી ભરાઈ જતી. ત્યાંય સમુહગીતોની ગમ્મત ને અન્તકડીની હરીફાઈ જામતી!

આવા સ્થાનીક પ્રવાસો કરી માધ્યમીક શીક્ષણનાં વરસોમાં આખું અમદાવાદ અમે પગ તળેથી કાઢેલું એમ કહેવાય. એનો પ્રભાવ? આજે ઉપર જોયાં તે સ્થળોમાંના કોઈ એક પાસેથી પસાર થતાં એમ થાય કે આટલે દુર અમે બબ્બેની લાઈનમાં ચાલતા આવેલા! અલબત્ત, ત્યારે ચડતું લોહી હતું આજે તેવું નથી. તોય વીશ્વાસ ખરો કે આવી પડે તો આ શું, આનાથી વધારે અંતર ચાલી કાઢીએ. આ વીશ્વાસ એ પ્રવાસનો, સ્થાનીક પગપાળા પ્રવાસનો પ્રભાવ. વળી, આ દરેક સ્થળે ગયા હોઈએ તેનાં ખાટાંમીઠાં, ખટમધુરાં સ્મરણો પણ સ્મૃતીપટ પરથી પસાર થઈ જાય. જીવનના પુર્વાર્ધનાં આવાં સંસ્મરણો જીવનને જીવવા જેવું બનાવી રાખે છે.

માધ્યમીક શાળા એટલે કે વીનય મન્દીરનાં વરસોમાં બન્ને વેકેશન પહેલાં પંદરેક દીવસનો પ્રવાસ ગોઠવાતો. આબુ–અંબાજી, પાટણ–વડનગર, મોઢેરા–બહુચરાજી, ચાંપાનેર–પાવાગઢ, પાલીતાણા–શેત્રુંજય, સોમનાથ–વેરાવળ, દ્વારકા–પોરબંદર ને વચ્ચે હરીસીદ્ધ માતા. આ અમે આવા પ્રવાસો દ્વારા અમે ગુજરાત–સૌરાષ્ટ્રનાં ઐતીહાસીક અને ધાર્મીક તીર્થસ્થાનો અંકે કરી લીધેલાં. આ પ્રવાસોમાં અઠવાડીયા સુધી ચાલે તેટલો કોરો નાસ્તો સહુ સાથે લાવે. તેમાં સુખડી, થેપલાં, વડાં, ખારી પુરી, નાની ગોળ ગોળ ભાખરી, સાથે ગોળ ને છુંદો એવું બધા લાવે. પ્રવાસમાં સવાર–સાંજ જ્યાં રોકાણ થાય ત્યાં સહુ કુંડાળામાં બેસી, ડબ્બા ખોલી મોજથી ભુખ ઠારે. આ વાનગીઓમાં વાતોનાં વડાં સૌથી ચડી જાય તેવાં!

જ્યાં જમવાનું મળે ત્યાં એવું જમવાનું કે સાથે લાવેલો નાસ્તો બચે! જુનાગઢના પ્રવાસમાં એક ‘શારદા લૉજ’ હતી. તેમાં લગભગ બપોરે એકના અરસામાં અમારી ટુકડી પહોંચે. આ લૉજમાં અમે એક ટંકે બે ટંકનું જમી લેતા. લૉજવાળાય અમને આવેલા જોઈ ધમધોકાર કામે લાગી જાય અને સમજી જાય કે આ એક–બે રોટલી નહીં; પણ રોટલીની થપ્પી ખાનારા આવ્યા છે. યાદ રહી ગયું હોય તો તે એ કે અમને તે પ્રેમથી આવકારી સંતોષ થાય તેવી રીતે જમાડતા. હમણાં જુનાગઢ જવાનું થયું તો તે ‘શારદા લૉજ’ શોધી; પણ જડી નહીં.

પચાસેક વરસ પરની વાત, કેવી રીતે જડે? પણ જડી હોત તો એક ટંક જમવા જઈ પચાસ વરસ પહેલાંનું ભોજન, સ્થળ, પીરસનાર વગેરેને યાદ કરતાં કરતાં એકાદ રોટલી વધારે જમી લીધી હોત એ નક્કી.

આ પ્રવાસોમાં પ્રવાસ ઓછામાં ઓછા ખરચે એટલે કરકસરથી કરવાનો. આવી કરકસર આવે એટલે અગવડ પણ આંગળી પકડીને સાથે આવે. ત્યારે સંસ્કૃતીના પરીવ્રાજક કાકાસાહેબ યાદ આવેઃ ‘પ્રવાસ એટલે અગવડો વેઠવાની બાદશાહી ઢબ!’ આ વાત જેણે આત્મસાત કરી તેને જીવનના ઘણા પ્રસંગે અગવડ વેઠવાની આવે ત્યારે તે અગવડ, અગવડ લાગે જ નહીં. સગવડ–અગવડ વચ્ચેની ભેદરેખા જ ભુંસાઈ જાય. પ્રવાસનો આ પ્રભાવ અમારી ઉપર કાયમ રહ્યો. કરકસરના આ આગ્રહને કારણે મોટે ભાગે પ્રવાસી ટુકડીનો પડાવ પરીચીત શાળાની ઓસરીમાં કે છાત્રાલયના મોટા ખંડમાં રહેતો. ત્યાં પહોંચી પહેલું કામ વાળીઝુડી, સોઈ–ઝાટકીને એ જ જગ્યાને ચોખ્ખી–ચણાક બનાવી દેવાનું. પછી લાઈનસર પથારી પાથરવાની. પથારી એટલે એક જણ સુઈ શકે તેવી સાંકડી શેતરંજી, ઓઢવાનું, નાનું ઓશીકું કે બગલથેલાનું ઓશીકું. ઘણા તો તેય ટાળતા. પ્રવાસનો થાક એવો લાગ્યો હોય કે આ પથારી પરેય મીઠી નીંદર આવી જ જતી. આ પ્રવાસમાં ખપ પુરતી ઓછામાં ઓછી ચીજવસ્તુઓથી ચલાવી લેવાની જે તાલીમ

મળી તે પ્રવાસનો કાયમી પ્રભાવ ગણાય. ક્યાંક પાણીની તંગી હોય તો ઓછા પાણીથી વાસણ સાફ કરવાના કીમીયા ને સ્નાન ગપચાવીને પણ સ્વચ્છ રહેવાની આવડત પણ આ પ્રવાસે શીખવી.

એક વાર સૌરાષ્ટ્રના પ્રવાસમાં અમારું રાત્રીરોકાણ રેલવે સ્ટેશનના એક પ્લૅટફૉર્મ પર કરવું પડે એવી નોબત આવી. પ્લૅટફૉર્મના એક છેડે જગ્યા પસંદ કરી, સાફ કરી, અમે લાઈનસર શેતરંજી પાથરી સુવાની તૈયારી કરી લીધી. પ્લૅટફૉર્મ પરના મુસાફરો અમારી પ્રવૃત્તી કુતુહલપુર્વક જોયા કરે. પ્રાર્થના કર્યા વગર સુવાનું હોય કે! એટલે અમે અમારા શીક્ષક સાથે સમુહપ્રાર્થના કરી. ખાલી ડબ્બાના ઢોલકના તાલે સુંદર ભજન ગવાયું ને ઝીલાયું. રામધુન પણ ખરી અને જરા જોરથી જામી. પછી થોડો મનોરંજન કાર્યક્રમ પણ પીરસાયો. રસ્તા પર જાદુનો ખેલ જોવા ટોળું મળે તેમ પ્લૅટફૉર્મ પર પણ મુસાફરોનું ટોળું જામ્યું. કાર્યક્રમ પતાવી અમે સુવાની તૈયારી કરતા હતા ત્યાં મુસાફરોમાંનો એક મારી પાસે આવ્યો અને પુછયું, ‘ તમે બધા કોઈ અનાથ આશ્રમવાળા છો?’ એને શી ખબર કે નઈ તાલીમની પ્રાયોગીક શાળાના આ વીદ્યાર્થીઓ ‘અ–નાથ’ નહીં; પણ ‘બે– નાથ’વાળા છે! એક નાથ ઉપરવાળો ને બીજો રાષ્ટ્રપીતા મહાત્મા ગાંધી!

શીક્ષણમાં ચાર દીવાલના વર્ગખંડની બહાર આવા પ્રવાસ દ્વારા જે શીક્ષણ મળ્યું તેનો પ્રભાવ હરપળે યાદ આવે તેવો છે. જે વીદ્યાર્થીઓ આવી તાલીમથી વંચીત રહે છે તે. શીક્ષણનું એક મહત્ત્વનું પ્રદાન ગુમાવે છે. મારા દીકરા વીવેકનું શીક્ષણ ચીલાચાલુ સામાન્ય શાળા ને કૉલેજમાં થયું. પ્રવાસ દ્વારા જીવનઘડતરની તક તેને મળી નહીં. એટલે તે ગ્રેજ્યુએટ થયો તેની સાથે મેં તેને એક સુચન કર્યું: 'આપણાં સગાંસમ્બન્ધી ગુજરાત ઉપરાન્ત મહારાષ્ટ્ર, બીહાર, મધ્યપ્રદેશ એમ અડધા દેશમાં ફેલાયેલાં છે. તે બધાંને મળી આવ. પ્રવાસનો કાર્યક્રમ જાતે બનાવવાનો, રીઝર્વેશન ઈત્યાદી જાતે કરાવવાનાં ને કરકસરથી મુસાફરી કરવાની.' તેણે તે સ્વીકાર્યું. ગુજરાત, મહારાષ્ટ્ર, બીહાર, યુ.પી., એમ.પી.માં રહેતાં સગાંવહાલાંને તે મળી આવ્યો. જ્યાં જાય ત્યાં આજુબાજુનાં સ્થળો પણ જોયાં. એ પ્રવાસ પુરો કર્યા પછી તેણે જે કહ્યું તે પ્રવાસનો સાચો પ્રભાવ અને પ્રદાન: *'ત્રણ વરસના કૉલેજના શીક્ષણમાં હું જે શીખ્યો, તેનાથી ત્રણગણું હું આ ત્રણ મહીનાના પ્રવાસમાં શીખ્યો છું!'* *અસ્તુ...*

(ઑક્ટોબર–નવેમ્બર ૨૦૦૯ના 'નવચેતન'ના દીવાળી અંકમાં પ્રકાશીત થયેલો આ લેખ, તારીખ 16/3/2010ના 'નયા

માર્ગ' પાક્ષીકના અંકમાંથી લેખકશ્રી અને તંત્રીશ્રીની પરવાનગી અને સૌજન્યથી સાભાર.... ..ઉત્તમ ગજ્જર..)

સ્વ.– જીતેન્દ્ર દેસાઈ

મહાત્મા ગાંધી સ્થાપીત 'ગુજરાત વીદ્યાપીઠ, અમદાવાદ'ના પુર્વ કુલનાયક અને 'નવજીવન ટ્રસ્ટ'ના મુખ્ય વ્યસ્થાપક (મેનેજીંગ ડીરેક્ટર) અને ટ્રસ્ટી શ્રી. જીતેન્દ્રભાઈ દેસાઈ અનુવાદક, નીબન્ધકાર અને વાર્તાકાર તરીકે જાણીતા છે. એમનું પ્રવાસ–પુસ્તક 'વીદેશ વસવાટનાં સંભારણાં' બહુ વંચાયું ને વખણાયું છે.



198 : 15-08-2010

‘જીવન્ત’ માનવીનો પરાજય નામુમકીન

–ડૉ. મહેબુબ દેસાઈ

અનુક્રમણીકા

ભારતી શર્મા સાથે આમ તો મારો કોઈ ખાસ પરીચય નહીં; પણ તેમના પતી સંજય શર્મા પીએચડીના મારા વીદ્યાર્થી હતા. એ નાતે વર્ષો પહેલાં તેમણે મને તેમના ધંધુકાના ઘરે જમવા નોતર્યો હતો. એ સમયે ઉજળો વાન, ઘાટીલો દેહ, બોલકણી આંખો, હોઠો પર સ્મીત ધરાવતી પચ્ચીસેક વરસની યુવતી સાથે મારો પરીચય કરાવતા સંજયે કહ્યું હતું, ‘સર, આ મારી પત્ની ભારતી છે.’

અને તે દીવસે ભારતીએ મને પોતે બીનગુજરાતી હોવા છતાં પોતાના હાથે બનાવેલી સ્વાદીષ્ટ ગુજરાતી વાનગીઓ ભાવપુર્વક જમાડી હતી. બસ, ભારતી સાથેની એ મારી પ્રથમ મુલાકાત. એ પછી સંજય મને પીએચડીના કાર્ય અંગે મળતો. જ્યારે ભારતી મને ફોન પર મળી લેતી. એ વાતને દસેક વર્ષ વીતી ગયાં. છતાં ભારતીનો ઘાટીલો દેહ, નમણો ચહેરો, બોલકણી આંખો અને મધુર સ્મીત મારી સ્મૃતીમાં અકબંધ જળવાઈ રહ્યાં હતાં. દસેક વર્ષના અંતરાલ પછી અચાનક એક

દીવસ ભારતીનો ફોન આવ્યો. એ જ મધુર સ્વરમાં તે બોલી ઉઠી 'સર, મૈં ભારતી બોલ રહી હું. મુઝે ભુલ તો નહીં ગયે?'

'તુઝે કૈસે ભુલ સકતા હું? તેરા સ્વાદીષ્ટ ખાના અભી તક મુઝે યાદ હૈ.'

'સર, આપકો મેરી સ્કુલ કે વાર્ષીક ઉત્સવમેં આના પડેગા.'

ઘણાં વર્ષો પછી ભારતીનો અવાજ સાંભળી મને આનંદ થયો. છતાં સમયની સમસ્યાને કારણે મેં તેને ના પાડી. પણ એમ માની જાય તો ભારતી નહીં. અત્યન્ત પ્રેમભર્યા સ્વરે આગ્રહ કરતાં તે બોલી ઉઠી, 'આપ જબ કહેંગે તબ રખેંગે. પર આપકો હી આના હોગા.'

અન્તે મારી અનુકુળતા મુજબની એક તારીખ અમે નક્કી કરી. છેલ્લાં દસેક વર્ષમાં ભારતીએ 'ફીલ્ડ વ્યુ એકેડેમી' નામક એક નાનકડી સ્કુલ શરુ કરી હતી. ધન્ધુકાથી બેએક કીલોમીટરના અન્તરે અડવાળ રોડ પર એક નાનકડું મકાન સંજયે બનાવી આપ્યું હતું. તેમાં ભારતી શાળા ચલાવતી હતી. એ દીવસે હું એની શાળાએ પહોંચ્યો ત્યારે ભારતી દરવાજા પર મારી રાહમાં ઉભી હતી. મને જોઈ એ મારી કાર પાસે દોડી આવી.. હું તેને જોઈ નવાઈ પામ્યો. ઘાટીલા દેહને બદલે ભારતીની સ્થુળ કાયા મારી આંખોને ખુંચવા લાગી. ચહેરાની નમણાશ પર ચરબીના થર જામી ગયા હતા. ચમકતી બોલકણી

આંખો નીસ્તેજ હતી અને બન્ને આંખો કાળાં કુંડાળાંઓથી ઘેરાઈ ગઈ હતી. અલબત્ત, એના સ્મીતમાં એ જ મીઠાશ હતી. તેના આવકારમાં એ જ પ્રેમ હતો. મેં કારમાંથી બહાર નીકળી તેને પ્રથમ જ કહ્યું, 'ભારતી યે ક્યા હો ગયા આપકો? કહાં દસ સાલ પહેલેકી ભારતી ઔર કહાં આજકી ભારતી?'

મારા પ્રશ્નને સાંભળી ભારતી થોડી ખંચકાઈ. પછી બોલી, 'સર, વક્ત વક્તકા કામ કરતા હી હૈ!'

અને અમે બન્ને તેની ઑફીસમાં પ્રવેશ્યાં. ઑફીસમાં બેસી તેણે મને પોતાની નાનકડી સ્કુલ વીશે ઉત્સાહથી માહીતી આપી. ધન્ધુકા ગામની આસપાસનાં ગામો ધોલેરા, પીપળી, પોલારપુર, ભીમનાથ, કસકા, ઝીંઝર, અડવાળ, જાળીયા, ફેદરા, રાણપુર, નાગનેશ જેવાં ગામોમાંથી એકથી નવમા ધોરણના વીદ્યાર્થીઓ તેની શાળામાં આવે છે. બાળકો માટે ગામડે ગામડે ફરી તેમના વાલીઓને સમજાવવા અને એ પછી ગ્રામ્ય સંસ્કૃતીમાંથી આવતાં બાળકોનું અંગ્રેજી માધ્યમ દ્વારા ઘડતર કરવાનું કાર્ય કપરું છે. છતાં ભારતી એકલે હાથે તે કરતી, એગ્રેજી માધ્યમની તે શાળા હોવા છતાં ભારતીય સંસ્કૃતી અને સભ્યતાના પાઠો બાળકોને ભણાવવાની નેમ ભારતીના શબ્દોમાં ભાસતી હતી.

અત્યન્ત અપુરતી સાધનસામગ્રી વચ્ચે પણ ભારતીએ સુન્દર વાર્ષીક ઉત્સવનું આયોજન કર્યું હતું. વાર્ષીક ઉત્સવમાં

કોથળા દોડ, લીમ્બુચમચી દોડ, જેવી સ્પર્ધાઓમાં દોડતાં ભુલકાંઓને પ્રોત્સાહીત કરવા ભારતી પણ તેમની સાથે દોડતી. કોઈ બાળક દોડતાં દોડતાં પડી જાય ત્યારે ભારતી તેની પાસે દોડી જતી અને તેને પુનઃ દોડવા હીમ્મત આપતી. બાળક પુનઃ દોડતું થાય ત્યારે તેનો આનન્દ ભારતીના ચહેરા પર ઉપસી આવતો. આવી સ્પર્ધાઓ પછી ઈનામ–વીતરણનો કાર્યક્રમ યોજાયો. મારા હાથે દરેક ભુલકાને ઈનામો અપાયાં. પછી અમે ભારતીની ઑફીસમાં આવ્યાં. ત્યારે સંજય મને મળવા આવ્યો. એ સમયે ભારતી ઑફીસમાં ન હતી. એ તકનો લાભ લઈ મેં સંજયને ટકોર કરતાં કહ્યું, 'સંજય, તુમ ભારતીકા ખ્યાલ નહીં રખતે. દેખો ઉસકી હાલત ક્યા હો ગઈ હૈ?'

સંજય મારી ટકોર સાંભળી ગમગીન થઈ ગયો. તેની આંખોમાં ભીનાશ પ્રસરી ગઈ. તેની બદલાયેલી મુખમુદ્રાને હું અવાચક નજરે તાકી રહ્યો. એટલે સંજયે ધીમા સ્વરે મને કહ્યું, 'સર, આપસે ક્યા છુપાના, ભારતી વેજ્નર્સ ગ્રન્યુલોમેટોસીસ(Wegeners Granulomatosis)કી દર્દી હૈ. યે ઐસા રોગ હૈ જીસમેં ખુન કે ગઠ્ઠે હો જાતે હૈં. કીડની ઔર લીવર કામ કરના બન્ધ કર દેતે હૈં. ઈસકા કોઈ ઈલાજ નહીં. ડૉક્ટરોંને કહ દીયા હૈ જીતની જીન્દગી હૈ; ઉસે અપને તરીકે સે જી લેને દો. કલકી ખબર નહીં.'

હું સંજયની વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયો.

'ભારતી યહ જાનતી હૈ?' મેં થોડા સ્વસ્થ થતાં પુછ્યું.

'સર, ઉસે સબ પતા હૈ. વો કહતી હૈ, મૈં ઈસી બચ્ચોં કે સાથ ખેલતે ખેલતે મરના ચાહતી હું. ઐસી મોત અગર આ જાયે તો તુમ રોના મત.'

આટલું બોલતાં તો સંજય ભાંગી પડ્યો અને પોતાનાં આંસુઓને ખાળવા ઑફીસની બહાર દોડી ગયો. અમે આટલી વાત કરી ત્યાં તો ભારતી આવી ચડી. તેના ચહેરા પર એ જ મીઠી મુસ્કાન હતી. 'સર, મૈં આપકો મેરી સ્કુલ બતાના ચાહતી હું.' અમે બધાં તેની નાનકડી સ્કુલના રુમોમાં ફર્યાં. દરેક રુમને ભારતીએ જાતે શણગાર્યો હતો. લગભગ વીસેક મીનીટ રુમોનું નીરીક્ષણ કરી અમે બધાં બહાર આવ્યાં. એટલે મેં કહ્યું, 'ભારતી, અબ મુઝે ઈજાજત દીજીયે.'

'સર, આપકા બહોત બહોત શુક્રીયા, આપને મેરે લીયે ઈતના વક્ત નીકાલા. અગલે સાલ જીન્દા રહી તો ફીર આપકો હી બુલાઉંગી.' કાર સુધી સંજય અને ભારતી મને મુકવા આવ્યાં. કારમાં બેસતાં મેં ભારતીને કહ્યું, 'ભારતી, અપના ખ્યાલ રખના.'

મારી સામે એ જ મીઠું સ્મીત કરતાં ભારતીએ આકાશ તરફ નજર કરી. જાણે કહેતી ના હોય મેરા ખ્યાલ તો અબ

ઉપરવાલા રખેગા. મારી કાર અડવાળના ધુળીયા રસ્તા પર ડમરીઓ ઉડાડતી દોડવા લાગી અને ત્યારે અર્નેસ્ટ હેમીંગ્વેનું પેલું બહુ જાણીતું વાક્ય મારા હૃદયમાં વલોવાઈ રહ્યું હતુ: 'Man can be destroyed; cannot be defeated.'

–ડૉ. મહેબુબ દેસાઈ (લેખક ભાવનગર યુનીવર્સીટીમાં ‘ઈતીહાસ અનુસ્નાતક ભવન’ના અધ્યક્ષ અને પ્રૉફેસર છે)

તા. 1 એપ્રીલ 2010ના ‘નયા માર્ગ’ના અંકના પાન 13-14 પરથી લેખકશ્રી અને તંત્રીશ્રીની પરવાનગી અને સૌજન્યથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

લેખક–સમ્પર્ક: ડૉ. મહેબુબ દેસાઈ

‘સુકુન’, પ્લોટ–405/A, પ્રભુદાસ તળાવ, ભાવનગર–363 001

Phone: (0278) 243 9226 Mobile- 982 511 4848 eMail - mehboobudesai@gmail.com



199 : 29-08-2010

'એક સંડાસ બને ન્યારા'

– ડૉ. યોગેન્દ્ર વ્યાસ

અનુક્રમણીકા

થોડા દીવસ પહેલાં સવારે સાત વાગ્યે આંબાવાડી જેવા પોશ વીસ્તારમાંથી રીક્શામાં બેસી હું પસાર થતો હતો. મુખ્ય રસ્તાને અડીને આવેલા એક ગુલાબી મહેલ જેવા સરકારી મકાનની બાજુના મેદાનનો ખુલ્લા શૌચાલય તરીકે ઉપયોગ થતો જોઈને મને સાઠેક વરસ પહેલાંનું મારું બાળપણ યાદ આવ્યું.

ત્યારે અમે રેલવેના પાટાને અડીને આવેલા એક ભવ્ય મકાનમાં રહેતાં હતાં. ચાલીસેક ભાડવાત. કુટુમ્બ નીયોજન નહીં, તેથી દરેક ભાડવાતને ત્યાં સાત–આઠ વ્યકતીઓ. મકાનની સામે મેદાન. મેદાનને છેડે લાઈનમાં પાંચ સંડાસ. કોઈ મન્દીર કરતાંયે વધુ આ સંડાસમાં સતત અવર– જવર ચાલુ રહેતી. મોટા ભાગની સ્ત્રીઓ મધ્યાહ્ને જવાનું રાખતી. મને તો પ્રભાતે 'મલદર્શનમ્'ની તન્દુરસ્ત ટેવ પડી ગયેલી. ઉઠું કે તરત હાથમાં ડબલું લઈ ત્રીસ પગથીયાંનો દાદરો ઝટપટ ઉતરી, સો કીલોમીટરની ઝડપે સંડાસ સુધી પહોંચતો. મારી દોડ પાકી તેનું કારણ આ.(જો કે મીત્રો માને છે કે હું બીકણ

હોવાને કારણે મારી દોડ પાકી છે.) ત્યાં પહોંચીએ ત્યાં સુધીમાં ડબલામાંનું અડધું પાણી છલકાઈ ગયું હોય એટલે કાર્યક્રમ પત્યા પછી કરકસર કરવાની રહેતી. મારા કરકસરીયા(અને હરસનાં પણ કદાચ) સ્વભાવનાં મુળ આમાં. ક્યારેક ટીખળી નાનાભાઈએ રાતે ડબલાના તળીયામાં ખીલી મારી કાણું કરી રાખ્યું હોય ત્યારે એનો પહેલો શીકાર હું થતો. પણ વહેંચીને ભોગવવાની ભાવના, તેથી આ ડબલું 'લીક' થવાની માહીતી કોઈ 'લીક' નહીં કરતું. બાપુજીની સવારી નીકળવાની તૈયારી થાય એટલે નાનોભાઈ ડબલું બદલી નાખે.

ક્યારેક બધાં સંડાસ પર 'હાઉસફુલ'નું ન દેખાતું પાટીયું ઝુલતું હોય અને બહાર લાઈન આખી ઉંચીનીચી, આગળપાછળ થતી હોય તો બીજી પંદરેક મીટરની દોડ લગાવીને પહોંચી જવાનું રેલવેના પાટા પર. ત્યાં લાઈન લગાવીને લોકો બેઠા જ હોય. કોઈ વેઈટીંગ નહીં. બે પગ મુકી શકાય તેટલી જગ્યા મળે કે ઉભડક બેસી જવાનું. ત્યાં સમ્પુર્ણ સામ્યવાદ. ઉંચ–નીચ, જ્ઞાતી–જાતી, ધર્મ–સમ્પ્રદાય, બાળક–બુઢ્ઢાં, સ્ત્રી–પુરુષ બધાં સરખાં. કેટલાક છોકરાઓ તો આવી અસ્વચ્છ મુક્તીની હવા ખાવા જ પેલાં સંડાસ ખાલી હોય તોય ખાસ આ મુક્ત શૌચાલય સુધી લાંબા થતા. ખાસ વ્યુહાત્મક જગ્યા પસંદ કરીને, લાંબા સમય સુધી બેસી રહેતા. લોચનસુખની સાથે

સુરસુરીયાથી માંડી એટમબૉમ્બ સુધીના ધડાકાઓ સાંભળવાની અને મુળ માટીની સોડમની મઝા લેતા.

જો કે પેલાં પાંચ સંડાસની સ્થીતી પણ અંદર પાંચ–દસ મીનીટ સુધી ટકી શકાય તેવી નહીં જ. જાળાં–કરોળીયાં, મચ્છર–વંદા, માખી–ગરોળીઓની સંતાકુકડી સતત ચાલ્યા કરતી. ક્યારેક તમારા પગ પાસેથી પસાર થતા વંદાને ઝડપવા છત ઉપરથી સ્ટંટ–ક્વીન નાદીયાની જેમ ગરોળી સડસડાટ નીચે ઉતરે, વંદાને મોંમાં ઉપાડે અને તમે એ દીલધડક દૃશ્યથી ઉભા થઈ જાઓ ત્યાં તો પાછી ઉપર ચડી જાય. તમારો બાકીનો સમય વંદાનો તરફડાટ અને ગરોળીની એને ગળવાની મથામણ અવલોકવામાં જ પુરો થાય. મારી અવલોકનશક્તી(અને કલ્પના તથા વીચારશક્તી પણ) મુળ આવાં સંડાસોને કારણે જ કેળવાઈ. પછી તો કેટલાક સેવાભાવી યુવાનો અને દેશપ્રેમી સજ્જનોએ અમારા જેવા છોકરડાઓને સેક્સ–એજ્યુકેશન સરળતાથી મળી રહે એવા શુભાશયથી કોલસા, ચૉક કે ઢેખાળાથી દોરેલાં ચીત્રો અને કરેલાં લખાણો અને ચોંટાડેલી જાહેરખબરો વાંચવામાં સમય જતો. કેટલાક સંસ્કારરક્ષકો વળી એ ચીત્રો, લખાણો, જાહેરખબરો ધોઈ નાખવાની, ભુંસી નાખવાની, મીટાવી દેવાની ચેષ્ટા કરે; પણ બીજે દીવસ બધું 'હસ્તી મીટતી નહીં હમારી' કહેતું ત્યાં હાજર હોય. બેય પક્ષમાંથી કોઈ પક્ષ ક્યારેય થાક્યો હોય એવું યુગોથી

આખા જગતમાં નથી બન્યું તો ત્યાં ક્યાંથી બને? સંડાસ તો સમાજનું અસલી દર્પણ છે.

એ જમાનામાં ‘એક બંગલા બને ન્યારા’ ગીત બહુ ગવાતું; છતાં સપનાં જોવાની ઉંમર શરુ થઈ ત્યારે પહેલું સપનું ‘એક સંડાસ બને ન્યારા’ જોયેલું. ‘અપના ભી સંડાસ હો, સંડાસમેં પાની હો ઔર સંડાસ કે બાહર કોઈ ખટખટાનેવાલા ન હો’ એવું ગીત પણ બનાવેલું. ‘પોતાનો ઓરડો’નું પુસ્તક લખનારને, ‘પોતાના સંડાસ’નો અનુભવ કેવો સુખદ હોય તેની કલ્પના નહીં હોય, બીજું શું? સ્વતંત્રતાને સાઠ વરસ થયાં પછી પણ મુક્ત શૌચાલયમાં અમુક રીતે સંડાસ જવાની સ્વતંત્રતા હજુયે આ દેશમાં કરોડો પ્રજાજનો ભોગવે છે. મેરા ભારત મહાન!

–ડૉ. યોગેન્દ્ર વ્યાસ

લેખકના પુસ્તક ‘ચાલો, થોડું હસી લઈએ’ (પ્રકાશક– નવભારત પ્રકાશન મંદીર, 1914, હીંગલોક જોશીની પોળ, બાલા હનુમાન, ગાંધી રોડ, અમદાવાદ–380 001 ઈ–મેઈલઃ info@navbharatonline.com – પ્રથમ આવૃત્તી– 2007, પૃષ્ઠ– 184, મુલ્યઃ રુપીયા 100)પુસ્તકનાં પાન 58થી 60 ઉપરથી, લેખકના સૌજન્યથી સાભાર...

(ભાષાવીજ્ઞાની ડૉ. વ્યાસ, અમદાવાદની ગુજરાત યુનીવર્સીટીના ‘ભાષાસાહીત્ય ભવન’ના પુર્વ–ડીરેક્ટર.

ગુજરાતની શાળાઓમાં ભણાવાતાં પાઠ્યપુસ્તકો તૈયાર કરનાર ગાંધીનગરના શાળા પાઠ્યપુસ્તક મંડળમાં, 1976થી ગુજરાતીનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં બહુમુલ્ય સેવા આપે છે..)

–ડૉ. યોગેન્દ્ર વ્યાસ

સમ્પર્કઃ ૩૪૭–સરસ્વતીનગર, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫ ફોન–૦૭૯–૨૬૭૫ ૨૬૭૫

સંડાસ

–સ્વામી સચ્ચીદાનન્દજી(દન્તાલીવાળા)

1. પ્રાચીન ગ્રંથોમાં (રામાયણ, મહાભારત વગરેમાં) ક્યાંય સંડાસની વાત નથી આવતી એટલે તે સમયે સંડાસપ્રથા નહીં હોય.

2. બાથરુમની વાતો પણ ખાસ દેખાતી નથી; એટલે એવું લાગે છે કે લોકો જંગલમાં જતા હશે અને નદી–તળાવોમાં નહાતા હશે.

3. સંડાસ–બાથરુમ, મુસ્લીમ શાસકો લાવ્યા લાગે છે. સંડાસને પાયખાના અને બાથરુમને હમામ કહેતા. પણ તેનો પ્રચાર ઉંચા લોકો સુધી જ સીમીત લાગે છે.

4. પાયખાનાની શરુઆતથી દલીત કોમની પણ શરુઆત થઈ લાગે છે.

5. સદીઓ સુધી આ ઉઠાવ–પાયખાનાં પ્રચલીત રહ્યાં.

6. પશ્ચીમવાળા વીજ્ઞાન અને સગવડપ્રેમી; એટલે એમણે તેમાં પણ શોધો કરી અને સેપ્ટીક ટેન્ક બનાવી. સાંકળ ખેંચીને પાણીનો ધોધ છોડવાથી આપોઆપ સંડાસ સાફ થઈ જાય તેવી ફ્લશ ટેન્કની વ્યવસ્થા પણ કરી. તેને લોકભોગ્ય બનાવી, જેથી ખુબ પ્રચાર થયો.

7. હવે તો ઘરેઘરે જ નહીં; રુમેરુમે સંડાસ–બાથરુમની વ્યવસ્થા થઈ ગઈ છે. જો આવી વ્યવસ્થા ન હોય તો મકાન અધુરું લાગે. કોઈ લે જ નહીં.

8. પ્રાચીનકાળમાં દાનપુણ્યનાં ઘણાં ક્ષેત્રો બતાવ્યાં છે. પણ ક્યાંય સંડાસ બાંધી આપવાનાં દાનપુણ્યની વાત કરી નથી. કદાચ તેથી જ લોકો સંડાસ બાંધી આપવાનું કામ કરતા નથી. જો સંડાસ બાંધી આપનારને હજાર અશ્વમેધ યજ્ઞનું પુણ્ય લખ્યું હોત કે સ્વર્ગની અપ્સરાઓનું સુખ લખ્યું હોત તો આ દેશ ગંધાઈ ન ઉઠત; પણ તે તરફ કશું દાનપુણ્ય લખ્યું નથી.

9. મેં આફ્રીકાના નાનામાં નાના દેશમાં અને જંગલમાં રહેતા કાળાભાઈઓના કુબા પાસે પણ સંડાસ–બાથરુમ જોયાં છે. કોઈને જાહેરમાં એકી–બેકી કરતાં જોયાં નથી. તેનું કારણ ગોરાઓ છે. કાળા લોકો તો કોરો કાગળ હતા. તેથી તેમણે ગોરાઓની જીવનપદ્ધતી અપનાવી. તેનું આ પરીણામ છે.

10. આપણે કોરો કાગળ ન હતા. પ્રાચીનકાળનો ભવ્ય વારસો હતો અને તેના પ્રત્યે તીવ્ર અનુરાગ પણ હતો. તેથી ગુલામ રહેવા છતાં; જીવનપદ્ધતી તો આપણી જ રહી.

11. હવે પરીસ્થીતી બદલાઈ છે. પુષ્કળ વસ્તીવધારો થવાને કારણે અને શહેરીકરણ વધવાથી ઝુંપડપટ્ટીઓ વધી છે તેથી તથા હવે જંગલો ન રહેવાથી, કુદરતી હાજતે જવાની કોઈ સુવીધા રહી નથી. અકળાયેલાં દબાયેલાં નર–નારીઓ શરમ મુકીને જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જાય છે, જેથી પારાવાર ગંદકી થાય છે. તેની સફાઈની કોઈ વ્યવસ્થા નથી હોતી.

12. તીર્થોમાં, પવીત્ર નદીઓના ઘાટ ઉપર, મંદીરોમાં અને બધે જ કુદરતી હાજતે જવાની કોઈ વ્યવસ્થા નથી હોતી. તેથી જ્યાં જુઓ ત્યાં પારાવાર ગંદકી થયા કરે છે. આ આપણી શરમ છે.

13. લોકો ભવ્યાતીભવ્ય મંદીરો, મહાલયો, ઘાટો બાંધે છે પણ; સંડાસની વ્યવસ્થા નથી કરતા. કારણ કે તે બાંધવાનું કોઈ પુણ્ય–માહાત્મ્ય નથી આવતું.

14. સંડાસવ્યવસ્થા ન હોવાથી અને લોકોમાં ગમે ત્યાં બેસી જવાની કુટેવ હોવાથી, ‘મેરા ભારત મહાન’ ગંધાઈ રહ્યો છે, જે વીદેશીઓને તો દેખાય છે; પણ આપણને દેખાતો નથી.

15. હવે શું કરવું? આવી ને આવી પરીસ્થીતી ચાલુ રહેવા દેવી? ના, તો પછી શું કરવું?

16. એક નવું સંડાસપુરાણ લખાય અને તેમાં સંડાસ બાંધવાની ભવ્ય કથાઓ લખાય, જેના દ્વારા કયા કયા ઉત્તમ લોકોનાં, હજારો વર્ષો સુધી ભોગવાનારાં, ભવ્ય સુખોની વાતો લખાય. કથાકારો આ પુરાણને અને તેના સંદેશાને ગામેગામ પહોંચાડે. પ્રત્યેક સપ્તાહને અન્તે ફરજીયાત અમુક સંડાસો તો બાંધવાં જ જોઈએ તેવો મહીમા લખાય.

17. અરે, હું તો એથીયે આગળ કહું છું કે પહેલાં મોક્ષ જ્ઞાનથી, યોગથી, આત્મસાક્ષાત્કારથી કે પ્રભુભક્તીથી થતો; હવે માત્ર ને માત્ર સંડાસો બાંધવાથી જ મોક્ષ થાય છે તેવી માહાત્મ્ય–કથાઓ પ્રચલીત કરવી.

18. એક એવી પ્રચંડ ઝુંબેશ ચલાવવાની જરુર છે જેથી આ શરમાવનારો દુર્ગન્ધ મારતો પ્રશ્ન ઉકલી જાય.

19. મેં ગ્રીસ, ઈજીપ્ત વગેરે દેશોમાં બેથી ત્રણ હજાર વર્ષ જુનાં સંડાસો અકબન્ધ જોયાં છે. ૪૦–૫૦ માણસો લાઈનબન્ધ સમુહમાં બેસી શકે તેવાં આરસના પથ્થરોથી ચીકણાં સંડાસ, મળ–નીકાલની વ્યવસ્થા, પાણીની વ્યવસ્થા. અરે, સુગન્ધ ફેલાવનાર અત્તરની પણ તેમાં વ્યવસ્થા જોઈ છે. આપણે હવે તો કંઈક શીખીએ!

20. આ દેશને ખરેખર મહાન બનાવવો હોય તો સર્વ પ્રથમ તેને ગંદકીમુક્ત કરો, કુટેવોથી મુક્ત કરો, જગ્યાએ જગ્યાએ સંડાસો બન્ધાવો. મન્દીરો ઘણાં બન્ધાવ્યાં, હવે જ્યાં અનીવાર્ય

જરુર હોય ત્યાં જ બન્ધાવો. જ્યાં પ્રથમથી જ ઢગલાબન્ધ મન્દીરો છે ત્યાં નવાં–નવાં વગર જોઈતાં ન બન્ધાવો. તેમાં પણ કમર્શીયલ હેતુવાળાં તો ન જ બન્ધાવો. સંડાસ બન્ધાવો, સન્ડાસ બન્ધાવો, બસ, સંડાસ બન્ધાવો.

–સ્વામી સચ્ચીદાનન્દજી(દંતાલીવાળા)

સ્વામીજી એ લખેલા પુસ્તક ‘વાસ્તવીકતા’ (પ્રકાશક: ઉલ્લાસ મનુભાઈ શાહ, ગુર્જર પ્રકાશન, 202– તીલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ–380 006 ફોન: 079-2214 4663 email: goorjar@yahoo.com પહેલી આવૃત્તી–નવેમ્બર 2009, બીજી આવૃત્તી–જાન્યુઆરી 2010, પૃષ્ઠ–16+240, કીમ્મત રુપીયા–80)નાં પાન 35થી 38 ઉપરથી લેખકના સૌજન્યથી સાભાર...

લેખકનો સમ્પર્ક – ભક્તીનીકેતન આશ્રમ, દંતાલી, પોસ્ટબૉક્સ–19, પેટલાદ–388 450, જીલ્લો આણંદ ફોન: 02697–252 480



200 : 12-09-2010

ગઝલનો ગુલદસ્તો

–હેમાંગ જોશી

અનુક્રમણીકા

.1.

સાવ નાનું ઘર હશે તો ચાલશે,
મોકળું ભીતર હશે તો ચાલશે.

બીજાંની તકલીફ પણ સમજી જવાય,
એટલું ભણતર હશે તો ચાલશે.

હાથ જાણીતો ન હોવો જોઈએ,
પીઠમાં ખંજર હશે તો ચાલશે.

ધરતી કોરીકટ રહે તે કરતાં તો–
છાપરે ગળતર હશે તો ચાલશે.

હાથ લંબાવું અને તું હોય ત્યાં,
એટલું અંતર હશે તો ચાલશે.

પ્રાણ પુરવાનું છે મારા હાથમાં,
એ ભલે પથ્થર હશે તો ચાલશે.

.2.

માણસો ઘરનાં અચાનક પારકાં થૈ જાય છે,
ને અજાણ્યાં લોક બોલો, આપણાં થૈ જાય છે!

મહેલ ને સીંહાસનોથી કોણ સુખ પામ્યું અહીં?
મીત્ર આવે તે ઘડી ઘર દ્વારકા થૈ જાય છે.

સાંજની રંગીનતાને પામવા માટે જુઓ,
તેજ–છાયાના તફાવત પાતળા થૈ જાય છે.

રામની કે શબ્દની કોઈ સાધના સહેલી નથી,
બેસો તો ચારે તરફ અહીં રાફડા થૈ જાય છે.

કાગળો મંદીર અમારાં, શબ્દ સૌ ભગવાન છે,
આ કલમ ડગલું ભરે ત્યાં જાતરા થૈ જાય છે.

.3.

એના જવાબ પર ખરો દારો–મદાર છે,

મારો સવાલ બસ હવે અંતીમ જુગાર છે.

કરને હીસાબ આપણા સંબંધનો જરા;
મારું જમા શું છે અને શું શું ઉધાર છે?

મારે જ મોઢામોઢ એ પુછવું છે વૃક્ષનેઃ
વીંઝું કુહાડી તોય તું શાથી ઉદાર છે?

સંભળાય ના ટહુકા, ન ઝાલર, ન વાંસળી,
તારા નગરમાં આ ભલા, કેવી સવાર છે?

કુવા, તળાવમાંથી તો હીજરત કરી ગયાં,
જળનો શું ફકત આંખમાં વસવા વીચાર છે?

.4.

કેટલો વીશ્વાસ ઓઢી બેસવાનું હોય છે!
પ્રેમમાં તો શ્વાસ ઓઢી બેસવાનું હોય છે.

આગમન તો છે જ નક્કી એમનું અહીં એક દી',
આપણે ઉલ્લાસ ઓઢી બેસવાનું હોય છે.

પ્રેમની વહાલા, પરીક્ષા હોય છે બહુ આકરી,

મહેલમાં વનવાસ ઓઢી બેસવાનું હોય છે.

જીન્દગીને માણવી જો હોય સાચા અર્થમાં,

ભીતરે સંન્યાસ ઓઢી બેસવાનું હોય છે.

સુર્ય તો સાંજે જશે પણ હે કવી! તારે અહીં–

રાતભર અજવાશ ઓઢી બેસવાનું હોય છે.

.5.

ભીંતમાં પણ ક્યાંક બારી હોય છે,

કોઈ બાબત બધ્ધે સારી હોય છે.

એકલો હું ક્યાં કદીયે હોઉં છું!

તું ન હો તો યાદ તારી હોય છે.

યાદ તારી એટલે ગમતી હશે;

સ્વાદમાં એ સ્હેજ ખારી હોય છે!

એ જ બાબત અંતમાં ઘટના બને–

જે સતત મનમાં વીચારી હોય છે.

વૃક્ષ જેવું લાગે જ્યારે ઘર મને,
આંગણે કોયલ પધારી હોય છે.

.6.

જે થવાનું હોય છે તે થાય છે,
દોસ્ત, એમાં કેમ તું ગભરાય છે?
'દુ:ખ પછી સુખ આવશે, ધીરજ ધરો'
બોલવા ખાતર ખરું બોલાય છે!

લાલસા ને ભુખનાં ટોળાં તળે,
કોઈ નાજુક સ્વપ્ન રગદોળાય છે!

એમ કંઈ અત્તર બની જાતું હશે;
વાત તોયે કેટલી ચોળાય છે!

સાવ ખાલી થૈ જવાને ટાંકણે,
મારામાંથી જો, કશું છલકાય છે!

.7.

પોતપોતાની કહાણી હોય છે,
એકસરખું ક્યાંય પાણી હોય છે?

સાવ અમથું મન ઉડાઉડ ના કરે;
સ્વપ્નની ચકલી ભરાણી હોય છે.

વૃક્ષને મેં એમ કહેતાં સાંભળ્યાં:
મૌન સૌથી શ્રેષ્ઠ વાણી હોય છે.

મહેક ના પરખાય ઘરમાં ક્યાંય પણ–
આંગણામાં રાતરાણી હોય છે!

છેતરાઈને હસે છે જાત પર,
સજ્જનોની એ કમાણી હોય છે.

.8.

હાર યા જીત છે ભલા માણસ;
એ જ તો બીક છે ભલા માણસ!
છેક પાસે જ જઈને અટક્યો છે,
તોડ, એ ભીંત છે ભલા માણસ!

ચોતરફ જળ છતાં રહું છું, ત્યાં–
પ્રેમનો દ્વીપ છે ભલા માણસ!

ફક્ત છે લેણદેણનો સંબંધ,
નામ તો ઠીક છે ભલા માણસ!

માત્ર તારો વીચાર કરતો રે'–
આ તે કૈં રીત છે ભલા માણસ!

.9.

દાઢમાં ખુંચતી કણી પણ છે,
એમ સગપણમાં લાગણી પણ છે.

બે જ ઉપલબ્ધી છે સફરની અહીં,
સાથ છે ને સતામણી પણ છે.

યાદ ક્યાં રે' છે ફુલતી વેળા?
હોય જ્યાં ફુગ્ગો, ટાંકણી પણ છે.

આમ અજ્ઞાત મન થતું ખુલ્લું,
સ્વપ્ન–વર્તુળનું ને અણી પણ છે.

દોષ 'જોશી' બધો ન દુનીયાનો,
એક બે ભુલ આપણી પણ છે.

.10.

બંધનો હોય છે અનોખાં, જો!
રાખ ભેગા રહે છે તણખા, જો!

હોય સુખના તો રાખે વીવીધતા,
દીવસો દુઃખના એકસરખા, જો!

દાટી દીધા સમાધીમાં એ પણ,
'ગાંધી' તારા બધાય ચરખા, જો!

ભારે કેવા હશે! નર્યાં ખારાં–
આંસુમાં પણ ડુબે અભરખા, જો!

તુંય 'જોશી' લટાર મારી આવ,
શ્વાસ પહેરે હવે પગરખાં, જો!

.11.

સાચું કહું તો બેસવા માટે ચરણ નથી,
ચાલ્યા કરો ને યાર, અહીં કોનું મરણ નથી!

બળબળતું રણ અને વળી ઉગવાનું થોર પર,

ફુલે છતાં કહ્યું કદીઃ વાતાવરણ નથી?

ઈશ્વર કરે ને થૈ શકે પોલાણ ભીતરે,
બાકી પહાડમાંય ક્યાં વહેતું ઝરણ નથી!

વંટોળ પાડે પર્ણને તો માટી સાચવે,
છે કઈ જગા જ્યાં આપનું સાંઈ, શરણ નથી!

ઝીલી રહ્યાં છે 'જોશી' ગઝલ–ગંગા આ જુઓ,
કોણે કહ્યું કે કળીયુગે કૈં અવતરણ નથી?

* હેમાંગ જોશી *

કવી–સંપર્કઃ ૩૩, અજન્ટા નગર, સીદ્ધનાથ નગર સામે, ભરુચ–392 001,

મોબાઈલ – 96620 57127

E-mail: hemangjoshi@gnfc.in - hemangjoshi12@yahoo.com

@

‘સન્ડે ઈ–મહેફીલ’માં રજુ થઈ ચુકેલી રચનાઓની આવી દસ ઈ–બુક બનાવી છે. ભાગ ૧થી ૧૦. દરેકમાં પચીસ–પચીસ કૃતીઓ છે. આ ભાગ પછીના ભાગ જો તમને ન મળ્યા હોય તો તે મેળવવા લખો :

ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com સુરત

